॥ હરિ:ૐ ॥

# જીવનસ્મરણ

પૂજ્ય શ્રીમોટા

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનસ્મરણ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા, રાંદેર,
સુરત-૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૧ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૭ | ૫૦૦ |

❑ પૃષ્ઠ : ૨૮ + ૨૬૮ = ૨૯૬

❑ પડતર કિંમત : **રૂ.** ૩૦/-

❑ વેચાણ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સપ્રેમ સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના હરિઃૐ આશ્રમ, સુરતના પ્રારંભના બાંધકામમાં સ્વ. ભીખુકાકાની દોરવણી નીચે જે કોઈએ યથાશક્તિ સહયોગ આપ્યો હતો, તેમાં અતિ મહત્ત્વના એવા શ્રમદાનમાં અગ્રેસર રહેનાર,

અને સદ્‌ગત શ્રી ઝીણાકાકાની ઈચ્છાને આદેશ ગણી આશ્રમનાં નાનાંમોટાં કામ માટે તત્પરતાથી અને પૂરા સદ્‌ભાવથી સેવા આપનાર, તેમ જ

જેમના દીકરા શ્રી હરિભાઈએ આશ્રમના વ્યવસ્થાપક મંડળમાં ટ્રસ્ટીપદે રહીને સેવાઓ આપી છે,

ઉપરાંત

હાલની ૮૫ વર્ષની જઈફ ઉંમરે પણ આશ્રમનાં કામમાં ખપમાં આવવાની જેઓ ઝંખના સેવી રહ્યાં છે.

એવાં

માનનીય **શ્રી જસીબા ઠાકોરભાઈ સેલર**ને

અને

**એમના પરિવારને**

પૂજ્ય શ્રીમોટા વિરચિત **'જીવનસ્મરણ'**ની આ બીજી આવૃત્તિનું પ્રકાશન આદર સાથે સમર્પિત કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

ભાદરવા વદ-૪, સંવત ૨૦૬૩ — **ટ્રસ્ટીમંડળ,**
તા. ૩૦-૯-૨૦૦૭ — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

## સ્નેહી શ્રી ચંદ્રકાંત રતિલાલ મહેતાને

# સપ્રેમ સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

### (અનુષ્ટુપ)

નીકળ્યા ફૂટી ઓચિંતા, એકાએક ભૂગર્ભથી,
નીતર્યો દિલ-સંબંધ કો' નિમિત્ત પ્રકારથી. ૧.

કૃપાથી પ્રભુપ્રીત્યર્થ માંડેલ કર્મયજ્ઞ છે,
આહુતિ આપવા તેમાં શો આપનોય સાથ છે ! ૨.

હજારો હાથથી કેવી અપાયાં આહુતિ જતી,
યજ્ઞાગ્નિતણી જ્વાળાઓ આહુતિથી ભભૂકતી ! ૩.

શો સહકાર ને સાથ જાણે દેવા જ યજ્ઞમાં
-નિમંત્રેલા પ્રભુએ હો, એ રીતે શા પ્રવેશિયા ! ૪.

શી શી મુશ્કેલીઓમાંથી ઊંચે શા જીવને ચઢ્યા,
કસોટી કારમીકેવી-માંથી પસાર તો થયા ! ૫.

એકલા, અટૂલા તોયે શા ઝંઝાવાતથી પથે
ડગી, ડોલી ગયા ના છો, શું ગાંભીર્ય જીવને ! ૬.

કદીક જ્યાં ગયા હાલી નિરાશા કૈંક વ્યાપ્ત છે,
સહારો ગૂઢ શો જાગે ઓથાર તે ભગાડી દે. ૭.

નિર્ભીત શા રહ્યા પોતે વંટોળિયે ભયંકર
નાંખવા ઉથલાવી શા થયા પ્રયત્ન જીવન ! ૮.

પ્રભુએ જ રખાવ્યા છે દૃઢ, મક્કમ, સ્થિર તે,
શ્રદ્ધા તમારી એનામાં શક્યા ઊગરી તેથી તો. ૯.

હૂંફ, સહાનુભૂતિ ને ઓથ જીવનમાં મળે,
જેનાથી કરી પંથે તે આડોતેડો ન થૈ શકે. ૧૦.

તમારો સાથ એવાનો સાંપડવાથી જીવને,
સત્કર્મ-યજ્ઞમાં સાથ જીવતો શો મળ્યા કરે ! ૧૧.

એવાનો બદલો કેવી રીતે વાળી શકું શું હું ?
'જીવનસ્મરણ' અર્પી થાઉં કૃતાર્થ દીન હું. ૧૨.

- મોટા

॥ હરિ:ૐ ॥

# સંપાદકીય

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા રચિત **'જીવનસ્મરણ'** ગઝલસંગ્રહ પ્રગટ થાય છે, એ મારે માટે એક ઘણી જ મહત્ત્વની ઘટના છે.પૂજ્ય શ્રીમોટાએ સહજપણે-**લીલયા** જ, આ ગઝલો રોજની એક હિસાબે મને લખી મોકલાવી એમાં, મારી એ અંગેની માગણી તો નિમિત્તમાત્ર છે, પણ એમાં એમનો અનુગ્રહ જ વિશેષ છે.

પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારના અનુગ્રહનું સ્મરણ થયા જ કરે છે. આ પળે એ પ્રકારનું સ્મરણ થતાં મને મારા જીવનનાં પાછલાં વર્ષોની સંસ્કાર પરંપરાનુંય સ્મરણ થાય છે, કેમ કે પૂજ્ય શ્રીમોટાના સંસર્ગ પછી મારી સમગ્ર ધર્મવિષયક સમજણમાં જબ્બર પરિવર્તન થયું છે અને એ પરિવર્તનનું વિશેષ મહત્ત્વ છે.

આપણા સરેરાશ પરિવારોમાં ધર્મનીતિની એક સંસ્કાર પરંપરા રહેલી છે. એમાં સેવાપૂજા, કથાકીર્તન વગેરે આચારો રૂઢિગત બનીને આપણને ધર્મપરાયણ રખાયાનો આપણામાં સંતોષ રખાવે છે. હું પણ મારી ૫૭ વર્ષની વય લગી આવી એક પરંપરાગત ધર્મરૂઢિમાં રહ્યા કર્યો, પણ ૧૯૬૭ની આખરમાં પૂજ્ય શ્રીમોટાના સંસર્ગમાં આવવાનું બન્યું, એ પછી એમની સાથેની પ્રશ્નોત્તરીમાંની અને ક્વચિત્ એમનાં પ્રવચનોમાંની જે ભાવભરી વાણી મને સમજાતી ગઈ, ત્યારથી એમ સમજાયું કે રાગદ્વેષાદિ પ્રાકૃતિક વલણોને મોળાં પાડવાં એ ધાર્મિક કે નૈતિક વલણ માટે સૌથી પ્રાથમિક આવશ્યકતા છે. રાગદ્વેષાદિ મોળા પડે એ માટે, એવા જ હેતુ માટે ભગવાનના નામનું સ્મરણ એ એક મુખ્ય સાધન છે. આ બાબત ઘણી જ સરળ લાગતી હોવા છતાં, હું એની પ્રતીતિ કરી શક્યો ન હતો, એ એક હકીકત છે.

સેવાપૂજા આદિ ધાર્મિક ચેષ્ટાઓ પાછળનો હેતુ સ્પષ્ટ થતો ગયો અને જીવન વિશેની એક લાક્ષણિક સભાનતા પ્રગટવા લાગી. આમ થવાનું મુખ્ય કારણ એ પૂજ્ય શ્રીમોટા સાથેનો સંસર્ગ છે, એ મારે નમ્રભાવે જણાવવું રહ્યું. હું 'હરિઃૐ'નું સ્મરણ-જપ કર્યે જવા લાગ્યો, કેમ કે પૂજ્ય શ્રીમોટાએ મને એક પત્રમાં સ્પષ્ટ સમજાવ્યું કે,

'સ્મરણ, પ્રાર્થનાદિ ને કીર્તનો ભજનોતણો
-શો રાજમાર્ગ છે ! પોતે સહેજે જે આચરાય છે!

બીજાં જે સાધનો હો, છો શીઘ્રતા બતલાવતાં,
ભૂમિકા કિંતુ તે કાજે સર્વની યોગ્ય ના સદા.

જપાદિ સાધને તેથી મંડ્યા જવું નિરંતરે,
વધારે કાળ તો ગાળ્યા, તેમાં કરો જ નિશ્ચયે.'

'ભગવદ્ગીતા'માં યજ્ઞોમાં **'જપયજ્ઞ'**ને જ શ્રેષ્ઠ ગણ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણની જ વાણીનો જાણે ગુજરાતી ભાષામાં અવતાર હોય એવી એક પંક્તિ પૂજ્ય શ્રીમોટાએ એમના એક ફોટા હેઠળ મને લખી આપી. એ પંક્તિએ પણ મને ખૂબ અસર કરી.

**'સ્મરે જે કો મને જેમ, તેને સ્મરું હું તે રીતે.'**

આમ, સ્મરણનો મહિમા મારા અંતરમાં સમજાતો જતો હતો, પણ આ સમજનો મુખ્ય આધાર પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિ જ હતી, એ પણ મને સાથે જ સમજાયા કરાતું હતું. સ્મરણ કરતાં કરતાં જીવનની સભાનતા પ્રગટતી જતી હતી. પૂજ્ય શ્રીમોટાએ બીજી એક જે પંક્તિ મને લખી આપી, એ પણ ખૂબ સૂચક છે.

**'મહત્ત્વ પ્રભુને આપ્યા ભાવથી કરજો તમે,**
**પ્રભુને ઘડવા દેજો ઘાટ એને ગમે હૃદે.'**

આથી, આ જે લખું છું, એ સંપાદક તરીકેના મારા નિવેદન નિમિત્તે પ્રભુભાવનું મહત્ત્વ વ્યક્ત કરવાના આશયથી જ, એ મારે હૃદયના ખરા ભાવથી કહી દેવું રહ્યું. સભાનતા-જાગૃતિ અને કર્મનો આખો પટ બદલાયા કરે છે. એમાં વ્યક્તિ તરીકે મારું કશું જ મહત્ત્વ નથી. મહત્ત્વ પ્રભુનું જ છે. એના સ્મરણથી કેવી કેવી બાબતો પ્રગટે છે, એનો અનુભવ એનું સ્મરણ કરનારને થાય છે.

મેં કદી કાવ્ય સાહિત્ય વાંચ્યું નથી અને જે કંઈ લખ્યું છે, એ પણ મારા ધંધાને લગતું જ. કાવ્ય અંગે મને લેશ પણ ખ્યાલ નથી. આમ છતાં પ્રભુનું નામસ્મરણ મારા હૃદયમાં એક પ્રબળ ઊર્મિ જન્માવે છે અને મારો હૃદયભાવ ભજનની લયબદ્ધ પંક્તિઓમાં અભિવ્યક્ત થાય છે.આ સહજ ઘટના મારે માટે ખૂબ મહત્ત્વની બની રહી. આ પ્રકારનાં ભજનો સ્ફુરે, એ દ્વારા જે સ્તુતિ થાય અને આત્મનિવેદન થાય, એથી દિલ ખૂબ હળવું બને અને આનંદિત થાય. વળી, આવાં ભજનો ભાવ પણ ટકાવી રખાવે. પ્રભુસ્મરણનો મહિમા વ્યક્ત કરવા મેં આ વાત અહીં વ્યક્ત કરી, એમાં મેં વ્યક્તિગત કશી પ્રગતિ કરી દીધી છે, એવું વાચક લેશ પણ ન માને, પણ મારા જેવા આધ્યાત્મિક વિષય અને માર્ગના છેક અનભિજ્ઞ માણસ માટે આ અનુભવ મહત્ત્વનો છે.

આમ થવાનું કારણ પૂજ્ય શ્રીમોટાનો પ્રેમભાવ છે. પૂજ્ય શ્રીમોટા ઘણાં જ કાર્યોમાં રોકાયેલા હોવા છતાં, સૌ સ્વજનોને કેવો એકસરખી રીતે પ્રેમ કરે છે, એ સૌના અનુભવની વાત છે. એ પ્રેમ જ આપણને સૌને પ્રેરે છે અને બધી રીતે માર્ગદર્શક બને છે.

પૂજ્ય શ્રીમોટાએ યોજેલી ગુણભાવવિકાસક યોજનામાં સક્રિયપણે સહાયભૂત થવામાં પણ આવા વિલક્ષણ પ્રેમભાવનો

અનુભવ થાય છે અને એ પ્રેમ જીવનને ઘડવામાં માર્ગદર્શક બની રહે છે. આ જમાનાની આ એક અદ્‌ભુત ઘટના છે.

પૂજ્ય શ્રીમોટાએ મારી વિનંતીને માન આપી રોજ એક એક ગઝલ લખી મોકલવાનું સ્વીકાર્યું. હું રોજ એમની ટપાલની આતુરતા અને ઉત્કટતાપૂર્વક રાહ જોઉં. અને એક ગઝલ લખેલું પોસ્ટકાર્ડ આવે એટલે તરત જ એમાં લખેલી ગઝલ વાંચું. એ વાંચતાં મને અવર્ણનીય આનંદ થતો અને એ આનંદ ઉમળકો હરિસ્મરણમાં વળી જતો. પૂજ્ય શ્રીમોટાએ એમની આ ગઝલોમાં હરિસ્મરણ, ચરણ, શરણ અને હુકમપાલન જેવાં સાધનોનો ભાવાત્મક ખ્યાલ આપ્યો છે. આ ગઝલોને મેં જે રીતે માણી છે અને જે ભાવ અનુભવ્યો છે, એવો ભાવ સૌ કોઈ અનુભવે અને પોતાના જીવનને અજવાળવા માટે સભાન થાય એવા ઉદ્દેશથી આટલી અંગત વાત વિગતે લખી છે અને આ ગઝલોનું પ્રકાશન કર્યું છે.

પૂજ્ય શ્રીમોટાએ લખેલી ગઝલોનું સંપાદન કરવામાં મને નિમિત્ત બનાવ્યો, એ બદલ નમ્રભાવે એમને પ્રણામ કરું છું. અને આ ગઝલોનું વાચન વાંચનારાઓમાં જીવનની સભાનતા, સાધનની નિરંતરતા અને પ્રભુ પ્રત્યેની પ્રેમભાવના પ્રેરે અને પ્રગટાવે એવી શ્રીપ્રભુને ચરણે પ્રાર્થના કરી વિરમું છું.

‘ગીતાજંલિ’, **કાંતિભાઈ કાંટાવાળા**
સરદાર પટેલ સ્ટેડિયમ સામે,
અમદાવાદ-૧૪
તા. ૧૮-૯-૧૯૭૧

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

શ્રી રમણભાઈ અમીને (એલેમ્બિકવાળા, વડોદરા) **'જીવનઅનુભવગીત'** નામે મારી લખાયેલી ગઝલોનો સંગ્રહ છપાવવાનું કર્યું, તે વેળાએ શ્રીમતી ડૉ. કાંતાબહેન રામભાઈ પટેલે મને વિનંતી કરી કે 'મોટા, મને પણ તમે રોજ એક એક ગઝલ પોસ્ટકાર્ડમાં લખી મોકલો અને એવી બસો સોળ ગઝલ થતાં હું પણ તેનો સંગ્રહ છપાવવાનું જરૂર કરીશ.' તે ઉપરથી શ્રીપ્રભુકૃપાથી ગઝલો લખવાનું શરૂ થયું.

એમ ડૉક્ટર કાંતાબહેન પટેલ ઉપર લખવાની ગઝલો લગભગ પૂરી થવા આવી. તે વેળા અમદાવાદમાં શ્રી કાંટાવાળા સાહેબને ત્યાં હતો, ત્યારે વાતવાતમાં કહેવાયું કે 'ચાલો, હવે **આ** ગઝલો લખવાનું કામ શ્રીભગવાનની કૃપાથી પૂરું થયું.' ત્યારે શ્રી કાંટાવાળા સાહેબે કહ્યું કે 'મોટા, ત્યારે મને પણ તમે રોજ એક એક ગઝલ લખો અને તમારે જેટલી લખવી હોય તેટલી લખો અને તે બધી ગઝલોનો સંગ્રહ હું જરૂર છપાવીશ. આમ, તેમને પણ **આ 'જીવનસ્મરણ'** નામથી છપાય છે, તેમાંથી લગભગ બસો સાઠેક જેટલી હશે, તે ત્રણચાર કટકે-એક સામટી લખાઈ ગઈ છે.

ખરેખર ઉત્કટમાં ઉત્કટ ગરજ પ્રગટ્યા વિના, ગરજના વિષયમાં **પ્રાણ** પ્રગટી શકતો હોતો નથી. તેથી, કોઈ પણ વિષયમાં આપણાં મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ તો જ પરોવાય છે, જો તે પરત્વે ખરેખરી ગરજ લાગતી જતી હોય છે. ગરજ લાગ્યા વિના ગરજના વિષય પરત્વે આપમેળે દિલ પરોવાઈ શકતું નથી. શ્રીપ્રભુકૃપાથી **આ જીવ**ને શ્રીભગવાનને અનુભવવાની જે **ગરજ**

લાગી હતી, તેની કંઈક ઝાંખી **ગરજ** પરત્વે લખાયેલી ગઝલોમાં થાય છે. **ગરજ** જાગે છે અને લાગે છે, ત્યારે જ તે પરત્વે એકધારું જીવતુંજાગતું મંડેલું રહી શકાય છે. એમ જે સતત એકધારું મંડ્યા રહેવાય છે, ત્યારે તેમાંથી જે **રસ-નિષ્પત્તિ** ઝરે છે, તેથી તો શ્રેયાર્થીને તે પછી એમાં યાહોમ કરીને સંપૂર્ણપણે ઝંપલાવવાનું દિલ આપોઆપ પ્રગટી જતું હોય છે. દિલમાં દિલથી દિલ જ્યારે એકરસ થઈ મસ્તીથી ભળે, મળે અને ગળે છે, ત્યારે જીવનમાં જે એક નશીલી મસ્તી પ્રગટે છે, તેની લગની, લહેજત અને મજા કોઈ અનેરાં હોય છે.

શ્રેયાર્થીના જીવનના ઊર્ધ્વ આરોહણના વિકાસમાર્ગમાં પણ કેટકેટલા ભયંકર અવરોધો પ્રગટતા હોય છે અને તે વેળા કેવાં કેવાં ખમીર, ખુમારી, ટટારી અને એવા કારમા સંગ્રામનો સામનો કરવાને જે ઉત્સાહ, ખંત, ઉદ્યમ, સાહસ, હિંમત, ધૈર્ય, ટેકીલાપણું, આત્મવિશ્વાસ એવા એવા કેટલાય ગુણો એના જીવનમાં ચેતનાત્મક ભાવે કેળવાય એની જરૂર પડે છે ! તેવા ગુણોની સમગ્રતાની જીવંત શક્તિ વડે શ્રેયાર્થી પેલા અવરોધોનો સામનો કરવા સમર્થ બને છે. તે પડે છે, હારે છે અને કોઈ વાર તૂટી પણ પડતો હોય છે, તેમ છતાં એવી વેળાએ પણ તે શ્રીભગવાનને હારતાં હારતાં, તૂટી પડતાં, તૂટી પડતાં અને મરતાં મરતાં પણ હૃદયમાંથી હૃદયના આર્ત અને આર્દ્ર ભાવે સતત એકધારો પ્રાર્થનાનો પોકાર પાડ્યા જ કરતો હોય છે. અને જેમાં ને તેમાં શ્રીભગવાનને હૃદયમાં હૃદયથી (જીવંત) સામે ને સામે એકીટશે નજર સમક્ષ ધરાવ્યા જ કરતો હોય છે.

તે વેળાએ એવા શ્રેયાર્થીએ નજર સમક્ષ રાખવાનો શ્રીભગવાન કેવા સ્વરૂપનો હોય, એમ વાચકને થશે. એવા ભગવાનરૂપે તે વેળાએ તો હું મારા સદ્‌ગુરુને સામે ને સામે જ રાખ્યા કરતો

હતો, અને જે તે બધું **एने** આત્મનિવેદન કર્યાં જ કરતો. જે ને તે બધું જે જે થયા કરતું-પાંચ કર્મેન્દ્રિયથી, પાંચ જ્ઞાનેન્દ્રિયથી અને પાંચ મનાદિ કરણોથી જે જે થયા કરતું, તે તે બધું **एने** આત્મનિવેદન ભાવે સમર્પ્યાં જ કરતો. એવા આત્મનિવેદનનો તે પછીથી એવો જીવંત ચેતનાત્મક અભ્યાસ પડી ગયેલો કે કંઈ જ કશું **एना**થી છાનું રહી શકતું જ નહિ. **एने** જે તે બધું કહેવાઈ જાય અને તે તે પણ તે તે પળે જ, ત્યારે હૈયામાં હૈયાથી જંપ નિરાંત વળતાં. આવા જીવંત સતતવાહી અભ્યાસથી પરસ્પરનું હૃદયમાં હૃદયથી હૃદયનું જે આત્મસગપણ જીવતું થાય છે, એનો સ્પષ્ટ, ચોક્કસ ખ્યાલ બીનઅનુભવીને આવી શકવો દુર્લભ છે.

સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન, સમર્પણયજ્ઞ, સન્મુખતા-એવાં એવાં કેટલાંય સાધનોનો અભ્યાસ સતત કર્મ કરતાં કરતાં જ થયે જતો હતો, તે પણ શ્રીભગવાનની પરમ કૃપા જ હતી. અને એવા સતત ચાલુ રહ્યા કરેલા અભ્યાસ યજ્ઞમાંથી જીવનવિકાસ માર્ગમાં બીજાં કેટલાંય ગૂઢ સાધનો મળ્યાં કર્યાં હતાં.

જે પરત્વે એકધારા સતત મંડ્યા જ રહેવાયા કરાતું હોય, અને તે મૂળમાં તો અદમ્ય જ્વાળામુખીની જેવી જિજ્ઞાસા જ્યારે પ્રચંડપણે ઝળહળતી બળ્યાં જ કરેલી હોય છે, ત્યારે તેવા વિષયનું હાર્દ તેવા મથતાને મળ્યા વિના રહી શકતું નથી.

એવું સતત એકધારું મથ્યા જ કરવાનો મરણિયો નિશ્ચય અને તેમાં યાહોમ કરીને ઝંપલાવવાનાં સાહસ, હિંમત આદિ ગુણોની પણ એટલી જ આવશ્યકતા રહેલી છે. ઝંપલાવ્યા વિના ઊંડે ને ઊંડે અંતરમાં ઊતરી શકાવું અશક્ય છે. આ હકીકતની ઝાંખી વાચકને આ **'જીવનસ્મરણ'**ની ગઝલોમાંથી થશે.

**જીવ**દશાનાં વમળોમાં કેવી કેવી રીતે ભરાઈ પડવાનું થતાં, તેવાં વમળોમાંથી મુક્ત થવા કેવું કેવું મથવાનું બન્યું, તેવી જ્ઞાનભક્તિયુક્ત અને ધ્યેયના હેતુની સભાનતાવાળી જાગૃતિથી, જે ભારે સંગ્રામની, મથામણની અંતરમાં અંતરથી જે સૂક્ષ્મ પ્રક્રિયા પ્રવર્ત્યા કરેલી, તેનો ઇતિહાસ આમાંની શરૂ શરૂની ગઝલોમાં આલેખેલો છે.

શ્રીપ્રભુકૃપાથી તે **જીવ**દશાના કાળમાં સાધનામાં એકાગ્રભાવે જે પરોવાઈ જવાનું બન્યું હતું, તેવા કાળમાં **આ જીવ**થી તેવાં તેવાં વલણોમાંથી છૂટવાને દિલમાં દિલથી દિલની જાગૃતિપૂર્વકની જે લડાઈ જીવંત ચાલ્યા કરી હતી, તેની પણ કથા તે તે ગઝલોમાં વ્યક્ત થયેલી છે.

તુલસીદાસ અને સુરદાસ આદિ ભક્તોએ પોતાનાં ભજનોમાં **'मैं पतितन में नामी'** એવું મસ્ત ભાવથી ગાયું છે, તે હકીકત પણ સમજવા જેવી છે. પોતે શ્રીપ્રભુની ચેતનામાં પ્રતિષ્ઠિત થયા કેડે જ્યારે તેવો જ્ઞાનીભક્ત-કવિ પોતે જ્યારે વિહંગાવલોકનથી ગત જીવનને પરખે, ત્યારે હાલના અનુભવાતા પ્રત્યક્ષ ચેતનાત્મક જીવનની સરખામણીમાં તે **જીવ**દશાવાળું જીવન ખરેખર 'पतितन में नामी' જેવું જ, તે તે મહાન જ્ઞાનીભક્તને લાગ્યું હોય, તો તેમાં કશું પણ નવાઈ જેવું નથી.

મારા જીવનની તેવી ગાથા આ ગઝલો દ્વારા જે વ્યક્ત થયેલી છે, તેનો જો કંઈ જશ હોય, તો આ રીતે શ્રીપ્રભુકૃપાથી જેઓ આવું લખાવવાને પ્રેમથી પોતે નિમિત્ત બન્યાં છે, તેને ફાળે જાય છે. **જીવ**દશાના સાધનાકાળમાં **જીવ**દશાનાં જે જે વલણોમાં કેવું કેવું ઝૂઝવું પડ્યું હતું અને યાહોમ કરીને તેમાં ઝુકાવવાનું શ્રીપ્રભુકૃપાથી પ્રગટ્યું હતું, તેવી બધી હકીકતનું દર્શન પણ તેવી તેવી ગઝલોમાં સ્પષ્ટ રીતે વ્યક્ત થયેલું છે.

સ્મરણને **આ** લેખકે જે રીતે દોહરાવ્યું છે, તે વાંચીને સહૃદયી વાચકને હૃદયમાં લાગ્યા વિના નહિ જ રહે કે લેખક સ્મરણને કેવા ભાવે અને કેવી રીતે પોતે ઝોડની પેઠે ભાવથી વળગેલો હતો, અને સ્મરણથી તેનો જીવનવિકાસ કેવાં કેવાં વલણોમાંથી પસાર થતાં થતાં કેવો કેવો થયા કર્યો, તેની પણ કથની તેવી તેવી ગઝલોમાં વ્યક્ત થયેલી છે.

**આ જીવે** જીવનમાં જુદા જુદા તબક્કામાં જે જે તપ અને સંગ્રામ ખેલ્યાં છે, તે બધી હકીકતની જાણ **આ** સંસારમાંના કેટલાય માનવીઓને આજે પણ છે.

શ્રીપ્રભુકૃપાથી અભય, નમ્રતા, મૌન અને એકાંતની સાધનાની પરમ, ચરમ કક્ષાએ પહોંચાયા વિના, સાધનાના ઉચ્ચતમ ક્ષેત્રમાં દૈવાસુર સંગ્રામમમાં જે દૈવી શક્તિના બળની જરૂર પડ્યા કરતી હોય છે, અને તેવું બળ તો સાધનાના માર્ગમાં જેઓ અવિરતપણે એકધારા ધ્યેયના હેતુને જીવનમાં જીવંત સાકાર થવા દેવા અને તેને અનુભવવા જેમને મરણિયો નિશ્ચય પ્રગટેલો છે, તેવા મરજીવાને કેમ મળી રહેતું હોય છે અને એવા મરજીવા જે ખેલ ત્યારે શ્રીપ્રભુકૃપાથી ખેલે છે અને જે આનંદભાવમાં રેલે છે, તેની કંઈક ઝાંખી પણ કેટલીક ગઝલોમાં વ્યક્ત થયેલી છે.

મારા જીવનના સાધનાના વિકાસ માર્ગમાં **હુકમ**નું કોઈ અનેરું અને આગવું સ્થાન છે. અને **હુકમ**નું કેવું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું જીવતું પાલન કરેલું છે, તેની ઝલક પણ તે પ્રકારની ગઝલોમાં વ્યક્ત થયા વિના રહી શકી નથી. વળી, અનુભવદશાની હકીકતો પણ તે તે ગઝલમાં વ્યક્ત થઈ છે.

જીવનવિકાસની સાધનાનો ઈતિહાસ ભલે ન લખાયો હોય, પરંતુ **આ** ગઝલો સાધનાના તેવા ઈતિહાસની કંઈક આછીપાતળી ઝાંખી કરાવી જશે ખરી.

**આ** શરીર પડવાનું છે અને એ તો નિશ્ચિત હકીકત છે. તે વેળાએ શ્રીપ્રભુકૃપાથી આવું લખવાનું જે પ્રભુદત્ત નિમિત્ત મળ્યું છે, તેને હું શ્રીપ્રભુની મહેરબાની લેખું છું. અને જે **જીવ** એવું નિમિત્ત બન્યો, એને હું મારા જીવનનું સદ્ભાગ્ય અને સૌભાગ્ય ધારીને, તેવા **જીવ**નો હૃદયથી અહેશાનમંદ થાઉં છું.

શ્રીપ્રભુકૃપાથી **આ જીવે** આ સાધનાના વિકાસ માર્ગે જે મથામણ કરી છે, તે કેટલાય **જીવે** જાતે જોયેલી હકીકત છે. કોઈ સાધુ હિમાલયની ગુફામાંથી આવીને તેમના જીવનની કોઈક તેવા પ્રકારની હકીકત કહે, તો તે હકીકતને આપણે માનવી પડે, જ્યારે **આ જીવ**ની સ્થિતિમાં તેવું મુદ્દલે નથી. **એણે** તો આ જ સંસારમાં રહીને મળેલું પ્રત્યેક કર્મ કરીને શ્રીપ્રભુપ્રીત્યર્થે જીવનવિકાસના હેતુની સભાનતાથી જે કર્મયજ્ઞ કર્યા કરેલો છે, અને તે પણ સંસ્થાની મુખ્ય જવાબદારીના પદે રહીને, તે તે કર્મથી કેટલાયને સંતોષ પ્રેર્યો છે, તેની હકીકત શ્રી ઠક્કરબાપા વગેરેની પ્રસ્તાવનામાંથી વાચકને તાદૃશપણે તેવી યોગ્યતા પુરવાર થવાને મળી રહે તેવું છે. અંતમાં આ પરત્વે સૌ સ્વજનોને નીચેનું સંબોધન કરી વિરમું છું.

જીવનપથ ચાલતો જે છે ખરે ! તેનાંય લક્ષણ છે,
ખરેખર ચાલતાનો શો પરિશ્રમ ઑર બોલે છે !

● ● ●

જીવનમાં આવતી જે જે મુસીબતને સ્વીકારીને
-કરીને સામનો એનો વિજયમાં ફેરવાવાને
-હૃદયના પ્રાર્થનાભાવે પદે પોકાર પાડીને,
સમર્પ્યાં તે કરી સઘળું જીવે જે, તે જીવન પામે.

**-મોટા**

॥ હરિઃૐ ॥

# 'જીવનસ્મરણ સાધના' પુસ્તકની પ્રસ્તાવનામાંથી

## (પ્રથમ આવૃત્તિ)

જેમ $H_2O$ હકીકતને સર્વ કોઈ પ્રયોગસિદ્ધ હકીકત તરીકે સ્વીકારે છે, તેવી જ રીતે અનેક દેશના, અનેક સમાજના, અનેક ધર્મના, અનેક જુદી જુદી સંસ્કૃતિના, જુદા જુદા માનવીઓએ પ્રયોગ કરી યાહોમની ભાવનાથી ઝંપલાવી, સર્વ રીતે અને સર્વ ભાવે સંપૂર્ણ સમર્પણમાં તદાકાર થઈ જઈ, જે સત્યને અનુભવ્યું અને જીવનમાં વણી લીધું અને તેના શક્તિબળ વડે જીવ્યા, તે સમાજના ઇતર જનોને પણ તેવી તેમની અસરથી પ્રભાવિત કરી, જીવનનો નવો રાહ બતાવવામાં અને નવા રાહે ચલાવવામાં તેઓ પ્રત્યક્ષ ક્રિયાશીલ, સર્જનશીલ બનેલા છે, તે પણ એક ઐતિહાસિક હકીકત છે. તે તો આવા મહાનુભાવોના જીવનના તે તે કાળે તેમના જીવનના તેવા પ્રેમભક્તિ જ્ઞાનપૂર્વકના સમર્પણના પ્રયોગો પણ સંપૂર્ણ વૈજ્ઞાનિક નથી શું ? વિજ્ઞાને જે પ્રયોગો કરી કરી સિદ્ધ કરી, જગતને પ્રત્યક્ષ તેવું તેવું સત્ય પુરવાર કરી આપ્યું છે, તેવી જ રીતે જીવનનું નવનીત તારવી તારવી સમાજને એવા મહાનુભાવોએ પોતાના જીવનના તેવા પ્રત્યક્ષ સમર્પણના પ્રયોગો વડે કરીને જગતને અને સમાજને તેનાં પ્રત્યક્ષ દર્શન-અનુભવ કરાવેલાં છે. એવાં પ્રત્યક્ષ જ્ઞાનભક્તિભાવે પ્રગટેલાં જીવન એ શું પ્રયોગો નથી ?

એવા લોક પોતે તો જીવનમાં જીવનથી બદલાયા છે, એ તો પ્રત્યક્ષ હકીકત છે. એટલું જ નહિ પરંતુ તેવા લોકની જીવનની અસરથી બીજા લોકના જીવનને બદલાવાપણાની અસર પણ તેમણે ઉપજાવી છે. અનેક નકારાત્મક વલણવાળા જીવનને પણ તેવા

આત્માઓએ નવો પલટો પ્રગટાવવામાં અનેરો વેગ પ્રગટાવ્યો છે, તે પણ ઐતિહાસિક હકીકત છે.

શ્રીપ્રભુનું સ્મરણ એટલે ભાવનાત્મક જપ દ્વારા જીવનને પલટાવવાની એક પ્રકારની સૂક્ષ્મ પ્રક્રિયા એમાં શ્રદ્ધાની જરૂર છે ખરી, પણ જેનામાં, તે ન હોય તેનામાં પણ તે જન્માવી શકે છે.

કોઈકને તર્ક ઊઠે કે જપથી વળી કામક્રોધાદિ કેમ કરીને મોળા પાડી શકાય ? એનો જવાબ તો એ જ કે, જે કોઈ તેમાં યાહોમ કરીને ઝંપલાવે અને જપને પ્રેમભક્તિની નિષ્ઠામાં જો જીવંત પ્રગટાવી શકે તો તેવાને તેની ખબર પડી જ શકે. તેવી હકીકત કેટલીય વાર પ્રવચનોમાં જણાવેલી છે, તે નીચે મુજબ છે :-

પાંચ તત્ત્વ છે-આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી. પ્રત્યેક તત્ત્વની તન્માત્રા નીચે મુજબ છે :-

આકાશ - શબ્દ : વાયુ - સ્પર્શ : તેજ - રૂપ : જળ - રસ : પૃથ્વી - સુવાસ.

હવે, આ પાંચ તત્ત્વોને ત્રણ ગુણની સાથે સંબંધ છે. સત્ત્વને આકાશ સાથે, રજસને વાયુ અને તેજ સાથે, તમસને જળ અને પૃથ્વી સાથે. શબ્દ અને આકાશ પરસ્પર સંપૂર્ણપણે સંકળાયેલાં છે, તે પરસ્પર જુદાં હોવા છતાં એક જ છે. જેમ પ્રકાશ અને સૂર્ય, ગરમી અને અગ્નિ.

શબ્દ આદિ અનાદિથી છે. એવા ચેતનના પ્રતીક શબ્દમાં જ્યારે જીવંત નિરંતરતા, અખંડતા, સળંગતા પ્રગટે છે, ત્યારે અંધારામાં આકાશતત્ત્વ ખીલે છે, મોખરે આવે છે. હવે, આકાશતત્ત્વને અને સત્ત્વને પરસ્પર સંબંધ હોવાથી, જ્યારે આકાશતત્ત્વ ખીલે છે અને મોખરે પ્રગટે છે, ત્યારે આકાશના ખીલવાના સાથે સાથે સત્ત્વગુણ પણ ખીલવા માંડે છે, અને સત્ત્વગુણ ખીલવા માંડતાં અને સત્ત્વગુણ મોખરે જીવતો થતાં રજસ તમસ ગૌણ બનતા જતા હોય છે.

કામક્રોધાદિક વિષયો તો રજસ અને તમસ ગુણને આધારે હોય છે. એટલે જ્યારે રજસ, તમસ ગુણો મોળા પડે, ત્યારે આપમેળે કામક્રોધાદિક મોળા પડે છે. આમ, ચેતનાત્મક ભાવવાચક શબ્દમાં જ્યારે જીવંત સહજ નિરંતરતા, અખંડતા અને સળંગતા પ્રગટે છે, ત્યારે કામક્રોધાદિક, રાગદ્વેષને મોળા પાડવાનું કે પડી જવાનું શ્રેયસાધકને કશું ઝાઝું મુશ્કેલ પડતું નથી. એનું મૂળ કારણ તો એ છે કે એવા ચેતનવાચક શબ્દમાં જ્યારે જીવંત સહજ અખંડતા પ્રગટે છે, ત્યારે સમગ્ર આધારમાં એક એવા પ્રકારની A distinct kind of Awareness-એક વિશિષ્ટ જીવંત સહજ સભાનતા પ્રગટે છે. એના વડે કરી તેને પોતાના ધ્યેય પરત્વેનો વિવેક એટલો બધો સજીવ પ્રગટી જાય છે કે જેથી તે સત અસતનો પાકો નિર્ણય કરી શકે છે. એટલું જ નહિ પરંતુ ધ્યેયથી વિરોધનું જે જે કંઈક હોય તેનાથી નોખા થતાં તેને વાર લાગતી નથી. એવી વેળાનો તેનો વિવેક એ તો પૂરેપૂરો ધ્યેય પરત્વેનાં દષ્ટિ, વૃત્તિ અને વલણવાળો, જીવંત, ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ અખંડપણે સભાનતાયુક્ત સદાય ચેતનવંતો, પળેપળનો સહજ જાગ્રત રહ્યા કરે છે. એવો જીવંત, સહજ, ક્રિયાશીલ, ગતિશીલ અને સર્જનશીલ વિવેક પ્રગટતાં શ્રેયસાધકનાં દષ્ટિ, વૃત્તિ અને વલણ એકધારાં સહજપણે સદાય પળેપળ ધ્યેય પરત્વે જ વર્તેલાં, પ્રગટેલાં થઈ જતાં હોય છે.

મંત્ર શબ્દમાં એવી જીવંત સહજ સભાનતા જાગ્રત થતાં એમાંથી એક એવા પ્રકારની ભાવપ્રેરક સંનિષ્ઠા જન્મે છે કે એવી સહજ જીવંત સંનિષ્ઠામાંથી અનંતગણા ગુણ અને શક્તિ પ્રગટ્યાં કરે છે, ત્યારે ગુણને કેળવવાની જરૂર હોતી નથી. એવી ઉપરોક્ત સંનિષ્ઠાનું તો ગુણ અને શક્તિ પરિણામ હોય છે.

શ્રેયસાધકના આધારમાં એવી સંનિષ્ઠા જ્યાં સુધી પ્રગટેલી

નથી, ત્યાં સુધી તેવા સાધકે ગુણ અને શક્તિ કેળવવાની પણ તેટલી જ જરૂર હોય છે.

પ્રભુનું સ્મરણ થાય, પરંતુ જો રાગદ્વેષાદિક મોળા ન પડી શક્યા હોય, તો તેવા સ્મરણનો ઉઠાવ થઈ શકતો નથી, તે પણ એટલું જ સાચું છે. સામાન્ય **જીવ** અખંડ, જીવંત, સળંગપણે પ્રભુ-સ્મરણમાં લાગી જઈ શકે એવું તો બની શકવું શક્ય હોતું નથી. એ તો **જીવ**ને Volcanic Aspiration જાગે છે, એવી જે જ્વાળામુખીના જેવી ઉત્કટ ધ્યેય પરત્વેની તમન્ના જાગે છે, તેવા **જીવ** જ શબ્દની નિરંતરતામાં પ્રગટી શકવાના છે અને આવા **જીવો** તો અત્યંત લઘુતમ સર્જક લઘુમતીમાં જ (Microscopic creative Minority) હોવાના. આમ, સામાન્ય **જીવ** માટે તો નામસ્મરણ કે જપ તેના જીવન વિકાસ માટે ઉત્તમમાં ઉત્તમ, સરળ, નિર્દોષ, નિર્મળ સાધન હોવા છતાં એવા જપની સાથે સાથે એણે એમાં ચેતન પ્રાણ પ્રગટી શકે તે માટે રાગદ્વેષાદિક મોળા પાડવા કાજે મથવાપણું રહેવાનું જ. તે તેમ કરી શકે તો જપમાં ઉઠાવ આવી શકે છે.

કોઈ પણ વિષયનું હાર્દ પામવું હોય તો તેમાં તેણે યાહોમ કરીને સંપૂર્ણપણે ઝંપલાવવાનું રહે છે. સંપૂર્ણ રીતે, સંપૂર્ણભાવે તેના સમર્પણભાવમાં લીન થયા વિના તેનું હાર્દ પામવું કદી શક્ય નથી.

જીવન શેને માટે, જીવનનો મૂળભૂત હેતુ શો. આવા અંતર્ગત પ્રશ્ન જેના દિલમાં જ્યાં સુધી પ્રત્યક્ષ જીવંતપણે પ્રગટેલા નથી, એવા **જીવો**ને **જપ**માં ચેતનપ્રાણ પ્રગટી શકવાની શક્યતા બહુ ઓછી ગણાય.

શબ્દમાં જ્યારે ચેતનપ્રાણ અને ભાવપ્રેરક જીવંત સહજ સંનિષ્ઠા પ્રગટે છે, ત્યારે તેનાં કરણો-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ વિશેષ ને વિશેષ તેજસ્વી અને સૂક્ષ્મ બનતાં જતાં હોય છે. તેમના તેમના વિહારનો પ્રદેશ ધ્યેય પ્રતિ લઈ જતો કોઈ નિરાળો

જ હોય છે. એવી સંનિષ્ઠામાંથી જે ચેતનપ્રેરક શક્તિ પ્રગટે છે, તેવી શક્તિ વડે પછી તો શ્રેયસાધક દૈવાસુર સંગ્રામને ખાંડાની ધારે પૂરેપૂરી સભાનતાથી અને મર્દાનગીથી ખેલી શકતો હોય છે. આવા પ્રકારનો શ્રેયસાધક પછીથી તો સંગ્રામવીર બને છે. એની ભાવના તો પછી પ્રચંડ શક્તિ બની ગયેલી હોય છે. એવી ભાવના જ્યારે આધારમાં પ્રગટે છે, ત્યારે એવી જીવંત સહજ ભાવનામાંથી ગુણશક્તિ તો પ્રગટ્યાં જ કરે, એટલું જ નહિ પરંતુ કળા, સૌંદર્ય,વ્યવસ્થિતિ વગેરે વગેરે જેવાં જીવનનાં પ્રધાન Aspects સ્વરૂપો પરત્વે પણ તેની સભાનતા ખીલતી જતી હોય છે, અને આમ તે સત્યમ્, શિવમ્, સુંદરમ્ પરત્વેની દિશામાં અનુભવની ભૂમિકામાં પ્રગટતી થઈ શકે છે.

પ્રભુસ્મરણમાં કે તેવા પ્રકારના જપમાં જ્યારે સહજ નિરંતરતા અને સળંગ સાતત્ય પ્રગટી ઊગે છે, ત્યાર પછીથી જ આરાધના પ્રત્યેક કરણમાં ઊર્ધ્વીકરણની એક સાહજિક સર્જક અને ક્રિયાશીલ સતત જીવંત પ્રક્રિયાનો પ્રારંભ થાય છે.

(A spontaneous, creative dynamic and continuous Process of sublimation begins.)

ભાવના પ્રગટેલી હોય છે, તેનાં પણ પ્રત્યક્ષ લક્ષણો છે, એ પારખી પણ શકાય. ભાવના પ્રગટતાં હૈયાસૂઝ, પ્રત્યેક કર્મનું વિવેકજ્ઞાન વગેરે બધું એનામાં પ્રગટ્યા વિના રહી શકતું નથી. ભાવના એ તો સર્વ પરત્વે પ્રકાશ પાડનાર, તેના તેના સ્વરૂપને ઓળખાવનાર અને તેના તેના મર્મનું દર્શન કરાવનાર પ્રચંડ શક્તિ છે. એવી ભાવના જે જે સત્કારવાનું, સ્વીકારવાનું હોય છે, તેને તેને પ્રેમથી સત્કારે અને સ્વીકારે છે. એવી ભાવના તો શ્રેયસાધકનાં જ્ઞાનનાં ચક્ષુ હોય છે. એવી જીવંત સહજ ભાવનામાં જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય અને સુમેળ જન્મતો હોય છે. ભાવના જેમ ભક્તિપ્રેરક છે, તેમ તે જ્ઞાનપ્રેરક પણ છે અને કર્મથી જ્ઞાન અને ભક્તિને તે સાકાર પમાડે છે.

ભાવનાયુક્ત શબ્દની સાધનાથી હૃદયની સંપૂર્ણ એકાગ્રતા ઊગે છે. હૃદયની સંપૂર્ણ એકાગ્રતા પ્રાપ્ત થયા વિના ધ્યેયનું હાર્દ પકડી શકાતું નથી. એકાગ્રતા કેંદ્રિત થવાથી વસ્તુની સાથેનું હૃદયપૂર્વકનું તાદાત્મ્ય સાધી શકાય છે.

જપની Technique (પદ્ધતિ અને ગુણમાપ) : જપ ટૂંકામાં ટૂંકો હોવો જોઈએ.

જપમાં અઘોષ (Hard) અક્ષરો ન હોવા જોઈએ. જે જપ બોલવામાં ઘણો ઘણો સરળ હોય તે ઉત્તમ.

શબ્દનાં ત્રણ સ્થળ : નાભી, કંઠ અને બ્રહ્મરંધ્ર. એ ત્રણેને સ્પર્શે અને ભેદે એવા અક્ષરો જે જપના શબ્દમાં હોય તે શ્રેષ્ઠ.

શ્વાસોશ્વાસ સાથે અથવા નાડીના ધબકારા સાથે જપમંત્ર બોલાવો જોઈએ.

જપના મંત્રમાં ગંગાના પ્રવાહ જેવી સતત એકધારી જીવંત સહજ નિરંતરતા પ્રગટે, ત્યારે જ અંતઃકરણ અને આંતરિક કરણોને યોગ્ય ધ્યેય પરત્વેના માર્ગે વાળવામાં તે સાચો મદદગાર થઈ પડે છે.

જપમાં નિરંતરતા પ્રગટે તે અત્યંત જરૂરનું છે. તે પ્રગટે તો તો ચેતનદ્યોતક ભાવ ઊગવાનો જ.

જપ જેટલો ઊર્મિથી, લાગણીથી અને ભાવનાથી લેવાય તેટલો ઉત્તમ.

માનસિક જપ ઉત્તમ એ વાત ખરી, પરંતુ શરૂઆતમાં સામાન્યતઃ કોઈ પણ મનમાં તો જપ ન કરી શકે, કારણ કે મન તો સંકલ્પવિકલ્પ જ કરી શકે. દ્વંદ્વ અને ગુણની ભૂમિકાવાળું મનનું (functioning) કાર્ય તો સંકલ્પવિકલ્પનું જ હોય. તે વિના તે બીજું ન કરી શકે. જ્યારે જપનો સતત દૃઢ અનુરાગભર્યો જીવતો ચેતનવંતો અભ્યાસ પ્રગટી જાય, અને એમાં એકધારી સહજતા

અને નિરંતરતા પ્રગટે ત્યારે જ મનમાં જપની ધારણા ઊગે છે.

અનેક પ્રકારના આઘાત પ્રત્યાઘાતને લીધે આપણા શરીરના જ્ઞાનતંતુઓમાં કંપ પેદા થાય છે. એવા કંપના પ્રકાર પણ જુદા જુદા હોય છે. જુદા જુદા પ્રકારના કંપથી શરીરમાં જુદું જુદું સંવેદન ઉદ્‌ભવતું હોય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહમ્ વગેરેના ઉત્કટપણાથી અમુક પ્રકારના આવેશ અને આવેગ પ્રગટે છે, અને તેના આઘાત પ્રત્યાઘાતોથી જ્ઞાનતંતુમાં જુદા જુદા પ્રકારના કંપ પ્રગટે છે. આધારમાં એક પ્રકારની સમતાથી સમતોલપણું હોય છે, તેમાં આવા પ્રકારના કંપ ગેરવ્યવસ્થા પ્રગટાવે છે, અશાંતિ-અસમાનતા ઉપજાવે છે અને તેથી કરીને જ્ઞાનતંતુની સરળતાયુક્ત વ્યવસ્થિતિનો ભંગ થયા કરવાથી જ્ઞાનતંતુની કાર્યક્ષમતા ઘટતી જાય છે અને તેમની ધારણાશક્તિ ઘટતી જાય છે. સમત્વ તૂટે છે, સમતોલપણું ઘટે છે અને તેથી કરી રોગાદિ થાય છે. જપ કે મંત્ર એકધારો નિરંતરતાપૂર્વકનો હૃદયથી લેવાયા કરાતો હોય તો તેવા મંત્રની ધારણાથી જ્ઞાનતંતુઓ પ્રાણવાન (Toned up) બને છે. તેનાથી જ્ઞાનતંતુઓમાં સમતા, શાંતિ, સમતોલપણું આદિ પ્રગટે છે. એવાં શાંતિ, સમતોલપણું અને સમતા જ્ઞાનતંતુમાં પ્રગટીને એની ટોચ ઉપર પહોંચે છે, ત્યારે શરીરના રોગ પણ તે નિવારી શકવાની શક્યતામાં પ્રગટી શકે છે. જપમાં એટલા માટે ગંગાના પુનિત પ્રવાહના જેવી સતત એકધારી, સળંગ નિરંતરતા પ્રગટવી એ ઘણી જરૂરની હકીકત છે. જ્યારે જપમાં એવી ભાવાત્મક નિરંતરતા ઊગે છે, ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ના પ્રાકૃતિક વલણો ને ધ્યેયને યોગ્ય મઠારવામાં પ્રેરણાત્મક અને કાર્યસાધક બને છે. મનના સંકલ્પવિકલ્પો ઘટી જાય છે. ચિત્તનો સાત્ત્વિક પ્રકારનો સંસ્કાર જન્મે છે. પ્રાણની કામક્રોધાદિક વિષયોની સ્ફુરણામાં આપોઆપ ઘણી ઘણી મંદતા પ્રગટે એવી સ્વાભાવિક

ભૂમિકા પ્રગટે છે. બુદ્ધિમાં સમત્વ પ્રગટીને તેની ધારણા તેને અખંડપણે રહે છે અને **અહં** જે પહેલાં **જીવ**દશામાં દ્વંદ્વાદિક અને ગુણાદિક વિષયોમાં રોકાયેલું રહ્યા કરતું હોય છે, તે હવે તેમાંથી અટકીને ચેતન પરત્વેના જ્ઞાનપ્રેરક અભ્યાસમાં ગતિ કરવાને પ્રેરાયેલું રહ્યા કરે છે.

જપમાં શ્રદ્ધા જરૂરી ખરી, પરંતુ એમ તો પ્રત્યેક કંઈક કશું સાકાર કવાને તે વિષયના કર્મને પરિપૂર્ણપણે પાર ઉતારવાને માટે તે કર્મ પરત્વેની શ્રદ્ધા અનિવાર્ય છે.તેવી શ્રદ્ધા વિના તેવું થઈ શકતું હોતું નથી.

જપમાંથી જન્મેલી શ્રદ્ધાના પ્રાણથી જે લાગ્યું, તેને અક્ષરદેહમાં મૂક્યું છે. એ વાંચતાં વાંચતાં એ પરત્વે કેટલો વિસ્તૃત ઊંડો અભ્યાસ થયો છે, તે સમજાય છે. આ જપ ઉપરનું લખાણ અભ્યાસપૂર્ણ અને જ્ઞાનયુક્ત પણ છે. જપને બધાં પાસાંથી વિચારવાનું કર્યું છે. એવું બધું જો જપની ભાવનામાં ન પ્રવર્તેલો હોત, તો કદાચ ન બની શક્યું હોત.

જપ એક અમોઘ દૈવી શક્તિ છે, એ તો એના પ્રયોગોમાં જેમણે યાહોમ કરીને ઝંપલાવ્યું છે અને એમાં સર્વ રીતે અને સર્વ ભાવે સમર્પણ કરેલું છે, એવા પ્રયોગવીરને પણ સમાજ ભાગ્યે જ સમજી શકે તો અનુભવી તો શકે જ કેમ ?

હરિઃ ૐ આશ્રમ, નડિયાદ — **મોટા**

તા. ૨૬-૧૦-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના આ **'જીવનસ્મરણ'** અને આવાં એમનાં બીજાં કાવ્યોનાં (જોડકણાંનાં) પુસ્તકો છપાયાં છે અને છપાતાં આવે છે, તે ઉપરથી એમની સાધના વિકાસનો કંઈક પરિચય થતો રહેશે.

શ્રી કાંતિભાઈ કાંટાવાળાએ પૂજ્ય શ્રીમોટાને **'સ્મરણ'** ઉપરની ગઝલો લખી મોકલી આપવાની વિનંતી કરીને આ રીતે વ્યક્ત થવાનું જે નિમિત્ત આપ્યું અને તે નિમિત્તે જે આ બધી ગઝલો લખાઈ છે, તે કાજે તથા તેઓશ્રીએ આ પ્રકાશનનો બધો ખર્ચ ઉપાડી લીધો છે, તે માટે ખરા હૃદયથી શ્રી કાંટાવાળા સાહેબનો અમો આભાર માનીએ છીએ.

શ્રી સોમાભાઈ ભાવસારે સુવાચ્ય અક્ષરોએ આ બધી ગઝલો ઉતારી આપી, તેનાં મથાળાં કરી, ક્રમવાર ગોઠવીને તેને પુસ્તકાકારે છપાવવા યોગ્ય સ્થિતિમાં ગોઠવી આપી, તે માટે તેમનો ખરા હૃદયથી અમો આભાર માનીએ છીએ.

શ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ તેમના સુવિખ્યાત સાહિત્ય મુદ્રણાલયમાં ટૂંક સમયમાં સવેળા, સદ્ભાવસહ અને તદ્દન કિફાયત ભાવે છાપી આપવાનું કર્યું છે, તે કાજે તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ પુસ્તકની ઊપજ પણ લેખકને અંગત જવાની નથી, પરંતુ સંપૂર્ણપણે પરમાર્થમાં જ ખરચાવાની છે. પ્રત્યેક વાચક એને ખપાવી આપવામાં મદદ કરશે એવી વિનંતી ઘટે.

તા. ૨૬-૯-૧૯૭૧

**નંદુભાઈ**
વ્યવસ્થાપક ટ્રસ્ટી,
હરિઃૐ આશ્રમ, નડિયાદ.

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના શરીરને કારણોવશાત્ ફેફરુંનો રોગ લાગુ પડ્યો હતો. નર્મદાતટ નિવાસી સાધુપુરુષે કરુણાભાવે એ રોગના નિવારણ માટે 'હરિઃૐ'ના મંત્રરૂપે નામસ્મરણની ઔષધિ આપી હતી.

'નામસ્મરણ'નું નિયમબદ્ધ સેવન થતાં, પૂજ્ય શ્રીમોટાના એ રોગનું નિવારણ થયું. ઉપરાંત, જીવનવિકાસની સાધનામાં એ સાધને મહત્ત્વનો ભાગ ભજવ્યો અને છેલ્લે પરમ પદની પ્રાપ્તિ પણ તેઓશ્રીને થઈ.

પૂજ્ય શ્રીમોટા દ્વારા જે સાહિત્ય સર્જન થયું છે, તેમાં 'નામસ્મરણ' સાધન અંગે વિપુલ પ્રમાણમાં લખાયું છે, તે પૈકી આ ખાસ, અલગ પ્રકાશન **'જીવનસ્મરણ'**ની બીજી આવૃત્તિનું પ્રકાશન કરી અમો ધન્ય બનીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

ભાદરવા વદ-૪, સંવત ૨૦૬૩ — **ટ્રસ્ટીમંડળ,**
તા. ૩૦-૯-૨૦૦૭ — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | સ્મરણમહિમા | ૧-૭૫ |
| ૨ | ચરણ અને શરણ | ૭૬-૧૦૩ |
| ૩ | કૃપા અને હુકમ | ૧૦૪-૧૪૧ |
| ૪ | પ્રભુરસની કળા શી તે ! | ૧૪૨-૧૬૬ |
| ૫ | ખૂબી કેવી ગરજની છે ! | ૧૬૭-૧૮૯ |
| ૬ | સાધનાવિકાસના અનુભવો | ૧૯૦-૨૩૫ |
| ૭ | સ્વજનને પ્રાર્થના દિલની | ૨૩૬-૨૫૨ |


❑

# જીવનસ્મરણ

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિઃૐ

# ખંડ - ૧

## સ્મરણમહિમા



સ્મરણ કરીને, સ્મરણ કરીને, સ્મરણ ધન સાચું તે રળજો,
સ્મરણકેરી કમાણીથી જીવન શું ધન્ય તમ બનજો.

હરિઃૐ

## સ્મરણમહિમા

સ્મરણ પાયો જ જીવનનો પૂરો મજબૂત કરવાને,
હૃદય સમજણથી પાકી તે **હરિ**એ શો મથાવ્યો છે !

સ્મરણ કરવા, સ્મરણ કરવા, હૃદય ઉત્સાહ પ્રેરીને,
સ્મરણમાં પ્રાણ પ્રેરવવા કૃપાથી તો મથાયું છે.

સ્મરણ કેવું જીવન મુજને ખરું ઉપયોગ આવ્યું છે,
સ્મરણથી તો ઉપર ચઢવા મને દિલ ભાન સ્ફુર્યું છે.

જીવન ભંગાર કેવું આ સ્મરણથી સુધરેલું છે !
સ્મરણમહિમા મને હૃદયે સ્મરણથી સાંપડેલો છે.

હરિઃૐ

# જીવનનું મૂલ્ય શરૂ શરૂમાં

જીવનનું મૂલ્ય શરૂ શરૂમાં ન સમજાયું હતું મુજને,
સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, હવે શી સૂઝ પમાઈ છે.

સ્મરણ લીધા જ કરવાથી સ્મરણનો પાસ લાગ્યો છે,
અને તે પાસથી કેવો હૃદયમાં ભાવ જાગ્યો છે !

હૃદય તે ભાવથી મુજને જીવન સમજાયું સાચું છે,
હવે તો શ્રી**हरि** મારે ખરું સ્મરવાનું સાધન છે.

**हरि** વિના અવર સ્મરવું મને મિથ્યા જ લાગ્યું છે,
સ્મરણ વહાલા **हरि**કેરું જીવન તારતમ્ય પ્રેરે છે.

હરિઃૐ

## સ્મરણ નાનકડી મૂડીથી

સ્મરણ નાનકડી મૂડીથી જીવન વેપાર માંડ્યો છે,
કદીક ત્યાં ખોટ ખાધી છે, કદીક તો લાભ લાગ્યો છે.

કરી છે ચડઊતર કેવી મજલને કાપતાં જીવને !
કદીક પછડાટ ખાતામાં સ્મરંતાં, આવિયો મદદે.

જગત રખડ્યા કરેલો છું, તને શો સાવ ભૂલીને !
ન તુજ દરકાર રાખી છે, તને તોયે ન છોડ્યો છે.

રહમ તારી પ્રભુ મુજ પર સતત કેવી જ વર્ષી છે !
સ્મરણ જહેમતની શી મુજને હૃદય તેં ભેટ દીધી છે !

હરિ:ૐ

## હૃદય આહ્લાદ ચાખ્યો છે

સ્મરણની પા પા પગલીએ ડગુમગુ ચાલતાં શીખીને,
કંઈક ડગલાં ભરાયાં જ્યાં ઝડપ વેગીલી જામી છે.

ઘણી વેળા લથડિયાં શાં લથડી લથડી જ ખાધાં છે !
કુટાયો છું વળી કેવો ! હજી તે યાદ આવે છે.

મતિ,મન,પ્રાણ,અહમ્,ચિત જ્યાં સ્મરણથી કંઈક થંભ્યાં છે!
મને ત્યારે ખરેખર શું સ્મરણમાં દિલ ચોંટ્યું છે !

સ્મરણમાં ચેતતાં હૈયું સ્મરણ રસીલું થયેલું છે,
પછીથી તો સ્મરણકેરો હૃદય આહ્લાદ ચાખ્યો છે.

હરિઃૐ

# મને રસ્તો સૂઝેલો છે

સ્મરણ કેવું લૂલું લૂલું શરૂ શરૂમાં થયેલું છે !
છતાં શો ઝોડની પેઠે રહ્યો વળગી સ્મરણને તે !

નિરાશા દિલ સાંપડતાં, જીવન અંધારપિછોડો
-વળ્યો ઘેરી મને શો ! ત્યાં સ્મરણ ખપમાં જ લાગ્યું છે.

જીવનની આંટીઘૂંટીમાં સ્મરણથી ચેતવું થયું છે,
પદેપદનો જ પ્રત્યેક રસિક ઈતિહાસ ન્યારો છે.

જીવનના ધ્યેયની સાન સ્મરણથી શી બઢેલી છે !
ભૂલ્યો જ્યાં જ્યાં સ્મરણથી ત્યાં મને રસ્તો સૂઝેલો છે.

હરિઃૐ

# પ્રયત્નો તે ફળેલા છે

સ્મરણ શું કોરું કોરું તે શરૂ શરૂમાં થયેલું છે,
પરંતુ જેમ અભ્યાસ થતાંમાં તો વધેલું છે.

વધારે ને વધારે મેં સમય સ્મરણે જ ગાળીને,
સ્મરણમાં ભાવ પ્રેરાવા મથામણ ખૂબ કરેલી છે.

સતત મંડ્યા રહેવાતાં પ્રયત્ને એકધારાએ,
થયા કરતાં હૃદય કેવો સ્મરણમાં રસ પડેલો છે !

પ્રયત્ને રસ પડ્યો છે જ્યાં, પ્રયત્નો તે થવા વિશે,
હૃદય શું ઊછળેલું છે ! પ્રયત્નો તે ફળેલા છે.

હરિઃૐ

## સ્મરણના મહાવરાથી શું !

જીવનની તાવણી કેવી શી વારંવાર થઈ છે તે !
તવાવામાં સ્મરણથી ત્યાં હૃદય ટાઢક વળેલી છે.

જીવન ઉકળાટ કેવાયે અનેકે વાર જન્મ્યા છે,
હૃદય ઉકળાટ તેવાયે અજંપો શો કરાવ્યો છે !

છતાં તોયે સ્મરણને મેં લીધા તેમાં કરેલું છે,
સ્મરણના મહાવરાથી શું જીવન મંથન થયેલું છે !

જીવનના મંથને તેવા ઊંડે તે ઊતરાયું છે,
ઊંડે ઊંડે પ્રવેશાઈ હૃદય તત્ત્વ સૂઝેલું છે.

હરિઃૐ

## સ્મરણ બલિહારી કથની તે

સ્મરણ એ તો પ્રથમ પગલું જીવન વિકાસના ક્ષેત્રે,
છતાં દિલના સ્મરણથી શાં બીજાં સાધન મળેલાં છે !

સ્મરણ જે શિખવાડે છે, કરી દે ધન્ય જીવતરને,
સ્મરણમહિમા અનુભવથી હૃદયમાં ઊતરેલો છે.

સ્મરણથી એકડે એક શીખી, આગળ ભણાયું છે,
સ્મરણથી ચાલતાં શીખી હવે ભરું શો છલાંગોયે !

સ્મરણ મુજ આદ્યગુરુ છે, સ્મરણથી તે અવર ગુરુએ,
જીવન શા શા મળ્યા મુજને ! સ્મરણ બલિહારી કથની તે.

હરિઃૐ

## સ્મરણ સાધન મળેલાથી

સ્મરણ સાધન મળેલાથી જીવન ભક્તિ સ્ફુરેલી છે,
જીવનમાં આત્મવિશ્વાસ ઊંડો ભવ્ય ખીલેલો છે.

થવા આદર્શ સાકાર મરણિયો દિલ નિશ્ચય તે,
સ્મરણની ભાવનાથી તે જીવનમાં શો ઊગેલો છે !

સ્મરણથી ફાયદા ભારે મને કેવા થયેલા છે !
જીવન સક્રિય જીવંતી ટટારી કેવી આવી છે !

પ્રસંગોની પરત્વેની શી હૈયાસૂઝ જાગીને,
લઈ લેવાય છે નિશ્ચય તુરત તે કાર્ય કરવાને.

હરિઃૐ

## સ્મરણકેરું નગદ નાણું

થવા તમને હૃદય દેજો પ્રભુભકિત સ્મરણ પ્રભુનું,
પ્રભુ દેજો ખરેખર બળ સ્મરણ પુરુષાર્થ કરવાનું.

સ્મરણ કરીને,સ્મરણ કરીને, સ્મરણ ધન સાચું તે રળજો,
સ્મરણકેરી કમાણીથી જીવન શું ધન્ય તમ બનજો.

નગદ નાણું સ્મરણ કેવું જીવનમાં કામ આવેલું !
જગત વ્યવહારનું સઘળું સ્મરણથી સૌ પતેલું છે !

જીવનમાં જે કમાયો હું સ્મરણકેરું નગદ નાણું,
કમાઈને બધું જે તે પ્રભુપદમાં જ મૂક્યું છે.

હરિ:ૐ

# સ્મરણથી સદ્‌ગુરુ દીવો

હૃદયમાં તાનથી કેવો સ્મરણ સાતત્યના ભાને
-હું હરદમ શો રહ્યા કરતો ! બલિહારી સ્મરણની તે.

જીવનના ધ્યેય હેતુનું સ્મરણ શું ભાન જગવે છે !
જીવનમાં ભાનથી તેવા સૂઝ્યા રસ્તો કરેલો છે.

વિખૂટું ના થવા દીધું કદી મેં તો સ્મરણને તે,
સ્મરણ શો ભોમિયો મારે જીવન પથનો બનેલો છે !

મને સદ્‌ગુરુનું સ્થાન સ્મરણથી તો મળેલું છે !
સ્મરણથી સદ્‌ગુરુ દીવો જીવન પ્રગટેલ કેવો છે !

હરિ:ૐ

## સ્મરણના તે પ્રભાવેથી

સ્મરણ બલિહારી જીવનમાં સ્મરણના નિત્ય અભ્યાસે,
ફૂટી શી નીકળેલી છે ! સ્મરણથી ધન્યતા થઈ છે.

સ્મરણના કારણે કેવી **હરિ**ની ભાવના જીવને !
થઈ શી ચેતતી હૃદયે સ્મરણના તે પ્રભાવેથી !

સ્મરણ આધારથી કેવા જગતમાં ભક્ત કૈં કૈં તે,
થયા છે સર્વ પ્રતિષ્ઠિત જગત નામાંકિતો તે તે.

સ્મરણ નાનકડું સાધન છે, જતાં આગળ વધે કેવું
-મહાનદના સમું મોટું શું ધસમસતું વહે કેવું !

હરિઃૐ

# હૃદયથી જે સ્મરણ થાયે

ભલે છો લાગતું નાનું સ્મરણ તોયે મધુરું છે,
ભલે નાનું છતાં કેવાં જીવન પરિણામ લાવે છે !

**हरि**ના ભાવપૂર્વકનું હૃદયથી જે સ્મરણ થાયે,
સ્મરણ અભ્યાસ પડવાથી જીવન ઉત્સાહ ભભૂકે છે !

**हरि** સ્મરવા, **हरि** સ્મરવા, **हरि**નો ભાવ કીર્તનથી,
જગાડીને હૃદય તેથી સ્મરણ કરવાનું રાખોજી.

સ્મરણ કરીને જીવનમાં તે મને અનુભવ થયેલા જે,
ખરેખર વાસ્તવિક રીતે જણાવેલા તમોને છે.

હરિ:ૐ

# સ્મરણ આનંદ કેવો તે

સ્મરણ આનંદ કેવો તે સ્મરણ લેનાર જાણે છે !
સ્મરણ કરતાં સ્મરણથી શો પ્રગટતો ભાવ પ્રીછે છે !

સ્મરણ કરતાં રહેવાથી સ્મરણમાં ભાવ સ્ફુરવાથી,
સ્મરણની લાગતાં લગની સ્મરણથી શક્તિ જાગે છે.

અમારે તો **हरि** ભજવા **हरि** ભજવાનું ટાણું છે,
ફરીથી તે ન મળવાનું **हरि** ભજવાનું ટાણું તે.

સ્મરણ કરવા પ્રભુ પ્રેર્યો સતત લાગી રહેવાતાં,
સ્મરણ લગની હૃદય લાગી પછીની શી મુદા દિલમાં !

હરિઃૐ

# સ્મરણ હેતુતણા ભાને

જીવનમાં કેટલા ફાંકા, હતાશા અવનવી મુજને,
હૃદય ઓગાળવા તેને સ્મરણથી તો મથાયું છે.

સ્મરણ હેતુતણા ભાને શું લેવાયું જ દિલમાં તે,
સ્મરણમાં જાગૃતિ તેથી કૃપાથી શી રહેલી છે !

સ્મરણ લેવાયા કરવાથી સ્મરણમાં ચિત્ત ચોંટ્યાથી,
જવાનું ચોંટી બીજામાં બન્યું ના છે કશું મુજથી.

કદીક ચોંટી જવાયું જો, તુરત ત્યાં ભાન જાગ્યું છે,
વળી પાછો ચડી રસ્તે મને કેવો નવાજ્યો છે !

હરિઃૐ

## મને સ્મરણે મથાવ્યો છે

જીવનનો માર્ગ સીધો ના કહીં કહીં વાંકોચૂકો છે,
ગલીકૂંચીમાં ગૂંચવાતાં ખરી શી આડીઅવળી છે !

જીવનનો કાઢવા માર્ગ મને સ્મરણે મથાવ્યો છે,
જીવનમાં કેટલી વાર છતાં ભૂલું પડાયું છે !

સ્મરણના તાનમાં ભંગ થતાં, પકડાઈ ભૂલ તો શી !
પછી સમજણતણા માર્ગે મને **એણે** વળાવ્યો છે.

શી વારાફેરી જીવનમાં અનેકે વાર એવીયે,
પ્રગટી પ્રગટી મને કેવી શું ભ્રમણામાં જ નાખ્યો છે !

સ્મરણના ભાનના તાને કૃપાથી ત્યાં જગાયું છે,
જગાડીને શહૂરથી શા ફરી મંડી પડાયું છે.

હરિઃૐ

# સ્મરણ ઔષધની માત્રાએ

સ્મરણ ઔષધની માત્રાએ જીવનમળ રોગ કેવાયે,
સતત સેવન કર્યાં કરતાં પૂરેપૂરા મટ્યા શા તે !

સ્મરણના મેં જીવનમાં તો પ્રયોગો શા કરેલા છે !
પ્રયોગેથી અનુભવીને સ્મરણ રસ તારવેલો છે.

સ્મરણની સર્વ સાર્થકતા, સ્મરણ સામર્થ્ય કેવું તે,
ઝુકાવાતાં પૂરું સ્મરણે, અનુભવ સર્વ આવ્યું છે.

જીવન **આ** રેઢિયાળ જ જે, સ્મરણ અભ્યાસને લીધે
–ધીમે ધીમે જીવન **તેણે** સફળ શું પાંગરાવ્યું છે !

હરિઃૐ

## સ્મરણ તો ચેતના સાંકળ

સ્મરણ ઉચ્ચાર ના માત્ર, સ્મરણ છે શબ્દ ના માત્ર,
સ્મરણ તો ચેતના સાંકળ જીવનને જોડવા માટ.

છતો કરવા **હરિ**ભાવ સ્મરણ સાધન શું ઉત્તમ છે !
સ્મરણ કીમિયો જીવન ઘડવા કૃપાથી શો મળેલો છે !

સ્મરણથી પ્રેરણા, ઉદ્યમ, ધીરજ, ઉત્સાહ ને ખંત,
જીવન ગુણ કેળવાયે સૌ સ્મરણ શું ચેતના પ્રેરક !

સ્મરણ સંજ્ઞા **હરિ**ની છે, સ્મરણ **હરિ**નું પ્રતીક શું તે !
સ્મરણ કેવું ગગનગામી મનાદિને કરાવે છે !

હરિઃૐ

# સ્મરણ આધાર જીવનનો

સ્મરણ સાધન મળ્યું તેથી જીવન બચવા જ પામ્યું છે,
સ્મરણથી ઊગરાયું છે, સ્મરણથી તો રળાયું છે.

સ્મરણ આધાર જીવનનો, જીવન ચઢવા મિનારો છે,
સ્મરણથી ઉચ્ચમાં ઉચ્ચ શિખર પર તો ચઢાયું છે.

સ્મરણથી શાં નયન લાધ્યાં ! મતિ ખુલ્લી થયેલી છે,
સ્મરણથી શી વફાદારી જીવન પ્રત્યેની ફૂટી છે !

અનુભવવા જીવનકેરું રહસ્ય સૂક્ષ્મમાં સૂક્ષ્મ,
સ્મરણ નાનકડું સાધન છે, છતાં તેનાથી લાધ્યું છે.

હરિ:ૐ

# સ્મરણથી કેવું ફોરે છે

સ્મરણ તે માત્ર વદવાના ન ઉચ્ચારો કદીયે તે,
સ્મરણ આધાર જીવનનો થતાં, ખુમારી જાગે છે.

ખુમારીથી ટટારી શી ! ખમીર જીવનમાં ફાલે છે,
જીવન વિકાસના ગુણો સ્મરણથી આપ ખીલે છે.

જીવનમાં ગૂઢમાં ગૂઢ છુપાયેલું રહેલું જે,
જીવનનું મૂળ તે તત્ત્વ સ્મરણથી કેવું ફોરે છે !

મહા સદ્‌ભાગ્યથી મુજને સ્મરણ ઔષધ મળેલું છે,
જીવન મળના બધા દોષો સ્મરણ હરનાર શક્તિ છે.

હરિઃૐ

## સ્મરણ અભ્યાસને લીધે

સ્મરણનો માર્ગ જીવનમાં કૃપાથી શો લીધેલો છે !
સ્મરણથી માર્ગ તે વળવા મને ચાનક ચઢેલી છે.

સ્મરણ અભ્યાસને લીધે વિકૃતિ જે જીવનમાંની,
મને ખૂંચતી થયા કરીને, મહીં તે જાગૃતિ પ્રેરી.

હૃદયની જાગૃતિએ તે મને મંડ્યો રખાવ્યો છે,
પ્રક્રિયા તે મથામણથી જીવન ચાલી રહેલી છે.

જીવંત પ્રક્રિયાથી તો બધું સ્પષ્ટ જણાયે છે,
રહ્યાં જે કર્મ બાકીનાં પરત્વે લક્ષ શું રહે છે !

હરિઃૐ

# સ્મરણ લેતાં, સ્મરણ લેતાં

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણમાં જીવ પેઠો છે,
સ્મરણ શું **પ્રાણશક્તિ**ને જગવનારું જ સાધન છે.

સ્મરણ લેવાથી હૈયામાં સ્મરણ લેવાયું જેનું છે,
જીવનમાં તે અનુભવવા હૃદય માંડેલ પગરણ છે.

સ્મરણથી આત્મ સ્ફુલિંગ હૃદય ચેતાવવા પૂર્ણ,
સ્મરણમાં નેમ તે ધારી સ્મરણમાં **પ્રાણ** ફૂંક્યો છે.

સ્મરણનો યજ્ઞ જીવંત જીવન કેવો ફળેલો છે !
મળેલાં ફળ અનુપમ શાં અનુભવમાં ફળેલાં છે !

હરિઃૐ

## સ્મરણથી તો મદદ મળી છે

સ્મરણ કરવા મને પ્રેર્યો પ્રસાદી તુજ મળેલી તે,
અનુગ્રહથી મને તેવા જીવનમાં શી ગતિ મળી છે !

જીવન વિકાસના ક્ષેત્રે સ્મરણથી તો મદદ મળી છે,
સ્મરણના ભાવને લીધે શું પ્રોત્સાહિત થયેલો તે !

પ્રકૃતિના વમળમાં શો કંઈક વાર ફસાયો હું !
હૃદયથી પ્રાર્થના કરવા થયો ઉદ્યત કૃપાથી હું.

સમર્પણ ને નિવેદન મેં ચરણમાં તો કરી કરીને,
સતત હળવો રહ્યા કરીને, શું નિશ્ચિંત થવાયું છે !

હરિઃૐ

## સ્મરણથી શું શું શીખ્યો છું

સ્મરણ કેવું જીવનમાંનું સ્વજન વહાલું નિકટનું છે !
મને પંપાળવાનુંયે કદી ખાલી કરે ના તે.

સ્મરણથી શું શું શીખ્યો છું, બધાએ તે પ્રસંગોનું
-સ્મરણ મુજને જીવનમાં છે, છતાં ના તે લખાયું છે.

મને સ્મરણે બહુ વાર જીવનમાં ચેતવેલો છે,
અને તેથી સીધે રાહે પ્રભુ, મુજથી ચલાયું છે.

સ્મરણ પ્રત્યક્ષ સદ્‌ગુરુ છે, પ્રભુનાં તે ચરણકમળે
-સ્મરણથી જોતરાઈને, જીવન બોજ ઉઠાવ્યો છે.

હરિઃૐ

## સ્મરણ મુજ ભોમિયો થઈને

મહાવિકરાળ જીવનમાં શું ઝંઝાવાત જાગ્યા છે !
સ્મરણથી દિલમાં ત્યારે મને હિંમત ફૂટેલી છે.

જીવનમાં છેક તળિયે જ્યાં ડૂબેલો છું મને ત્યારે,
જીવનમાં તે પળે સ્મરણે મને કેવો તરાવ્યો છે !

સ્મરણ ભાગ્યાનો ભેરુ છે, સ્મરણ બેલી પતિતનો છે,
'સ્તરો શાં શાં જીવનમાં છે !' સ્મરણથી તે પ્રિછાયું છે.

હું અટવાયો પથે જ્યાં જ્યાં સ્મરણ મુજ ભોમિયો થઈને
-નયન શો દેખતો કરીને, મને મરતાં બચાવ્યો છે !

હરિઃૐ

## સ્મરણની શક્તિ અદ્‌ભુત તે

સ્મરણની શક્તિ અદ્‌ભુત તે જગતજન ના કદી જાણે,
સ્મરણમાં ઝંપલાવે જે સ્મરણનું હાર્દ માણે તે.

કરી યાહોમ સંપૂર્ણ સ્મરણમાં જે ઝુકાવે છે,
સ્મરણમાં એકરસ તેવા જીવનમાં શા થયેલા છે !

સ્મરણના ભક્તને કેવા **हरि** વહાલા થયેલા છે !
જીવનમાં કેટલાંયે તે **हरि** પ્રત્યક્ષ મા'ણ્યા છે.

ચમત્કારિક જીવનમાં અસર કેવી સ્મરણની છે !
સ્મરણની શી કળા લીલા જીવનમાં પાંગરેલી છે !

હરિ:ૐ

# સ્મરણ ચલણી જ નાણું છે

સ્મરણ ચલણી જ નાણું છે અનુભવથી જણાયું તે,
વળી શું વાપરી જોયું ખરું ખપનું જ લાગ્યું છે.

સ્મરણને કામ લઈ લઈને, સ્મરણને વાપરેલું છે,
સ્મરણમાં ભાવ જાગંતાં ચરણ રસ તે બનેલું છે.

સ્મરણથી કેવો પ્રત્યક્ષ **हरि** રસ દિલ ઝરેલો છે,
**हरि** રસથી હવે જીવન લીલુંછમ શું બનેલું છે !

જીવનમાં મેં સ્મરણને તો શું વારંવાર સમજીને,
મહત્ત્વ દિલમાં કેવું સતત આપ્યા કરેલું છે.

હરિ:ૐ

# સ્મરણથી તે થયા કર્યું છે

અખંડિત તે સ્મરણ બનવા સ્મરણમાં જોશ પ્રેરીને,
સ્મરણનો કેફ જીવનમાં મને કેવો ચડાવ્યો છે !

સ્મરણ અભ્યાસથી કેવી તલપ લાગી હૃદયમાં છે,
હૃદયમાં તે તલપ તાને રમી કેવો રહેલો છે !

સ્મરણ લત લાગી રહેવાથી સ્મરણમાં દિલ વળેલું છે,
સતત વળગ્યા કરે જેને મનન ચિંતવનમહીં શો તે !

'બધે જેમાં અને તેમાં **हरि**ની યાદગીરી શી !'
હૃદય મુજને થતી રહે છે, સ્મરણથી તે થયા કર્યું છે.

હરિઃૐ

## સ્મરણ ભાવે પ્રિછાયો છે

સ્મરણને પાકવાની શી ધીરજનીયે કસોટી છે !
ગજું મારું કશું નહોતું કૃપાબળથી ટકાયું છે.

મદદગાર પ્રભુ કેવો જીવનમાં તો હતો મુજને !
છતાં તેની ખબર કશીયે પડેલી ના હતી મુજને.

સ્મરણથી જ્યાં ફવાતું ત્યાં ફુલાવાનું બનેલું છે,
કૃપાબળના સ્મરણથી શું અહં ત્યાં ઓગળેલું છે !

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, પ્રભુ ચરણે નમાયું છે,
નમન કરવાતણો અર્થ સ્મરણ ભાવે પ્રિછાયો છે.

હરિ:ૐ

## સ્મરણને દિલ પકડ્યું છે

સ્મરણથી ભાવ કેળવવા, સ્મરણથી ગુણ મેળવવા,
સ્મરણથી શક્તિ ખીલવવા સ્મરણને દિલ પકડ્યું છે.

સ્મરણથી ધ્યેયને ફળવા, સ્મરણથી ધ્યેયમાં ગળવા,
સ્મરણથી ધ્યેય સાકાર થવા, સ્મરણે વર્યા છીએ.

સ્મરણમાં **પ્રાણ** પ્રેરવવા, સ્મરણમાં ભાવને ફળવા,
સ્મરણ સંપૂર્ણ શું ચગવા સ્મરણ ધારણ કરેલું છે.

સ્મરણથી શક્તિની જ્યોત જીવન જલતી જ જલવાને,
સ્મરણના હેતુને કેવો હૃદય જીવતો કરેલો છે !

હરિ:ૐ

## સ્મરણના તે અવાજે શો

સ્મરણ દિલ કંઈક ભુલાતાં હૃદય શો આંચકો ત્યારે,
બધુંએ હલમલાવી દે ખરેખર એવો લાગ્યો છે !

શું પશ્ચાત્તાપ અગ્નિ જે હૃદય મુજને ઊઠેલો છે !
પ્રભુ ! મેં મુજ પરે ત્યારે બહુ જ પસ્તાળ પાડી છે.

હૃદય એવું ભુલાવાથી મને શીખવાનું લાધ્યું છે.
અને તે દિલ પસ્તાવે કીધો શો પાંસરો મુજને !

પ્રભુ ! તુજ નામની બાંગો હૃદય બુલંદ ગજવીને,
સ્મરણના તે અવાજે શો હૃદય ત્યાં ભાવ સ્ફુર્યો છે !

હરિ:ૐ

# સ્મરણ ત્યાં રાહબર મુજ થઈ

જીવનમાં શી લીલીસૂકી વિપત્તિ કંઈક આવી છે,
મને સ્મરણે દઈ ટેકો પથે ઊભો રખાવ્યો છે.

પડું છું જ્યાં પથે, કેવાં લથડિયાં ખૂબ ખાધાં છે !
ઊગરવા ક્યાંય આરો ના, છતાં સ્મરણે બચાવ્યો છે.

સ્મરણ શી આંધળાકેરી જીવન પથ લાકડી મુજને !
અહીંતહીં ઠોકતાં સ્મરણે જીવન પથને સુઝાડ્યો છે.

ભયંકર કારમાં જંગલ જીવનમાં આવિયાં મુજને,
સ્મરણ ત્યાં રાહબર મુજ થઈ, પથે અજવાળું પાડ્યું છે.

હરિઃૐ

## સ્મરણના તે પ્રતાપે શું !

સ્મરણથી જેમ હું જેમ થયો શીખતો, સ્મરણના તે-
અનુગ્રહથી જીવનમાં મેં, નવાં પગલાં જ પાડ્યાં છે.

ચડી ઊંચે પડ્યો હેઠો સ્મરણ ટેકો મળ્યો ત્યાં છે.
મને અંતરની કેડી તો સ્મરણથી કેવી લાધી છે !

ઊંડે ઊંડે ગરક કળણે ફસાયેલો હતો ત્યારે,
હૃદયના પ્રાર્થના સ્મરણે મને શો ઊંચકેલો છે !

મહદ ઉપકાર એવા તે સ્મરણના કેટલા ગાવું ?
થયો છું આજ 'મોટો' જે સ્મરણના તે પ્રતાપે શું !

હરિઃૐ

## સ્મરણથી ધારણા **હરિ**ની

નિવેદન સર્વ કરવાનો મને અભ્યાસ ચરણે છે,
નિવેદનના જ અભ્યાસે હૃદય સંબંધ ઊગ્યો છે.

સ્મરણથી શાં બીજાં એવાં મળ્યાં ગૂઢ સાધનોયે તે,
થતાં તે સર્વ સાધનમાં સ્મરણને મુખ્ય જાણ્યું છે.

સ્મરણથી ધારણા **હરિ**ની હૃદયમાં કેવી ઊગે છે !
હૃદય તે ધારણાભ્યાસે **હરિ**માં ચિત્ત ચોંટે છે.

સ્મરણમાં ચોટ દિલ લાગી સહજ ત્યાં ધ્યાન લાગ્યું છે,
શી એવી ધ્યાન નીરવતા થકી પલટાયું જીવન છે.

હરિઃૐ

# સ્મરણથી કેવું કેવુંયે

ભજન કીર્તનતણું સાધન સ્મરણથી લાધિયું મુજને,
તને સંબોધવાકેરી નિરાળી રીત અદ્‌ભુત છે.

તને સંબોધવાનું મેં શું અપરંપાર કીધું છે !
ભજન કીર્તન હૃદયથી શાં ચરણમાં નિત્ય ગાયાં છે.

સ્મરણથી કેવું કેવુંયે જીવનમાં છે મળ્યું મુજને !
બધો ઈતિહાસ એનો તે શું ગણતાં પાર ના'વે તે.

સ્મરણ નાનકડું ઝરણું તે, સ્મરણ આગળ જતાં કેવું !
કઠણ શો કાપતાં મારગ મહાનદ શું બન્યું કેવું !

હરિઃૐ

## સ્મરણને મેં ચગાવ્યું છે

સ્મરણથી તો જીવનમાંનું ખમીર ખીલતું રહેલું છે,
ખુમારી ગુણ ને ભાવે સ્મરણથી વિસ્તરેલી છે.

પ્રભુ મુજ હોશિયારીમાં પૂળો કેવો મૂકેલો છે !
કરામત તારી કેવીયે ન સમજી તે શકાયું છે.

સ્મરણ કરવા મને પ્રેરી મને ઉદ્ધારવાને તે,
સ્મરણનો યજ્ઞ મંડાવી મહદ ઉપકાર કીધો છે.

નિરંતર તે થવા હૃદયે સ્મરણને મેં ચગાવ્યું છે,
સ્મરણને શું હુલાવ્યું છે, સ્મરણ બહેલાવિયું દિલ છે.

હરિઃૐ

## સ્મરણમાં દિલ પરોવીને

સ્મરણમાં દિલ પરોવીને , સ્મરણમાં મગ્ન બનવાને,
સ્મરણ હાર્દ ફળવવાને મથ્યા કેવું કરેલું છે !

સ્મરણ શા અર્થ લઈએ તે, જીવંતું લક્ષ હૃદયે તે,
સતત જીવનમાં ધારીને સ્મરણનો યજ્ઞ માંડ્યો છે.

સ્મરણને જીવતું કરવા, સ્મરણ ચેતનવંતું ફળવા,
સ્મરણનો મર્મ દાખવવા સ્મરણને મેં ગ્રહેલું છે.

સ્મરણથી તે જીવન ઘડવા, સ્મરણથી શું જીવન રળવા,
ઉદધિ સંસારનો તરવા, સ્મરણને દિલ લગાડ્યું છે.

હરિઃૐ

# સ્મરણ નેડો હૃદય થાતાં

સ્મરણથી રાચતું કરવા હૃદયને શું હલાવ્યું છે !
પડ્યો રસ ના, છતાંયે મેં સ્મરણ લીધા કરેલું છે.

અખંડ તે સ્મરણ કરવા, સ્મરણ જીવંત કરવાને,
સ્મરણથી દિલ રસાવાને, સ્મરણનો યજ્ઞ માંડ્યો છે.

'સ્મરણ ના લૂલું સાધન છે' હવે તે પાકી સમજણ છે,
સ્મરણ નેડો હૃદય થાતાં સ્મરણ કેવું વરેલું છે !

ચરણ અમૃત સ્મરણથી તે જીવનમાં તો મળેલું છે,
હૃદયથી ચાખતાં તોયે ધરાવોયે ન આવ્યો છે.

હરિઃૐ

## સ્મરણની જ્યાં લઢણ તૂટતાં

સ્મરણમાં કેટલી વાર ભૂલો કેવો પડેલો છું!
સ્મરણની જ્યાં લઢણ તૂટતાં સમજ ઓચિંતી પ્રગટી છે.

સ્મરણના જોશમાં જ્યારે તફાવત પડતો નીરખ્યો છે,
થયું છે આડુંઅવળું કંઈ 'સમજમાં ઊગી આવ્યું છે.'

હૃદયથી પ્રાર્થના ત્યારે તને કેવી કરેલી છે !
તને વીનવ્યા કરી કરીને હૃદય પોકાર પાડ્યો છે.

કરુણાળુ પ્રભુ કેવો મદદમાં તુર્ત આવ્યો છે !
થયેલો આંધળો તેને નયન પાછાં જ બક્ષ્યાં છે.

હરિ:ૐ

## સ્મરણ શો ભોમિયો મારે

હૃદયમાં તાનથી કેવો સ્મરણ સાતત્યના ભાને
-હું હરદમ શો રહ્યા કરતો ! બલિહારી સ્મરણની તે .

જીવનના ધ્યેય હેતુનું સ્મરણ શું ભાન જગવે છે !
જીવનમાં ભાનથી તેવા સૂઝ્યા રસ્તો કરેલો છે.

વિખૂટું ના થવા દીધું કદી મેં તો સ્મરણને તે,
સ્મરણ શો ભોમિયો મારે જીવન પથનો બનેલો છે.

હરિઃૐ

## સ્મરણનો કીમિયો જબ્બર

સ્મરણનો કીમિયો જબ્બર કૃપાથી લાધિયો મુજને,
ઉભય કર હામ ભીડીને સ્મરણ પકડી જ રાખ્યું છે.

છટકવા ના કદી દીધું, બહુવિધ જોશ ઊગ્યું તે,
ખરા ઉપયોગમાં એને સ્મરણમાં જોડી દીધું છે.

સ્મરણથી જાગૃતિ ઉત્કટ, સ્મરણથી દિલ તત્પરતા
-જીવનમાં જાગતા ભાવ થતા ત્યાં ફેરફારો શા !

જીવનના ટેકરા ખાડા સ્મરણ ભાને જણાયા છે,
કુનેહ, કૌવત સ્મરણથી શાં જીવનમાં સાંપડેલાં છે !

હરિઃૐ

## સ્મરણ લતથી નિરંતરતા

જીવનના હેતુનું ભાન સ્મરણમાંથી ઊગેલું છે,
જીવનની આદ્ય શક્તિનું સ્મરણથી ભાન સ્ફુર્યું છે.

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણની લત પડેલી છે,
સ્મરણ લતથી નિરંતરતા સ્મરણમાં આપ પ્રગટી છે.

જીવનના ધ્યેય હેતુનું સ્મરણ તે ભાન ફળવે છે,
જીવનના હાર્દનું શિક્ષણ સ્મરણ કેવું પમાડે છે !

જીવનને ઠામનું ઠામ સ્મરણ ટકવા કદી ના દે,
સ્મરણ ધક્કેલતું રહે છે જીવનના ધ્યેયને ધામે.

હરિઃૐ

## સ્મરણ સાધન ભગીરથ છે

સ્મરણ કેવું હૃદય લેવા વળી વળી યત્ન કીધા છે,
ભુલાતામાં, ભુલાતામાં, સ્મરણને પકડી પાડ્યું છે.

ભુલાયું કેટલી વાર, છતાં પાછો હું મંડ્યો છું,
સ્મરણને જીદ પકડીને સતત કરવા મથેલો છું.

સ્મરણ મુજ આદ્ય મૂડી છે, સ્મરણથી તો રળાયું છે,
સ્મરણના સાધને કેવો **હરિ**માં રસ જડેલો છે !

સ્મરણ સાધન ભગીરથ છે, જીવન ખોવાયેલું જે, તે
સ્મરણ ઉપાયથી મુજને હાવાં કેવું જડેલું છે !

હરિઃૐ

## સ્મરણના તાનથી કેવાં !

કરંતામાં કરંતામાં સકળ કંઈ કર્મ જીવનમાં,
સ્મરણનો નિત્ય અભ્યાસ થયા કેવો કરેલો ત્યાં !

સતત પ્રભુનું રૂડું નામ લીધા કરતે, લીધા કરતે,
લઢણ એવી રટણકેરી મને કેવી પડી ગઈ છે !

લીધા વિના હવે નામ મને ચાલે ઘડી પળ ના,
હૃદય ત્યારે સ્મરણકેરો મને શો સ્વાદ લાગ્યો છે !

અભય ને નમ્રતા, મૌન, વળી એકાંત સાધન જે,
સ્મરણના તાનથી કેવાં જીવન જીવંત પ્રગટ્યાં છે !

હરિઃૐ

# સ્મરણ શો મિત્ર જીવનનો

સ્મરણથી સૂઝ અને બૂઝ જીવનમાં શી મળેલી છે !
સ્મરણથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ પૃથક્કરણે જવાયું છે.

શું નિર્દયતાથી જીવનનું પૃથક્કરણ થયા કર્યું છે,
બધુંએ આડુંઅવળું તે જણાયા શું કરેલું છે !

સ્મરણ શો મિત્ર જીવનનો બધુંએ તે મઠારાવે,
ભુલાવામાં પડાતાં તે મને ત્યાં કેવું ઠપકારે !

સ્મરણ તો એમનો એમ મને બેસી ન રહેવા દે,
ક્રિયાશીલ તે પ્રભુ ચરણે મને કેવો રખાવે છે !

હરિઃૐ

## સ્મરણ રસ સર્વશ્રેષ્ઠ જ છે

ભયંકર કારમા કેવા જીવન સંગ્રામ આવ્યા છે !
મને શો મૂંઝવી નાખી ભુલાવામાં પડાવ્યો છે !

સ્મરણનો સાથ જીવનમાં ભૂલેલાને મને કેવો !
ટકોરાબંધ ખપમાં તે ખરેખર ખૂબ આવ્યો છે.

શું સર્વોત્તમ સ્મરણ **હરિનું** રસીલું ને રસેશ્વર છે,
બધાએ રસ વિશે કેવો સ્મરણ રસ સર્વશ્રેષ્ઠ જ છે !

સ્મરણ મુજ પાંગળા જનનું સમર્થ યોગ્ય સાધન જે,
મને एणे ચલાવીને ચહી ચરણે લગાડ્યો છે.

હરિઃૐ

## સ્મરણ અમૃતનું સેવન છે

સ્મરણ એ તો જીવનકેરું ખરે અમૃતનું સેવન છે,
જીવનમાં શક્તિ કેવી તે ટકોરાબંધ ટપકી છે !

હૃદય શાં પ્રેરણા, ઉત્સાહ, થયેલાં પ્રાપ્ત મુજને છે !
જીવન વિકાસના કર્મે બધું તે જોડી દીધું છે.

સ્મરણ શરૂમાં તો નાનું શું ટચૂકડું માત્ર ઝરણું જે,
સતત અભ્યાસના ધોધે સ્વરૂપ મોટું થયેલું છે.

જીવન ઘડવાનું ઓજાર સ્મરણ પોતે બનેલું છે,
થવાને યોગ્ય આકાર ખીલી મતિ સાનુકૂળ શી તે !

હરિઃૐ

# સ્મરણ ઠેકો અનેરો તે

સ્મરણ નર્તતું ચાલ્યું છે, સ્મરણ ઠેકો અનેરો તે,
સ્મરણ વર્ષતું ચાલીને મને ભીંજવ્યા કરેલો છે.

છતાં તોયે જીવનમાં શી ભૂમિકા સૂકી ભઠ જેવી,
કહીંથી પ્રગટીને કેવો રસ વિચ્છિન્ન કીધો છે !

કશુંયે ત્યાં ન ઊગે છે, કશું ના જન્મતું લાગે,
કશા વિચાર વૃત્તિયે ભૂમિકામાં ન તે તે છે.

જીવનમાં એવું રણ ક્યાંથી ચડી ઓચિંતું આવ્યું છે !
અભાવાત્મક દશા શૂન્ય જીવનની કેવી અદ્‌ભુત તે !

દશા આવી સમજવાને જીવનની ઊર્ધ્વભૂમિકા,
ઊંચે શી કેટલીયે જે ચઢેલા, તે પ્રીછી શકશે.

હરિઃૐ

## સ્મરણ કેવું સ્ફુરાવે છે ?

સ્મરણના તાનની કેવી કળા ખૂબી અનેરી છે !
સ્મરણના તાનથી કેવી જીવન મસ્તી ચડેલી છે !

સ્મરણથી શો જીવનમાં તે અનોખો રંગ ઊઠ્યો છે !
ચઢેલા રંગ એવાથી જીવન પલટાતું અદ્‌ભુત તે !

સ્મરણનું તાન જીવનને પૂરું પલટાવવાનેયે
-ખરેખર યોગ્યતાવાળું સફળ જીવન બનવવાને.

'જીવન આ શેને કાજે છે ! જીવનનો હેતુ કેવો છે ?'
જીવનનું હાર્દ એવું તે સ્મરણ કેવું સ્ફુરાવે છે ?

હરિ:ૐ

## સ્મરણ સાવરણીથી જીવન

સ્મરણ સાવરણીથી જીવન બધેથી વાળવાને તે,
કરેલા યત્ન ભારેયે, જીવન ઉપયોગ આવ્યા છે.

સ્મરણમાં તાનની મસ્તી પ્રગટતાં, શાં બીજાં સાધન
-જીવન ઊંચે જ તારવવા મને કેવાં મળેલાં છે !

સ્મરણથી આગ્રહો, ટેવો, બધાએ પૂર્વગ્રહ, સમજણ
-થકી તે મુક્ત બનવાને મુલાયમતા જ સ્ફુરી છે.

સ્મરણમાં સદ્‌ગુરુને મેં શું વારંવાર નીરખીને,
હૃદયથી પ્રાર્થના કરતાં ઊંચે કેવું અવાયું છે.

હરિઃૐ

## સતત ઊગતાં સ્મરણ ભાવ

સ્મરણની ભાવનાથી શો પૂરો રંગાયેલો જીવન !
પ્રભુની ભક્તિથી લાગ્યો ખરેખર શો હૃદયરંગ !

હતો સંસાર સાથે શો છતાં તૃણવત્ બનેલો તે,
રહ્યાં કરતાં મનાદિ સૌ પૂરેપૂરાં ચરણમાં તે.

સ્મરણ તે સર્વ કરવાથી અખંડ જીવતું હૃદયે,
કરાવીને, નવું જીવન કૃપાથી કેવું બક્ષ્યું છે !

સતત ઊગતાં સ્મરણ ભાવ જીવનમાં ભાવનાનો તે,
અનોખો ને નવો દેશ, હૃદય કેવો જગાડ્યો છે !

હરિઃૐ

# ધન્ય સ્મરણ જ તે

પ્રભુને યાદ કરી હૃદયે સ્મર્યાં પ્રેમે કરેલો છે,
સ્મરણથી જાગતા થઈને જીવન ઊઠવું થયેલું છે.

સ્મરણ એ ના સ્મરણ હાવાં જીવનમાંહે રહેલું છે,
સ્મરણ શક્તિ સ્વરૂપે તે જીવનમાં શું ફળેલું છે !

સ્મરણ જીવનનો લહાવો છે, સ્મરણ જીવનની લક્ષ્મી છે !
સ્મરણ જીવનની શક્તિ છે, સ્મરણ હાવાં જીવન પોતે !

નૂતન કાયાપલટ થઈ છે, સ્મરણનો કીમિયો શો તે !
સ્મરણથી કેવું નિર્મળ તે થવાયું ! ધન્ય સ્મરણ જ તે.

હરિઃૐ

## સ્મર્યાં તુજને કરેલો છે

નિરાશાના જીવનમાં શા મને હુમલા થયા તેમાં,
તણાયો છું બહુ વેળા, ગયો હારી જ હિંમત ત્યાં.

ધીરજને ખોઈ બેસી શો હું બારે વાંસ ડૂબ્યો છું !
જીવનમાં ડૂબતાં ડૂબતાં સ્મર્યાં તુજને કરેલો છે.

છતાં તેં દાદ ના આપી, મને ડૂબવા દીધેલો છે,
બધા તરવાતણા યત્નો શું ફોગટ તે થયેલા છે !

છતાં યત્નો સ્મરણકેરા કૃપાથી ચાલુ રાખીને,
રહ્યો મંડ્યો, જીવનમાં તો નવો શો ફાલ ફાલ્યો છે !

હરિઃૐ

# સ્મરણ તો આશરો મોટો

સ્મરણ તો આશરો મોટો જીવનમાં તે જણાયો છે,
જીવનમાં સિદ્ધ શો પોતે અનુભવથી થયેલો છે !

જીવનનો રંગ કેસરિયો સ્મરણથી દિલ લાગ્યો છે,
ચઢેલો રંગ શો ! જેથી સુશોભિત સર્વ લાગે છે.

સ્મરણના પાસથી કેવું હૃદય ભીંજાયેલું રહે છે !
મનન ચિંતવન **હરિ**કેરું સતત ઉદ્‌ભવતું શું રહે છે !

સ્મરણ વહાલા **હરિ**કેરું જડેલું ને મળેલું તે,
મહા સદ્‌ભાગ્યથી કેવી પ્રસાદી સદ્‌ગુરુની તે !

હરિઃૐ

## સ્મરણથી ફેરફારો શા !

સ્મરણ કરવા મતિ મુજને કૃપાથી તેં ઉગાડી છે,
પ્રભુ ઉપકાર તારો શો નહિ ભુલાય મુજથી તે !

સ્મરણથી ફેરફારો શા જીવન મારે થયેલા છે !
અનુભવથી રળાયેલા જીવનમાં શા જણાયા છે !

સ્મરણ એ તો હૃદય મારે **हरि** નૂપુરઝંકાર,
**हरि**નાં પદકમળકેરો મને દિલ સંભળાયે છે.

સ્મરણ રમઝટ હૃદય લાગી જીવનને તરબતર કેવું,
પ્રભુએ મઘમઘાવ્યું છે ! કૃપા એવી **हरि**ની છે.

હરિ:ૐ

# સમજ સ્મરણે પડાવી છે

સ્મરણ માતા પિતા મારાં, મને સંભાળ્યો કેવો છે !
શું ખરડાયેલ નરકથી શો ! મને સ્વચ્છ કરેલો છે.

મને શું ચાલતાં શીખવી કરી 'મોટો' ઉછેર્યો છે,
ગતાગમ શી જીવનકેરી સમજ સ્મરણે પડાવી છે.

કળા જીવનની કેવીયે સ્મરણથી શીખવા મળી છે,
સ્મરણ અંતરમાં ઊતરીને બધું વાકેફ થયેલું છે.

સ્મરણથી શું શું શીખ્યો છું, બધું ગણવા જ જો બેસું,
કશો સુમાર ના આવે, નમસ્કારો જ **તેને** છે.

હરિઃૐ

## સ્મરણનો નાદ લાગ્યો છે

સ્મરણની ભાવના જીવન વિશે ઊતરી હૃદય મુજને,
કર્યો મુજને શો પ્રોત્સાહિત ! હૃદય તે માત્ર જાણે છે.

સ્મરણ શો ભેરુ મુજ થઈને મને જે ઓથ અર્પી છે,
ન તેવી હૂંફ મેં ક્યાંયે જીવનમાં તે અનુભવી છે.

ટટારી ને ખુમારી શી જીવન આપત્તિ વેળાએ,
સ્મરણના ભાવથી મુજને મળ્યાં કેવાં કરેલાં છે !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણનો નાદ લાગ્યો છે,
અને એ નાદથી કેવો જીવનમાં સ્વાદ લાગ્યો છે.

હરિઃૐ

## સ્મરણ અભ્યાસ પાડ્યો છે

સ્મરણથી તરબતર જીવન અહા ! કેવું થયેલું છે !
સ્મરણના તાનથી કેવો જીવનમાં રસ પડેલો છે !

સ્મરણ કરતાં,સ્મરણ કરતાં, સ્મરણ અભ્યાસ પાડ્યો છે !
હૃદય અભ્યાસથી તેવા સ્મરણનું તાન ચઢિયું છે.

હૃદય જ્યાં તાન સાતત્ય ચઢ્યું છે પૂરની પેઠે,
જીવનમાં ભાવની છોળો ખરેખર શી ઊછળતી છે !

હૃદયનો ભાવ જાગેલો જીવનમાં ચેતનાત્મક છે,
ખરો શો ભાગ ભજવે, ને થતું કુરબાન જીવન રહે !

હરિઃૐ

## સ્મરણ કેડો ન મૂક્યો છે

હૃદય પ્રગટાવવા રસને સ્મરણમાં શા પ્રયત્નો જે,
થયા ભગીરથ છતાંયે તે શું ફાવી ના શકાયું છે !

વિના રસના પ્રયત્નોમાં ન કૈં ભલીવાર આવ્યો છે,
છતાંયે શા થયા એવા પ્રયત્ને ભૂમિ પાકી છે.

ફવાતું કે ફવાતું ના, જરા વિચાર સરખોયે
-કર્યો છે ના કશો મેં તો ઊંધું ઘાલી સ્મર્યા કર્યું છે.

સ્મર્યા કરતાં, સ્મર્યા કરતાં, સ્મરણ કેડો ન મૂક્યો છે,
સ્મરણથી પલ્લવિત નવલું જીવન તેથી થયેલું છે.

હરિઃૐ

# સ્મરણથી બુદ્ધિ પીગળે છે

બધી વ્યવહારની સમજણ અનુભવથી જ જાગે છે,
મતિ તેમાં મહત્ત્વે છે, સ્મરણથી બુદ્ધિ પીગળે છે.

મડાગાંઠો મતિની જે, બધાએ પૂર્વગ્રહ મતિના,
ધીમે ધીમે સ્મરણ રસથી અકળ રીતે જ ઓગળતા.

અનુભવની ખૂબી એવી સ્મરણની તે જીવન મારે,
હવે લખવા જ પ્રેરાયો કૃપાના શા નિમિત્તે તે !

ગમેયે તેટલું છોને, સ્મરણ પર તો લખાયુંયે,
જગતજનને કદી તોયે ગળે ઊતરે સ્મરણ ના તે !

હરિ:ૐ

# સ્મરણ દિલ પ્રેરણાત્મક જે

**हरि**ની યાદમાં કેવી મીઠી ખુશબો ભરેલી છે !
સ્મરણ **हरि**ના વિશે દિલમાં લહર લજ્જત અનેરી છે.

સ્મરણ દિલ પ્રેરણાત્મક જે બને છે ચેતનાત્મક તે,
જીવંતો જાગતો જુસ્સો, ઊંડો ઉત્સાહ પ્રગટે છે.

જીવન પલટાવી દેવાને નવીન કો શક્તિ પ્રેરે છે,
જીવનનો રંગ બદલાવી નવી ઉષા ભભક દે છે.

જૂના સૌ સ્વાંગ જીવનના બધા બદલાઈ જાયે છે,
જીવન અજવાળતાં ચશ્માં અનુભવનાં જુદાં ત્યાં છે.

હરિઃૐ

# સ્મરણથી દિલ ભાવાગ્નિ

જીવનમાં ભૂત કંઈ કંઈ શાં હતાં વળગેલ તે મુજને,
ઠરીને એક ચિત્તેયે ન પડવા ઠામ દીધો છે.

ચઢાવીને જ ચકરાવે મને કેવો ભમાવ્યો છે !
જુદા જુદા સ્વરૂપ રસમાં મને કેવો નચાવ્યો છે !

સ્મરણ ઓચિંતું જીવનમાં કૃપાથી જે ફૂટેલું છે,
જીવનનો ભાંગવા ભ્રમ શો ! પૂરું ઉપયોગી નીવડ્યું છે.

સ્મરણથી દિલ ભાવાગ્નિ પ્રગટી જીવન ઉજાળીને,
બધે અજવાળું પાડ્યું છે જીવન ઉષા જીવનની તે.

હરિઃૐ

## અમે આ ભેખ લીધો છે

સ્મરણને ભાવથી બનવા હૃદયમાં ભાવ નીપજવા,
ભજન કીર્તનતણો માર્ગ પૂરી સમજણથી લીધો ત્યાં.

સ્મરણથી સાધવા કામ હૃદય ઉત્સાહથી પંથે,
સ્મરણ લીધા જ કરવાથી સ્મરણમાં ચિત્ત ચોંટ્યું છે.

સ્મરણની યોગ્યતા બુદ્ધિ વિશે ઊતરાવીને હૈયે,
સ્મરણને સાધતાં કેવો વળાંક યોગ્ય લીધો છે !

સ્મરણ દીવો જ સળગાવી હૃદય મંદિર પાવન તે
-જીવન અજવાળીને કરવા, અમે આ ભેખ લીધો છે.

હરિઃૐ

## જીવન ના વેડફી દેવા

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, હૃદયથી પ્રાર્થના કરતાં,
નિવેદન સૌ પ્રભુપદમાં થતાં દિલ ભાવ જાગ્યો છે.

સ્મરણ શક્તિ જીવન ઊગી સ્મરણ વધુ કાળ તે ટકતાં,
સ્મરણને પ્રેમભાવેથી લીધા કરતાં મળેલી છે.

સ્મરણને નિત્ય અભ્યાસે જીવન વ્યવહારના કર્મે,
પરોવીને જીવનમાં મેં કરેલું જીવવાનું છે.

સ્મરણથી જીવવાકેરો બધો મર્મ જણાયો છે,
જીવન ના વેડફી દેવા જગતમાં તે મળેલું છે.

હરિઃૐ

# ધીરજ ધરીને સતત કેવું !

સ્મરણ કરવા, સ્મરણ કરવા, અનેકે વાર મેં દિલને,
શું સમજાવી પટાવીને, શું દિલથી કામ લીધું છે !

સ્મરણમાં ભાવ તો દિલમાં પ્રગટતાં વાર લાગે છે,
ધીરજ ધરીને સતત કેવું તહીં મથવું પડેલું છે.

સતત મથવાતણાં ધૂન, ઝનૂન કેવાં ચડેલાં તે
-હૃદય ઉમળકો સ્મરવાનો હતો તેથી ફળેલો છે.

મૂળે દિલમાં શી જિજ્ઞાસા ગરજને કારણે મુજને,
જીવનમાં ઉદ્‌ભવેલી તે સ્મરણને પંથ દોર્યો છે.

હરિઃૐ

## હૃદય મુજ એકલું જાણે

સ્મરણ કરવા હૃદય જાગી મતિ કેવી કૃપાથી તે !
સ્મરણ કેવું છતો કરવા **हरि** તે શું સમર્થ જ છે !

સ્મરણને કારણે કેવું હૃદય જોડાયેલું રહે છે !
**हरि** સાથે **हरि** ભાન હૃદય પ્રેરાવતું રહે છે.

સ્મરણ જેનું થતું રહે છે સ્મૃતિ તેની જ જાગે છે,
સકળ વ્યવહારમાં તેવું અનુભવ નિત્ય આવે છે.

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સતત ચેતાવવા દિલને,
મથ્યો કેવો રહેલો તે, હૃદય મુજ એકલું જાણે.

હરિઃૐ

## રહસ્યો ગૂઢ ખૂલ્યાં છે

જીવન ઉપાસના કેવી સતત ખીલ્યા કરેલી છે,
સ્મરણ ઉપાયથી એવો જીવનનો લાભ મળિયો છે.

સ્મરણને મેં શરૂ શરૂમાં મહત્ત્વ કૈં ન દીધું છે,
સ્મરણમાં વળગી રહેવાતાં રહસ્યો ગૂઢ ખૂલ્યાં છે.

સ્મરણથી જ્ઞાન લાધ્યું છે, અધિષ્ઠાતા જીવનનો જે
-રમી અંતર રહ્યો સાથે બધે ઘૂમી રહેલો છે.

સ્મરણ લેવાયું મુખે છો, સમય પુષ્કળ જતાં તેમાં,
સ્મરણ ઊંડે શું ઊતરીને જીવનનો ફાલ તે દે છે.

હરિઃૐ

# બધા એણે ઉકેલ્યા છે

મતિ, મન, પ્રાણ, અહં, ચિત્‌નો સ્મરણના તાનથી પલટો
-ધીમે ધીમે જીવનમાં તે થતો કેવો રહેલો છે !

સ્મરણના ભાવથી ગુણો જીવનમાં કેળવાયા છે,
ગુણોના તે પરાક્રમથી શી શી આંધી વટાવી છે !

ભયંકર કારમાં કેવાં જીવન વંટોળિયાને તે
-સ્મરણના તાનના જોશે પહોંચી શું વળાયું છે !

સ્મરણના તાનથી કેવો હૃદય ઉત્સાહ ફાલ્યો છે !
જીવનના અટપટા પ્રશ્નો બધા એણે ઉકેલ્યા છે.

હરિઃૐ

# હિમાલયના શિખર જેવા

હિમાલયના શિખર જેવા પ્રયત્નો મેં કરેલા છે,
છતાં જાણે કશુંયે ના કરંતો એમ ધાર્યું છે.

અહંકાર વધે એવું જીવનમાં તો બનેલું છે,
છતાંયે શૂન્યના શિખરે સમજપૂર્વક જીવ્યો છુંયે.

સ્મરણ અભ્યાસથી જીવને ઘડાતું ચાલ્યું આવ્યું છે,
સ્મરણ લતથી જીવનભાન સતત જીવતું રહેલું છે.

સ્મરણથી તો સ્મરણ કેવું જીવનનું દિલ થયેલું છે,
સ્મરણના અંતમાં કેવું સ્મરણનું રૂપ પલટ્યું છે !

હરિઃૐ

## મને શો તેં નવાજ્યો છે !

ગબડી ગબડી પડેલાને, લથડી લથડી ગયેલાને,
હૃદય ભાવે ભજેલાને હવે પથ તેં વળાવ્યો છે.

સ્મરી સ્મરીને, સ્તવી સ્તવીને, મહાયત્ને મળેલાને,
પરમ તારી કરુણાથી હવે પદ તેં ઢળાવ્યો છે.

મરી મથીને,મરી મથીને, તને સ્તવવા મથેલાને,
કૃપા તારી થઈ ત્યારે પ્રભુ પદ તેં વળાવ્યો છે.

સ્મરી સ્મરીને, ભજી ભજીને, તને મારો બનવવાને,
મથાયું ઉગ્ર જીવન જ્યાં, મને શો તેં નવાજ્યો છે !

હરિ:ૐ

# જીવન જીવવાની ચાવી છે

સ્મરણને દિલ લહેકાથી બહુ વિધ દોહરાવ્યું છે,
જુદાં જુદાં સ્મરણ પાસાં શુ લહેરાવ્યાં જીવનમાં છે !

કમાઈ આપ સ્મરણે તે જીવન કેવી રળેલી છે !
હૃદયમાં આત્મવિશ્વાસ મને તેથી ફળેલો છે.

જીવન વિકાસ ધપવામાં ગુણો જે કામ લાગ્યા છે,
જીવનમાંના ગુણો તે તે સ્મરણથી કેળવાયા છે.

સ્મરણ જીવનનું ભાથું છે, સ્મરણ તરવાનું સાધન છે,
સ્મરણ કૃપા પ્રસાદીની જીવન જીવવાની ચાવી છે.

હરિઃૐ

# શહૂર સ્મરણે જગાડ્યું છે

ગૂંચો, મુશ્કેલી ને વિઘ્નો જીવનના કોયડાઓને,
બધું ઉકેલવા તેને શહૂર સ્મરણે જગાડ્યું છે.

સ્મરણથી આપવીતીમાં ખબરદારી ટકેલી છે,
ટટારી ને વફાદારી સ્મરણથી શાં ચગેલાં છે !

સ્મરણની ભાઈબંધી મેં ખરેખર શી કરેલી છે !
ખરી આપતની વેળાએ મને હૂંફ એણે આપી છે.

ઘણી વેળા પડાયું જ્યાં, સ્મરણ શું ઝબકી ઝળક્યું છે !
ઉભય બે બાવડાં ઝાલી પથે પાછો ધપાવ્યો છે.

હરિઃૐ

# નિરંતરનું સ્મરણ જેણે

સ્મરણથી તો જીવન મુજને બહુ શીખવાનું મળિયું છે,
પ્રકૃતિના સ્વભાવોની ગતાગમ શી પડેલી છે.

'કશું ના જાણતો હોઉં' જીવનમાં એમ વર્ત્યો છું,
અને શો મૂઢની જેમ સ્મરણ વળગી રહેલો છું.

સ્મરણ તો જ્ઞાનમૂર્તિ છે, સ્મરણ શો ભક્તિદીપક છે !
સ્મરણ અનુભવ દશાકેરું પ્રભુના ભાવમાં તે છે.

અભાવ ભાવ ઉભયમાં પ્રભુનો રસ નિરાળો છે,
છતાં શો એકીસંગાથે ઉભયમાં તે પ્રવર્તે છે !

પ્રતાપ શો સ્મરણનો છે ! સ્મરણની શક્તિ કેવી છે !
નિરંતરનું સ્મરણ જેણે પચાવ્યું તે જ પ્રીછે છે

હરિઃૐ

# અનુભવની કથા અનુપમ

ઝલક કેવી જીવનકેરી હૃદય અદ્ભુત અનુભવીને,
સ્મરણની પર ગયો કેવો જીવનથી વારી વારીયે.


સ્મરણ ઉપાયથી કેવો થયો છું ન્યાલ જીવનમાં !
અનુભવની કથા અનુપમ જીવનની ઑર ન્યારી છે.

સ્મરણથી શીખવું થયું જે શિખાયું ના હતે કંઈથી,
સ્મરણ જેવો બીજો ઉત્તમ નથી શિક્ષક જીવનમાંહી.

હરિઃૐ

# ખંડ - ૨

# ચરણ અને શરણ



જીવનમાં તો હવે મારે ચરણ તારાં વસેલાં છે,
ચરણથી ગેલ કરી કરીને, હૃદય શી મોજ મહાલે છે !

હરિઃૐ

# ચરણથી ગેલ કરી કરીને

પ્રભુ તારો થવા કેવી સ્મરણ રમઝટ લગાવી છે,
ચરણ તારાં ભીંજવવાને ભજી ભજી ભાવ આણ્યો છે.

જીવનમાં ભાવની વર્ષા સ્મરણ ને પ્રાર્થના, કીર્તન,
ભજનભાવે ચહી, સ્તવીને હૃદય વર્ષાવી કેવી છે !

જીવનમાં ભાવનું જ્યારે થયું સામ્રાજ્ય સંપૂર્ણ,
બધુંએ નિમ્ન ઊડીને તહીં શું દૂર ભાગ્યું છે !

જીવનમાં તો હવે મારે ચરણ તારાં વસેલાં છે,
ચરણથી ગેલ કરી કરીને, હૃદય શી મોજ મહાલે છે !

હરિઃૐ

# ચરણ ઢળીને, લળી લળીને

ચરણ ઢળીને, લળી લળીને, હૃદની પ્રાર્થના કરી છે,
પ્રભુ સંભાળજે અમને રૂડી રીતે તું વ્યવહારે.

બહુ સંભાળતાંયે તે કદીક વ્યવહારમાં અમથી,
કંઈ વેતરાઈ જાયે છે ઊંધું કેવું સરતચૂકથી.

જગતના લોક તો સહેજે જતા તરડાઈ અમથા તે,
નકામું અન્યથા કેવું વિચારી, ભીંત ભૂલે છે !

થતાં તેવું જ પોતાથી વિચારે ના કદી નિજનું,
મરે શા ખાલી અથડાઈ, ભલું કરજે તું તે સૌનું.

હરિઃૐ

# हरि ચરણે જ ધરીએ ને

જીવનના ન્યાય અન્યાય **हरि**ના ત્રાજવામાં છે,
અમારાં માપ ને તોલ **हरि** સૌ રાખનારો છે.

કશીયે યોજના પૂર્વ ન કરવાની અમારે છે,
જીવનનું સૌ સમય પાક્યે **हरि** કેવું સુઝાડે છે !

જીવનના પ્રશ્ન ગૂંચોનાં **हरि** તાળાં ઉઘાડે છે,
કશી ઝંઝટ અમારે ના અમારું **તે** કરી લે છે.

જીવનની **ધા** અમારે સૌ **हरि** ચરણે જ ધરીએ ને
બધે જેમાં અને તેમાં અમે **हरि**ને નિવેદીએ.

હરિઃૐ

## ચરણ ધા મેં શી પાડી છે !

જીવનમાં ગડમથલ શી શી અનેકે વાર જાગી છે !
સ્તવી દિલ, તે નિવેદીને ચરણ ધા મેં શી પાડી છે !

કંઈક વેળા અરજ મારી પ્રભુ, તેં સાંભળેલી છે,
કંઈક વેળા પ્રભુ રા'ડો મને કેવી પડાવી છે !

હૃદય બૂમ પાડીને, ખરેખર થાકી થાકીને,
હૃદય ચેતન વિનાનો જ્યાં થતાં, તું દોડી આવ્યો છે !

જીવનમાં કેટલી વાર મદદ ચાહતાં, ન લાધી છે,
જીવનમાં કેટલી વાર ન માગી સહાય લાધી છે.

હરિઃૐ

## ચરણની ભક્તિથી કેવું !

સ્મરણ **હરિ**નું, સ્મરણ **હરિ**નું, થવા ઘેલું હૃદય મુજને,
ચરણની ભક્તિથી કેવું કૃપાથી ઊંડું લાગ્યું છે !

સ્મરણ, કીર્તન, ભજનભાવ હૃદયનું પ્રાર્થના સાધન,
નિવેદન, આત્મસમર્પણથી વળી દિલને પલાળ્યું છે.

હૃદય સ્મરતાં, હૃદય સ્મરતાં વળી વળીને સ્મરણ કરતાં,
હૃદયના ભાવ નીગળતે ચરણ તારાં ભજેલાં છે.

ભજન કીર્તન, હવે મારે નગદ નાણું જીવનનું છે,
બધો વ્યવહાર જીવનનો હવે તેનાથી ચાલે છે.

હરિઃૐ

# સતત ચરણો ભજેલાં છે

હૃદય મારે પ્રભુ તારો થવા મુકામ હરદમનો,
ચરણ ભૂમિકા થવા યોગ્ય મથંતામાં, મળેલો છે.

ભજન કીર્તન કરી કરીને હૃદયમાં ભાવ જગવીને,
જીવનની નિમ્ન વૃત્તિને તરવવા યત્ન કીધા છે.

રહીને મગ્ન સાધનમાં હૃદય ભાવ નીપજવાને,
ચરણમાં ભક્તિ પ્રેરાવા સતત ચરણો ભજેલાં છે.

ચરણની ભક્તિથી હૈયું ભીનું ભીનું રહેલું છે,
જીવનનું નિમ્ન ત્યાં કેવું પ્રભુ ભાવે ઠરેલું છે !

હરિઃૐ

# ચૂમી ચૂમીને ચરણ તારાં

'જીવનમાં કંઈક ચકરાવા ફૂલી ફુલાઈ ખાધા છે,'
સ્મરણના તાનથી તેની સમજ મુજને પડેલી છે.

સમજ જ્યાં જાગતાં હૃદયે થતાં યજ્ઞે પરોવાઈ,
હૃદયથી દમ ભીડી ભીડીને રીઝવવા પદ ઢળેલો તે.

ચૂમી ચૂમીને ચરણ તારાં, સ્મરણથી દિલ ભીંજવીને,
હૃદયથી અશ્રુ પાડીને તને વીનવ્યા કરેલો છે.

હરિઃૐ

# ચરણમાં સ્થાન પામ્યો તે

શું રોજબરોજની કેવી જીવનની યાતનાઓમાં,
ગરીબીએ વધારો શો કર્યાં તેમાં કરેલો છે.

ગરીબ જીવનતણી કેવી જુદી જુદી મુસીબત છે !
ગરીબી ભોગવ્યા વિના ન તેની કલ્પના જાગે.

ગરીબી સ્થૂળ જુદી છે, ગરીબી ભાવનાની જે,
ગરીબી સૂક્ષ્મ તે કેવી પ્રભુ જીવનમાં ખપની છે.

ગરીબાઈ જ કેળવવા કૃપાથી ભાન જાગ્યું છે,
હૃદયથી કેળવી પૂર્ણ ચરણમાં સ્થાન પામ્યો તે.

હરિ:ૐ

# ચરણ પધરાવવાં હૈયે

ચરણમાં ઢોળવા **ભાવ** ઊછળતું દિલ કેવું છે !
ચરણ પધરાવવાં હૈયે જીવન ઓવારી નાખ્યું છે.

સ્મરણના માત્ર સાધનથી અને અભ્યાસ સાતત્યે,
સૂઝ્યાં બીજાં હૃદય સાધન કૃપા કેવી **હરિ**ની છે.

થતા રહેતા જ અભ્યાસે હૃદય જ્યાં **પ્રાણ** પ્રગટ્યા છે,
સ્ફુર્યાં ઉત્સાહ, ઉમંગ, અનેરી પ્રેરણા જીવને.

સતત લાગી પડેલો જે હૃદયથી એકને એકે,
નિરંતરતા પ્રગટતાં ત્યાં જીવન હેતુ ફળાવે છે.

હરિઃૐ

# ચરણ સેવાથી દિલ તુજને

સહેવામાં, જીરવવામાં, કશું બાકી ન કંઈ રાખ્યું,
બલિહારી કૃપાની ત્યાં હું તો નિમિત્ત ખાલી છું.

હું તારા દાસનો દાસ થવા લાયક પૂરો ના છું,
છતાં સેવક ચરણનો શો થવાને પાત્ર મંડ્યો છું.

ચરણકમળે ઢળીને હું ગમે તેવું જીવન તુજને,
બનવવાને મથેલો જે તું એવા પર કૃપા કરજે.

કૃપાનો હું અભિલાષી કરે કે ના કરે તોયે,
ચરણ સેવાથી દિલ તુજને અમારે રાજી કરવો છે.

હરિઃૐ

# ચરણ ઓગળતું ચાલ્યું છે

મને સમજણતણો ફાંકો હતો ભારે જ જીવનમાં,
બધી સમજણ શી ભાંગીને કરી ભૂકો જ નાખી છે !

પ્રભુ ! ત્યારે જ દિલ મુજને ખરી સમજણ પડેલી છે,
બધીએ આવડત સમજણતણી ફોગટ ગયેલી છે.

સ્મરણના ભાનથી મુજને પ્રભુ ગમ જ્યાં મતિ વળી છે,
મતિનુંયે **अहं** ત્યારે ચરણ ઓગળતું ચાલ્યું છે.

અરે ! બુદ્ધિતણા ફાંકા અનેકે જાતનાયે છે,
સ્મરણથી ભક્તિ જાગ્યાથી જતા ઓગળતા લાગ્યા છે.

હરિઃૐ

## નિરાશા કારમી મળતાં

સતત વળગી રહેવાથી નિરંતર શું મથ્યા કરવે,
સતત શા એકના એક થતા યત્ને, મળે જય તે.

હૃદય મેળવવું ધાર્યું જે, સતત એવા પ્રયત્ને તે,
નિરંતર જે મથ્યા કરતો, વિજયને મેળવે છે તે.

જીવન એવાને ભાગ્યેયે નિરાશા કારમી મળતાં,
ઊંડે ઊંડે વમળમાં શો અહીં તહીં ઘૂમરાવે છે.

કૃપા તે વેળ તારીથી સ્મરણ પોકાર દિલ કેવો,
હૃદયના આર્ત નાદેથી ચરણ તારે જ પાડ્યો છે.

હરિઃૐ

## ચરણ સેવા જીવનમાં શી !

હૃદયથી ચાહવાકેરું જીવનમાં ને જગતમાંયે,
ખરેખરું યોગ્ય સ્થળ એ હો પ્રભુનાં પદકમળ શાં છે !

જીવનમાં મેં પ્રયોગોથી પૂરેપૂરું અનુભવ્યું છે,
પ્રતીતિ થઈ જ સંપૂર્ણ હૃદય તેથી રસાયું છે.

સ્મરણ, કીર્તન, નિવેદન ને હૃદયની પ્રાર્થના ભાવે,
પ્રભુનાં પદકમળને શાં હૃદય અંકિત કરેલાં છે.

ચરણ સેવા જીવનમાં શી મળી સદ્ભાગ્ય સૌ ભાગે !
જીવન ફળવંતું અદ્ભુત થયું એનાથી અનુપમ તે.

હરિઃૐ

## ચરણ તારે સકળ જે તે

થતું જે જે, બધું તે તે, નિવેદ્યા પદ કરેલું છે,
નિવેદ્યા તે વિના તુજને, પડે દિલ ચેન ના ક્યાંયે.

નિવેદાતાં, નિવેદાતાં, ચરણ તારે સકળ જે તે,
હૃદય હળવાશ જીવનમાં ક્રિયાશીલ કેવી પ્રગટે છે !

પ્રક્રિયા રોજ જીવનની રજેરજ જે બને છે તે,
તને નિવેદતાં ચરણે મને શું સુખ જન્મે છે !

સ્મરણથી ટેવ આ લાધી મને કેવી જીવનમાં તે,
જીવનનો ભાર ઠાલવવા મળ્યો કીમિયો જ અદ્ભુત તે.

હરિઃૐ

# ચરણકમળે જીવનપુષ્પ

ચરણકમળે જીવનપુષ્પ સમર્પિત પ્રેમભક્તિએ,
થવા કાજે હૃદયથી તે જીવનનો યજ્ઞ માંડ્યો છે.

સમર્પણ આહુતિથી તે જીવન કેવું ઘડાતું છે !
સમર્પણ યજ્ઞ જીવનમાં અપાઈ આહુતિ જે છે.

સમર્પાતાં જ આહુતિ, ન આહુતિ રહી છે તે,
સ્વરૂપ આહુતિનું મૂળે બધું બદલાઈ જાયે છે.

જીવન હેતુ વિકાસે જે હૃદયની ભાવ ભક્તિથી,
થતું જે જે, બધું તે તે, ફળે છે આપ યજ્ઞેથી.

હરિઃૐ

# બિરાજેલા હૃદય ચરણે

**हरि**ને યાદ કરવાનો જીવન લહાવો અમારો છે,
સ્મરણ વહાલા **हरि**કેરું જીવનનું બળ અમારું છે.

**हरि** કાજે, **हरि** કાજે, અમારું સર્વ જીવન છે,
**हरि** વિના બીજી કોઈ ન માથાકૂટ અમારે છે.

**हरि** અણસાર જીવનમાં મળ્યા કરતો રહે અમને,
**हरि**ના પ્યારની કેવી જીવનમાંની નિશાની તે !

સદા સેવા ચરણકેરી વિશે દિલ કેવું મશગૂલ છે !
બિરાજેલા હૃદય ચરણે જીવન મગરૂર તેથી છે.

હરિઃૐ

## ચરણ ભક્ત થયેલા જે

જીવનની ખાખ ચોળીને ચરણ ભક્ત થયેલા જે,
હૃદય મસ્તી ચઢેલી છે, જીવનમાં કોક એવા છે.

પ્રભુ કાજે જીવનમાં જે ફના હર્ષે થયેલા છે,
જીવન ચરણે વધેર્યું છે ખરે કો રત્ન એવા છે !

પદે આસક્ત સંપૂર્ણ **હરિ**માં રક્ત બનવાને,
મરણિયા થૈ ઉમળકાએ જીવનને ખર્ચી નાખ્યું છે.

હવે તારે પનારે શા અમે સાવ પડેલા તે,
નિરાધાર પૂરેપૂરા, પદે આશ્રિત છીએ તારે.

હરિઃૐ

## ચરણ આલેખ્યું છે મેં તે

મળ્યો આદેશ, જીવનનાં બધાં પાસાંનીયે હકીકત,
મને તે વ્યક્ત કરવાનો પ્રભુનાં ચરણની આગળ.

હતું જેવું જીવનમાંનું પ્રભુને સાક્ષી રાખીને,
બધુંએ તેમ તે રીતે ચરણ આલેખ્યું છે મેં તે.

જૂના જીવનની લઢણોને જીવન જે આજની સાથે,
કરી સરખામણી જોતાં થવાતું મુક્ત વર્તન તે.

થતાં બદનામ સંસારે પછીથી જીવતાં જીવને,
હૃદય શાંતિ જ રાજીપો ટકી શકશે જ 'નિશ્ચય છે.'

હરિઃૐ

## શરણ જીવનતણો યજ્ઞ

ઢળ્યા છે જે શરણ ચરણે બલિદાન સમર્પણની,
શી શી પરંપરા જે તે ઊગેલી છે શરણ પદથી !

શરણ જીવનતણો યજ્ઞ સતત શો ચાલતો રહે છે !
અને તે યજ્ઞ જીવનનો અનેરો ભેખ ન્યારો છે.

પદે હોમાવું પદ પદ શું શરણમાં જે ઢળેલાને !
ઘણી વેળા વધેરાઈ જવું પડતું ઉમળકાએ.

અનંત યજ્ઞ જીવનની અનંત હારમાળા છે,
શું હોમાનાર દિલથી જ પ્રભુને દિલ વહાલા છે.

હરિઃૐ

## શરણ તારે ઢળેલો છું

તને હું પાથરી ખોળો હૃદયથી વીનવ્યા કરીને,
મને અંકે લઈ તારે મને પ્રભુ, વહાલ તું કરજે.

ચરણ પકડી, ચરણ પકડી, શરણ તારે ઢળેલો છું,
શરણ જનની પરે રહેમ પૂરેપૂરી કરી દે તું.

'સતત તું તે મનાદિનાં બધાં કરણો વિશે જીવતો,
પળેપળ ચેતનાત્મક રહે' તને હું પ્રાર્થના કરતો.

પ્રભુ તુજ ભક્ત બનતાંમાં નિરાધાર પૂરેપૂરો,
થઈ કેવો ગયો છું હું, હવે આધાર તું મારો.

હરિઃૐ

# ઢળ્યો છું જ્યાં શરણ ચરણે

'કશું ના એમનું એમ જગત વ્યવહારમાં મળતું',
હૃદય સમજી જવાથી તે મથ્યા કેવો કરેલો છું !

પથે શો ખૂબ અથડાયો, શું રખડ્યો આડુંતેડુંયે !
કશી સૂધબૂધ નહોતી ને પૂરેપૂરો ભૂલેલો તે.

સ્મરણની લત લગાડીને પથે કુનેહથી મુજને,
ઢળ્યો છું જ્યાં શરણ ચરણે, મને ત્યાં હાથ આવ્યો છે.

હૃદય તે હાથને કેવો પકડી સજ્જડ લીધેલો છે,
ભલે ભૂલ્યો છતાં રસ્તે મને તે ઠામ લાવ્યો છે.

હરિઃૐ

# મળેલું સૌ પ્રભુનું છે

મળેલું સૌ પ્રભુનું છે, પ્રભુનું સર્વ જે તે છે,
અણુયે ને અણુમાં તે રમી કેવો રહેલો છે !

ભલેને બુદ્ધિ ચાતુર્ય હિમાલય જેટલું છો તે,
કળા, કૌશલ્ય સંગ્રહ સૌ ભલે બ્રહ્માંડ જેવાં છે !

છતાં તેયે **हरि** આગળ તણખલા જેવું તુચ્છ જ છે,
સમર્થોમાં **हरि** શ્રેષ્ઠ પૂરો કેવો સમર્થ જ છે.

**हरि**ને દિલ અમે જેવો લહી શરણું ગ્રહેલું છે,
ચરણ **हरि**નાં ગ્રહી પ્રેમે પ્રભુ પાલવ પડેલા તે.

હરિઃૐ

# સતત અભ્યાસ વૈરાગ્યે

નિવેદન નિત્ય કરવાનું નિવેદનને સતત ચરણે,
દિવસમાં કેટલી વાર કર્યાં કરવાનું રાખ્યું છે.

જીવનની રીતરસમમાં જ્યાં હૃદયનો ભાવ જાગે છે,
નિયમ તેવા વિશે ત્યારે ખરેખર **પ્રાણ** પ્રગટે છે.

જીવનના સર્વ વ્યવહારે જીવનનુંયે જ તેવું છે,
સતત અભ્યાસ વૈરાગ્યે હૃદયમાં ભાવ ઊગે છે.

હૃદયના ભાવમાં અગ્નિતણી શક્તિ પ્રગટતી છે,
જીવનનુંયે જ તેવું છે જીવનના સર્વ વ્યવહારે.

હરિઃૐ

# મનન ચિંતવન હ્દય તારું

તને મારો બનવવાને હ્દય ચાનક ચઢેલી છે,
ઊગી અનન્યતા તેમાં શું અદકું જોમ પ્રગટ્યું છે !

મનન ચિંતવન હ્દય તારું થયા કેવું કરેલું છે,
હ્દયની ધૂન એવીમાં સતત લાગી પડેલું છે.

પ્રભુની ઘેલછા ઉગ્ર શી થનગનતી સ્ફુરેલી છે !
થવા પ્રત્યક્ષ હ્દયે તે શી તાલાવેલી લાગી છે !

જીવન ઘટમાળ જીવંતી હ્દય સાકાર પામી તે,
મને મૂકી ચરણકમળે જીવન આગળ ધપાવે છે.

હરિઃૐ

# પથે સમજાવી દીધો છે

જીવનમાં દુઃખ ને વિઘ્નો શી પારાવાર મુશ્કેલી,
અનેકે વાર પ્રગટ્યાં છે, છતાં નવ લાગી ઉપાધિ.

કશો કોઈ જાતનો ખચકો જરા સરખો ન લાગ્યો છે,
હૃદય તે વેળ શો ઊલટો થઈ જાગ્રત સ્મરેલો છે.

સ્મરણ ને પ્રાર્થના, કીર્તન, નિવેદન પદ કરી કરીને,
જીવનનું સર્વ જે તે કંઈ થતું ચરણે મૂકેલું છે.

થતું સારું વળી નરસું બધું તુજને કહેલું છે,
ઈશારે તેં મને કેવો પથે સમજાવી દીધો છે !

હરિઃૐ

# ફળ્યો અભ્યાસ જીવનમાં

સ્મરણથી પ્રાર્થના સાધન મને કેવું મળેલું છે !
હૃદયની પ્રાર્થનામાંથી ભજન કીર્તન ઊગેલાં છે.

અને એથી **हरि**ને તે કહેવાનું બધું જે તે,
જીવનનું આત્મનિવેદન રૂડું સાધન જડેલું છે.

કર્યાં કરવાથી સાધન તે, હૃદય અભ્યાસમાં એવા,
પરોવાયેલ રહેવાથી ફળ્યો અભ્યાસ જીવનમાં.

બીજાં એવાં જ શાં સૂક્ષ્મ મળ્યાં સાધન જીવન મુજને !
નિરંતરના જ અભ્યાસે જીવન શક્તિ ખીલેલી છે.

હરિઃૐ

# વિરલ કોઈક વીરલા છે

સમર્પણ ભાવથી નિજના પ્રભુ પ્રીત્યર્થ જીવનને,
પ્રભુના યજ્ઞમાં હોમી હૃદય દેનાર થોડા છે.

ઊછળતી દિલ મસ્તીથી પળેપળ રોજ પ્રભુ યજ્ઞે,
જનારા આપ હોમાઈ વિરલ કોઈક વીરલા છે.


હૃદયની જ્ઞાન ભક્તિથી, હૃદયની રંગ મસ્તીથી
પળેપળ નિત્ય હોમાવું બને કો'ક ભાગ્યશાળીથી.

ઊછળતી પ્રેમ ભક્તિથી જીવન ઓવારીને હર્ષે,
પડી રહેનાર તે ચરણે જવલ્લે કોક ભાગ્યે છે.

હરિઃૐ

# ખંડ - ૩

# કૃપા અને હુકમ



કૃપાની બૂમ ખાલી શી જગતજન મારતાં પેખું !
કૃપા કરનારનું હૈયે મહત્ત્વ ના કશું જીવતું !

હરિ:ૐ

# કૃપા એ તો જીવન મારે

પરમ કરુણાળુ તુજ ગેબી કૃપાએ મુજ જીવનમાં શો !
ગહન કૈં ભાગ ભજવ્યો છે, ન કો'ની જાણમાં તે છે.

કૃપાની બૂમ ખાલી શી જગતજન મારતાં પેખું !
કૃપા કરનારનું હૈયે મહત્ત્વ ના કશું જીવતું !

કૃપા એ તો જીવન મારે ખરેખર રોકડું નાણું,
જીવનનો સર્વ મુજ ભાર કૃપાની શક્તિથી નાણું.

શી તારણહાર જીવનની પ્રભુ તારી કૃપા શક્તિ,
કૃપાની ભાવના પ્રીછે પ્રભુના ભક્તને સાચી.

હરિઃૐ

# કૃપાનુભવ થતાં કેવું

કૃપાના ભાવની વાતો બહુ કરનાર નીરખ્યા છે,
કૃપાનુભવ થતાં કેવું **અહં** પીગળી જતું પોતે !

'કૃપાનુભવ હૃદય જેને, કૃપા કરનારનું તેને
-હૃદયમાં ભાન જીવંતું ખરેખર કેવું ઝળકે છે !

મહત્ત્વ જાગતાં હૃદયે કૃપાનું જ્યાં ખરેખર તે,
ન કૈં આશા ન કૈં તૃષ્ણા, ન એને ઝંખના કંઈ છે.

જીવન જેમાં અને તેમાં કૃપાને માત્ર નીરખે જે,
પ્રભુનો ભાવ નિરંતર હૃદય શો જીવતો તેને !

નિમિત્તની રીત તે માત્ર જીવન સંસાર જીવે છે,
ન તેને વૃત્તિ વિચાર સળંગે આપમેળે છે.

શું ભાવાત્મક હૃદય તેને મનન ચિંતવન **હરિ**નું છે !
રહે છે એકધારું ને જીવે છે શો પ્રભુમાં તે !

હરિઃૐ

# કૃપાથી સાન લાગી ત્યાં

અકથ્ય દિલની કોઈ જીવનમાં વેદના તીવ્ર,
ખરેખર ઊગી, જીવનનો હું બેઠો શો ગુમાવી પથ !

ફસામણની રમતમાં હું પૂરેપૂરો થઈ મશગૂલ,
જીવનનું ધ્યેય સંપૂર્ણ પૂરું વીસરી, થયો ડૂલ.

જીવનની નિમ્ન વૃત્તિઓ ફૂલી ફાલી ફળેલી ને,
ખરે ! નિજ પાસમાં રાખી મને અંધો બનાવ્યો છે.

પછીથી મેં બહુ ફાંફાં અહીંતહીં મારવા માંડ્યાં,
પદે ભટકાઈ અફળાતાં, કૃપાથી સાન લાગી ત્યાં.

હરિઃૐ

## કૃપા તારી થતાં મુજ પર

જીવનમાં કઈ કઈ રીતે વળેલો, તે હવે મુજને,
વિહંગાવલોકને કેવું બધું સ્પષ્ટ જણાયે છે.

કૃપા તારી થતાં મુજ પર મને શો લહેરાવ્યો છે !
જુદા જુદા જીવનના તે તબક્કાથી તરાવ્યો છે.

થયું જ્યાં ચાલવું ત્યાં ત્યાં મને નીરખ્યા કરેલો છે,
કદીક તેં કાન પકડીને સીધે રાહે ચડાવ્યો છે.

મને સંમોહને કેવો પ્રવાહેથી ચળાવ્યો છે,
ભયંકર તીવ્રમાં તીવ્ર ચળ્યાનું શૂળ જગવ્યું છે.

હરિઃૐ

# કૃપાથી શી સ્ફુરાવી છે !

મહાવ્રત **આ** જીવન મુજ છે, મને સમજાવી તેં હૃદયે
-ખરેખર ભાવના તેવી કૃપાથી શી સ્ફુરાવી છે !

જીવન **આ** આપણું - એ તો શી સાચી પ્રયોગશાળા છે,
વિટંબણા, ગૂંચવાડા શા ! અનેક પ્રશ્ન જગવે છે !

ખમીર ને ભાવના, શ્રદ્ધા, જીવનની શક્તિ કેળવવા,
જીવનમાં તે મળ્યાં સઘળાં, મળી શી પ્રેરણા ફળવા !

થવા રાજી હૃદય તુજને,તને સંતોષ દેવાને,
કૃપા તારીથી શો મથતો ! મદદ મળવા સ્તવું તુજને.

હરિઃૐ

# કૃપા એ તો શી મુજ પર તે !

નમાલો સાવ **આ જીવ** જીવનમાં શો હતો ! તેને
-જીવન મર્દાનગી પ્રેરી ખરે સાવજ બનાવ્યો છે.

જીવનને ઉચ્ચતમ ભવ્ય પૂરેપૂરું બનવવાને,
હૃદય શા કોડ સેવાવી મથાવ્યા શું કરાવ્યું છે !

કૃપા એ તો શી મુજ પર તે થયા જીવન કરેલી કે
-જીવનને ઊર્ધ્વ કરવાને મતિ મુજને સૂઝેલી છે.

મને તેવી મતિએ શો મથાવીને ચલાવ્યો છે,
ભગીરથ શા પુરુષાર્થે ધપાવી દિલ ખીલવ્યો છે.

હરિઃૐ

# કૃપાથી તેં હૃદય કેવો

'ભણ્યો ભૂલે, ડૂબે તારો,' જીવનમાં સાવચેતીને,
ચીવટ સંપૂર્ણ તેથી તો જીવંતી ધારવાની છે.

હૃદયમાં તીવ્ર જિજ્ઞાસા જલે જ્વાળામુખી પેઠે,
સતત રહે જાગૃતિ મેળે અખંડ ચેતતી હૃદયે.

પળેપળ જાગૃતિ જીવન રહે છે જે વિશે હૃદયે,
અનુભવ તે વિશે તેને જીવન નક્કર મળી રહે છે.

કૃપાથી તેં હૃદય કેવો મને જીવતો કરાવ્યો છે,
અનુભવવા સ્વરૂપ જેથી મળ્યું જુદું પળેપળ તે.

હરિઃૐ

## કૃપાથી શા પ્રયોગે તે

સ્મરણ જેને **हरि**નું છે, શકે **જીવી हरि**માં તે,
**हरि**ના ભાવની તેને જીવનમાં શી અસર રહે છે !

સ્મરણ જેને થતું રહે છે પરત્વે તે હૃદય ભાવ
-ખરેખર જાગતો, તેથી ઠરે છે ચિત્ત **हरि** પાદ.

પરોવાતાં, પરોવાતાં સ્મરણમાં સૌ મનાદિને,
સ્મરણમાં મગ્ન સંપૂર્ણ થતાં, તે સાવ પીગળે છે.

કૃપાથી શા પ્રયોગે તે જીવન તેં જોતરાવ્યું છે !
અનુભવ તો થયો તેવો, શી બક્ષિસ તારી જબ્બર તે !

હરિ:ૐ

# પ્રભુ એને કૃપા તારી

જીવનમાં ખાલી ખાલી તે શું અટવાયા કરાયું છે,
કશાનો સાર ના સમજ્યો, ઊંધું જ્યાં ત્યાં ચરાયું છે.

ભયંકર કારમું દર્દ હૃદય પ્રગટાવીને મુજને,
કરી સાલ્યાં ઊંડું ઉગ્ર મને ડંખ્યા કરેલું છે.

પ્રભુ એને કૃપા તારી સમજવાની હૃદય ત્યારે,
સમજ નહોતી ખીલેલી ને કદરનો ભાવ નહોતોયે.

ઊંડું સમજ્યા વિના સાચું કશું ના ઊગી નીકળે છે,
હૃદય પરખાયેલું સાચું જીવન વર્તન કરાવે છે.

હરિ:ૐ

## કૃપા એવી શી તારી છે !

ભયંકર કેવી વિપત્તિ જીવન ઓચિંતી આવી છે,
મને ગભરાવી મૂકવાને પ્રકૃતિ દાવ ખેલે છે.

કદીક તો શો પડી ભૂલો વિપત્તિના ચઢી સ્મરણે,
રમ્યા કરવાનું કીધું છે વિપત્તિના જ રમખાણે.

હૃદય અણધારી શી ફાળ પ્રભુ પ્રગટાવીને મુજને,
વળી પાછો પથે કેવો મને તેં લાવી મૂક્યો છે.

જીવનના ધ્યેયનું જ્યારે થતું છે વિસ્મરણ હૃદયે,
સફાળો શો જગાડ્યો છે, કૃપા એવી શી તારી છે !

હરિઃૐ

# કૃપાથી બક્ષી જીવનને

લીંપ્યું ગૂંપ્યું બધું ઘરનું રૂડું જે આંગણું મારું,
બધું વણસાડી નાખ્યું છે કર્યું ભંગાણ શા સારુ ?

ઊંચે જઈને પડ્યો પાછો, કઈ રીત છેક લપસાણું ?
હજીયે ના પડે મુજને સમજ કેમ બન્યું આવું !

કઈ શી જાળમાં કેમ લપેટાઈ જવાઈને,
ફસાવાયું જ અણધાર્યું, કશુંક ખૂંચતાં જગાયું છે.

બહુએ વાર એ રીતે મને કેવો બચાવ્યો છે !
કૃપાથી બક્ષી જીવનને મને ઉગારી લીધો છે.

હરિઃૐ

# કૃપાળુ શી કૃપા કરીને

રમતમાં ને રમતમાં શું જીવનનું મૂલ્ય સમજ્યો ના,
શું અફળાતાં જ અફળાતાં પથે ભટક્યા કરાયું ત્યાં.

ફરાયું ગોળ ને ગોળ 'બહુ ચાલ્યા કરેલું છે',
જીવનમાં એવી ભ્રમણામાં ફરાયા શું કરેલું છે !

હતો હું ઠેરનો ઠેર કહીં કાળ સુધી એવી !
નકામી ખાલી ભ્રમણાની શું છેતરપિંડી તે એવી !

કૃપાળુ શી કૃપા કરીને જગાડી હીન બુડથલને,
હૃદય તુજ પ્રેમનો પાસ હવે કેવો લગાડ્યો છે !

હરિઃૐ

# કૃપાબળથી જીવનમાં તે

અક્ષુબ્ધ મન કરી શકવા જહેમત શી ઉઠાવી છે !
મનાદિ ગુણધર્મોને ઊંચા ક્ષેત્રે પરોવ્યા છે.

જીવનના ઊર્ધ્વ ક્ષેત્રે તે પરોવાતાં હૃદય ભાવે,
મનાદિ કેળવાતાં છે સ્વભાવે તે ભૂમિકાએ.

સ્વભાવ **જીવ**દશાનો જે પ્રક્રિયા ભાવનાક્ષેત્રે,
સભાને સંકળાવાથી જરૂર બદલાય છે પોતે.

પ્રયોગે ને અનુભવથી કૃપા બળથી જીવનમાં તે,
ઊંડે તે અવતરી ત્યાં ત્યાં થતું સ્થાપિત નિહાળ્યું છે.

હરિઃૐ

# પથે અજવાળું પ્રગટ્યું છે

મનાદિને પરોવવા હૃદયની ભાવનામાં તે
-કૃપાથી સૂઝ્યું છે તેવા પ્રયત્નો શા કરેલા છે !

મથંતામાં, મથંતામાં કદીક ખચકી પડાયું છે,
બહુ મથતાં છતાંયે તે ન કેમે બુદ્ધિ ચાલી છે.

હૃદયથી પ્રાર્થનાનો ત્યાં પૂરો ઉપયોગ કીધો છે,
કર્યું છે સંભળાવ્યા મેં ચરણ તે એકનું એકે.

સ્તવ્યાં કરતાં જ એ ભાવે સતત મંડાયું તે રીતે,
અચાનક કેવું ઓચિંતું પથે અજવાળું પ્રગટ્યું છે !

હરિઃૐ

# **हरि**ને ખુશ રાખ્યો છે

કૃપાથી શી જીવનમાં તો **हरि** અમને મળેલો છે !
રમાડીને રમાડીને **हरि**ને ખુશ રાખ્યો છે.

**हरि**એ જે કહ્યું તે તે ઉમળકે સૌ કરેલું છે,
**हरि**ને રાખવા રાજી અમે શું શું કર્યું ના છે !

અમારા દિલનું દિલ અમે ધારેલ **हरि**ને છે,
**हरि** સંતોષવા કોડ હૃદય ત્યારે હતા શા તે !

હજીયે કેટલો કેવો હૃદય વહાલો **हरि** અમને,
અમારું તો હવે **हरि**ને બધું સંભાળવાનું છે.

હરિઃૐ

## પ્રભુની પ્રેમભક્તિમાં

અમારે પથ ભયંકર તે મુસીબત કેવી ઊભી છે !
ડરામણું રાક્ષસી મોઢું જવા ભરખી ઊભેલું છે.

જીવનમાં શો અભય પૂર્ણ પડે કેવો જ કેળવવો,
કૃપાથી જે મળેલું છે, હૃદયથી આવકાર્યું છે.

નકારાત્મક દશામાં જે જીવન શિક્ષણની તક તે છે,
હૃદયથી એમ સમજીને અમે એવું સ્વીકાર્યું છે.

જીવનમાં લાભ તેથી તો થતો કેવો નિહાળ્યો છે !
પ્રભુની પ્રેમભક્તિમાં તરંતાને ન ભય કૈં છે.

હરિઃૐ

# હૃદયની પ્રાર્થના ત્યારે

શું ઉત્કટ વૃત્તિએ કેવો મને હેરાન કીધો છે !
મહા ઘમસાણ મંડાણું ભયંકર ઉગ્ર કેવુંયે !

અસત સતની લડાઈમાં ફસાઈ શો ગયેલો તે !
કંઈક તટસ્થતા હોવા થકી નીરખી શકાયે તે.

કદીક સત હારતું, પાછું મથે ઊભું થઈ જીતવા,
અસતનું જોર પણ કેવું પછાડે વારેવારે ત્યાં.

હૃદયની પ્રાર્થના ત્યારે જરૂર ત્યાં કામ લાગે છે,
હૃદય ચેતનને પ્રગટાવી ટટારી શી રખાવે છે !

હરિઃૐ

# હુકમથી તો મથાયું છે

સ્મરણ કરવાતણો હુકમ મને સદ્‌ગુરુએ દીધો,
થતું મુજથી કરેલું છે, હુકમથી પાળવા મેં તો.

ભયંકર કારમાં સંકટ જીવનમાં ઉદ્‌ભવેલાં છે,
સ્મરણના કારણે તેમાં પ્રભુ મુજથી ટકાયું છે.

સ્મરણને કેટલી વાર જીવનમાં સાવ ભૂલ્યો છું,
ભુલાતામાં અકસ્માત સ્મરણ તેં પાછું આણ્યું છે.

હુકમના ભાનથી મેં તો સ્મરણને પકડી રાખીને,
સ્મરણ અખંડ દિલ બનવા હુકમથી તો મથાયું છે.

હરિઃૐ

# હુકમ તારાથી તો મુજને

હુકમ તારાથી તો મુજને સ્મરણ લેવાઈ શકાયું છે,
અખંડિત તે સ્મરણ બનવા કશી શક્તિ ન મારી છે.

સ્મરણ શું વીસરાતામાં મને ધબ્બો જ માર્યો છે !
અને એ રીત જીવનમાં મને તેં ચેતવેલો છે.

હૃદયથી સદ્‌ગુરુભક્તિ સ્મરણથી ચેતતી થઈને,
કરણ આધારમાં સઘળે પ્રવર્તી કામ લીધું છે.

સ્મરણથી ભક્તિ કેવીયે જીવનમાં પાંગર્યા કરી છે !
અનુભવના પ્રદેશોમાં થતી વિસ્તાર ઊંડે રહે.

હરિઃૐ

## હુકમ તારો ઉઠાવાને

કરી પસંદગી તારી પરણવાનું કરેલું છે,
હુકમ તારો ઉઠાવાને હૃદય તત્પર થયેલું છે.

રહે રાજી તું જે રીતે જીવનમાં વર્તી તે રીતે,
તને સંતોષ દેવાને મૂક્યું છે હોડ જીવનને.

જીવન આખું જ સેવામાં સતત તારી વિતાવ્યું છે,
હૃદય એકધારું ચિંતવન શું પ્રભુ તુજ જીવતું દિલ છે.

પનારે તો અમે તારે હવે પૂરા પડેલા તે,
કૃપાદૃષ્ટિ પ્રભુ ! તારી અમો પર રાખજે પ્રીતે.

હરિ:ૐ

# હુકમથી સદ્‌ગુરુકેરા

જીવનનો પામવા અર્થ સ્મરણથી તો મથાયું છે,
સ્મરણ એ તો પ્રતીક મારે પ્રભુની ભાવનાનું છે.

મથાવાનું જીવનમાં તો સ્મરણથી તે થયેલું છે,
છતાં અંતર ન ઊતરતાં, વ્યથા ત્યારે થયેલી છે.

બહુ મથતાં, બહુ મથતાં, સ્મરણ કેમે કર્યુંયે તે,
શરીરના રોમરોમે શું ન ઊતરી તે શકેલું છે !

હુકમથી સદ્‌ગુરુકેરા સ્મરણ શું ભાવનાથી તે,
સતત દિલ રાખવા પકડી કૃપાથી શો મથેલો તે !

કૃપા જ્યારે **હરિ**ની થઈ પ્રયત્નો સૌ ફળેલા છે,
જીવનમાં પ્રેમનો ભાવ પ્રવર્તી હર્ષ વ્યાપ્યો છે.

હરિઃૐ

# હુકમના પ્રેમ પાલનથી

હુકમ મર્દાનગીનીયે કરે પાકી કસોટી ને
ધીરજ, સાહસ અને હિંમત હુકમથી કેળવાયે છે.

જીવન વિકાસનું ભાથું, હુકમના પ્રેમ પાલનથી,
ગરીબને ધન મળે તેવું, મને શું સાંપડેલું છે !

ગરક સાવ થયેલાને હુકમ મદદે તરાવ્યો છે,
ગગનમાં છેક ઊંચે ને ઊંચે **એણે** ઉરાડ્યો છે.

હુકમ માટે કંઈ ઇચ્છા, કદીયે ના કરેલી છે,
શું અણધાર્યો જ ઓચિંતો હુકમ ફૂટી જ નીકળ્યો છે.

હરિઃૐ

# હુકમ એ સદ્‌ગુરુ ભાવ

શરૂ શરૂમાં હુકમ મળતાં થયા સંકલ્પ વિકલ્પ,
જીવન સમજણ ઊગી નહોતી, કૃપાથી ઊગ્યું તે ભાન.

હુકમ તો તે જીવન રળવા, કૃપાથી શો મળેલો છે,
ઊગી તેવી સમજ જ્યારે, પડાયું ભેટી હુકમને.

પળાવામાં જરા પણ ના હુકમ ગરબડ ચલાવી લે,
હુકમ એ સદ્‌ગુરુ ભાવ થયાનું દિવ્ય લક્ષણ છે.

જીવનમાં કેટલી વાર હું ખચકાયો હતો ત્યારે,
હુકમ પ્રગટી જ ઓચિંતો ચહેરો પલટી નાખ્યો છે.

હરિઃૐ

## હુકમના હાર્દને પ્રીછવા

હુકમ બિરદાવતાં મુજને શરૂ શરૂમાં શી ગડભાંજ,
હૃદય અકળાવી મારીને જીવનમાં કેવી જન્મી છે !

હુકમના હાર્દને પ્રીછવા મતિ પાકટ થયેલી ના,
હુકમથી વર્તતાં બુદ્ધિ વિશે ભક્તિ ઊગેલી છે.

હુકમ ભક્તિથી વર્તતાં જીવન નવનીત તરી તરીને,
ઉપર આવી, શી ખુશબોથી, જીવન ત્યારે શું મહેકે છે !

હુકમ એ સદ્‌ગુરુ દિલનો, શું અંતરનો જ રાજીપો,
હૃદય ए મેળવાયાથી જીવન લહેરાયેલું તે છે.

હરિઃૐ

# હુકમની શી ખૂબી તે છે

અનુભવવા જીવન નૌતમ હુકમ શો સૂક્ષ્મદર્શક છે !
ખમીર, ખુમારી ને શૌર્ય હુકમ વર્તનથી ખીલ્યાં છે.

જીવનની ચેતનાત્મક તે ટટારી જે ચિરંજીવ છે,
તૂટે તે ના કશાથીયે, હુકમથી મેળવાઈ છે.

હુકમ જે વર્તતાં દિવ્ય, ખજાનો પૂર્ણ જીવનનો,
મળી સદ્‌ભાગ્યથી જાય, હુકમની શી ખૂબી તે છે.

હુકમનો ગૂઢ હેતુ જે, હુકમનું હાર્દ પ્રીછીને,
હુકમ પાલન કરે છે જે, જીવનરસ લહાણ પામે છે.

હરિઃૐ

# હૃદય સંતોષ સદ્‌ગુરુનો

જીવન અલબેલું બનવાને હુકમ મુજને મળેલો છે.
ખરેખર એમ દિલ સમજી હુકમ શો આચરેલો છે.

થયેલા સદ્‌ગુરુ રાજી હુકમના પાલને હૃદયે,
'હૃદય સંતોષ સદ્‌ગુરુનો' જીવન એને જ માન્યું છે.

હુકમના ચાબખા મીઠા, જીવન પર શા પડેલા છે,
અવળચંડાઈ સઘળીયે હુકમથી શી ઊડી ગઈ છે.

હુકમના પાલને કેવો મને તૈયાર કીધો છે !
હુકમ પાલનનો ઈતિહાસ ન બુદ્ધિથી સ્વીકારાશે.

હરિઃૐ

# હુકમ દિલબરની દુહાઈ

જીવનકેરી બિરાદરીનું થવા ઉત્થાન જીવનનું,
હુકમના વર્તને કેવું જીવંતું ભાન જાગ્યું છે !

હુકમની સાથ જીવનની હૃદયથી મૈત્રી લાગી છે,
હુકમનાં મર્મ ને હાર્દ હૃદયથી શાં પમાયાં છે.

જીવંતા દિલની કેવી ઊંચી પારાશીશી જે છે,
હુકમના વર્તનેથી તે શી પ્રત્યક્ષ મપાયે છે.

હુકમ દિલબરની દુહાઈ કરી દે ધન્ય જીવતરને,
હુકમ પાલન થવા શક્તિ શી સદ્‌ગુરુથી મળેલી છે.

હરિઃૐ

# હુકમ શું પારખું લે છે

જિગરના સર્વ કૌવતનું હુકમ શું પારખું લે છે !
શૂરો, ભડવીર, મરજીવો, જીવન તરવૈયો પ્રીછે તે.

હુકમ મળતાં કશી વાર, જરી પણ ના કરેલી છે,
તુરત ને શું તુરત હુકમતણું પાલન કરેલું છે.

હુકમ એ જિંદગાનીની મહા અણમોલી શી તક છે !
જીવન ઉષા શી ખીલવાની, મહા સદ્‌ભાગ્ય હુકમ છે.

હુકમ મળતાં જ વર્તતાં ઊઠ્યો છે હર્ષ ઉન્માદ,
નદીના પૂરની પેરે ફળ્યું ત્યાં ભાવનું જ્ઞાન.

હરિ:ૐ

## હુકમ ખપ ત્યાં જ લાગ્યો છે

હલેસાં મારવાં સહેજે, અમારે ના પડેલાં છે
હુકમના પાલને પાર વિમાને શા ઊડેલાં તે !

તરીને પાર કરવાની બધીએ બાવડાંની જે
-પૂરી તાકાત, હુકમથી જીવનમાં શી મળેલી છે !

શું છક્કા સૌ છૂટી જાય ભયંકર સૂક્ષ્મ સંગ્રામે
-ખરેખર ભલભલાકેરા ! હુકમ ખપ ત્યાં જ લાગ્યો છે.

હુકમના પાલને કેવો, જીવન પરવારવા વારો,
કૃપા સદ્‌ગુરુથી મુજને પૂરેપૂરો મળેલો છે.

હરિઃૐ

## હુકમ વિજ્ઞાન યોગ્ય જ છે

જીવનની ચેતનામાં તે પ્રવેશાવા હુકમ શો છે !
હુકમને બિરદાવીને જીવનમાં વર્તી જાણ્યો છે.

અનુભવવા જીવન ચેતન હુકમ વિજ્ઞાન યોગ્ય જ છે,
સ્તરે સ્તરનાં ઊંડાણોને હુકમ શું આપ ભેદે છે !

અણુ પ્રત્યેકનો ધર્મ હુકમના વર્તને પલટે,
દશા પત્યેકની જુદી, સ્વધર્મ, સાવ નોખો છે.

જુદાં જુદાં જીવન દર્શન હુકમથી શાં મળેલાં છે !
હુકમથી છેક આઘેનું શું પાસે સાવ આવે છે.

હરિઃૐ

# હુકમથી પ્રાણ પ્રગટ્યા છે

હુકમના વર્તને કેવી જીવન ઉષા ખીલેલી છે !
જીવન સૌંદર્ય અનુપમ શું હુકમથી તો પમાયું છે !

હુકમના વર્તને સ્વચ્છ જીવન કેવું થયેલું છે !
અભય ને નમ્રતા, મૌન, હુકમ વર્તનથી ખીલ્યાં છે.

હુકમથી ઊંડુ ઊંડું દિલ શું અંતર્મુખ થવાયું છે !
પ્રવેશાતું હતું જ્યાં ના, હુકમથી ત્યાં જવાયું છે.

નમાલા **આ** જીવનમાં શા હુકમથી **પ્રાણ** પ્રગટ્યા છે !
હુકમ પાલનથી જીવન **આ** નવો અવતાર પામ્યું છે.

હરિઃૐ

## અમે હુકમને પાળ્યો છે

હુકમને સમજી સમજીને જીવન રળતર થવા કાજે,
પ્રદેશે દિવ્ય પ્રેરવવા અમે હુકમને પાળ્યો છે.

ગરજ ઉત્કટ શી લાગેલી જીવનને મહાલવા કાજે !
હૃદયથી આવકારાયો કૃપાથી તેથી હુકમને.

હુકમ પ્રત્યક્ષ પરિણામ ખરું બતલાવી તે દે છે,
હુકમનાં કેટલાં કેવાં જુદાં પાસાં અનેકે છે,

જીવન પલટાવવાકેરી હુકમમાં જાગ્રતિ ધરીને,
હુકમને ધ્યેય સાકાર થવા હર્ષે ઉઠાવ્યો છે.

હરિઃૐ

## હુકમ ના માત્ર જાણ્યો છે

હુકમ એ તો અમારે દિલ શી સદ્‌ગુરુની જ મૂર્તિ છે !
હુકમ વર્તતાં ભક્તિથી હૃદય સદ્‌ગુરુ ધાર્યા છે.

હુકમ મળતાં જ સદ્‌ગુરુને અમે દિલ ચેતવેલા છે,
હુકમ વર્તતાં સદ્‌ગુરુનું અમે દિલ લક્ષ સેવ્યું છે.

હુકમને તો અમે હૃદયે હુકમ ના માત્ર જાણ્યો છે,
શું ધાર્યો **તે** હૃદય ચેતન કળા અવતારવાની છે.

હુકમથી પ્રેમનું તત્ત્વ જીવનમાં શિખવાયું છે,
અનુપમ શાં સ્તરો જુદાં જુદાં હુકમથી નાણ્યાં છે.

હરિઃૐ

# હુકમથી તે શિખાયું છે

જીવન ઘડવા, જીવન રળવાતણી તક દિલ સમજીને,
હુકમ પાલનથી જીવન **આ** શું ઉન્નત કેળવાયું છે !

ખિલવવાને જીવન પૂર્ણ, જીવન પમરાવવા કાજે,
અનુભવવા જીવન ચેતન હુકમથી તે શિખાયું છે !

બધાએ પ્રકૃતિ ધર્મ અનેકેયે કરણના જે,
નિરંતર ભાવ વર્તતાં શું મેળે ફેરવાયે છે !

જુદાં જુદાં જીવન દર્શન અનુભવવા મળેલાં છે,
હુકમના વર્તનેથી શો જીવન લાભ થયેલો છે.

હરિઃૐ

# હુકમ પાલન કરેલું છે

હુકમ શી સદ્‌ગુરુ દિલની કૃપા ઊતરેલ કેવી તે !
ગુણો વિકસાવીને ભવ્ય જીવન ઘડી તે બનાવે છે.

હુકમને પાળતાં ખચકો કદી દિલથી ન લાગ્યો છે,
ઊછળતા ધોધનો વેગ હુકમ પાલનમાં પ્રગટ્યો છે.

હુકમ મળતાં કમાણીની ખરી તક આવી પહોંચી છે !
હૃદયથી એમ ઉમંગી હુકમ પાલન કરેલું છે.

હુકમના ભાવ પાલનથી નયન પલટાઈ ગયેલાં છે,
નવી સૃષ્ટિ, નવી દૃષ્ટિ, નવી સમજણ શી જાગી છે !

હરિઃૐ

## હુકમને મેં સ્વીકાર્યો છે

હૃદયની ભાવનાથી શો હુકમને મેં સ્વીકાર્યો છે !
જીવનને સોંસરું તરીને ઊતરવા પાર, હુકમ છે.

હુકમ પ્રેમે સ્વીકારાતાં હુકમ જેવું ઘડે છે જે,
ન તેવું કોઈ ઘડી શકશે અનુભવથી પિછાણ્યું છે.

હુકમને આવકારાતાં, હુકમનો હેતુ સમજીને,
ઘડાવાની રીતે કેવું ઘડાવાનું બનેલું છે !

**हरि**ની મહેરબાનીની હુકમ એ તો નિશાની છે,
જીવન મારું હુકમ પાલન થકી તે પાંગરેલું છે.

હરિ:ૐ

# હુકમ તો ચાવી પોતે છે

જીવન તાળું ઊઘડવાની હુકમ તો ચાવી પોતે છે,
હુકમ વર્તનથી ઊતરાતું, પ્રવેશાતું જીવન કેંદ્રે.

હુકમ શો વજ્ર જેવો તે શરૂ શરૂમાં જ લાગ્યો છે,
અનુભવથી છતાં હુકમ નિરાળો સાવ પોતે છે.


ન કૈં વાતે જરી સરખી જબરજસ્તી હુકમની છે,
શી બક્ષે સ્વતંત્રતા હુકમ, હુકમનો ભક્ત જાણે છે.

હુકમ ઊઘડાવીને નયનો બધું જોતો કરાવે છે,
હુકમથી સાબદો કેવો થયેલો છું બધી રીતે !

હરિઃૐ

# ખંડ - ૪

## પ્રભુરસની કળા શી તે !



પડે રસ જે વિશે ઊંડો મનાદિ સ્થિર ત્યાં રહે છે,
રસવવાને મનાદિને રીતે તેવું મથાયું છે.

હરિ:ૐ

# કશાથી વેગળો ના તે

પ્રભુના તે જીવનમાં તો જીવનનાં સર્વ ક્ષેત્રોમાં,
જીવંતો રસ ઝરંતો છે, છતાં ન્યારો જ શો તે ત્યાં !

ગળેલો ત્યાં છતાં પૂરો હૃદયમાં એક રસ પણ છે,
છતાં તોયે **हरि** ભાવે હૃદય ભરપૂર કેવો તે !

પરસ્પર શા વિરોધાત્મક જીવન એવા વિશે પોતે,
રહેલો એકસરખો શો ! પ્રભુરસની કળા શી તે !

પ્રભુનો જ્ઞાની જે ભક્ત કશાથી વેગળો ના તે,
નિમિત્ત તે ભળેલો શો ! છતાં જુદો તરેલો છે !

હરિઃૐ

# પડે રસ જે વિશે ઊંડો

પડે રસ જે વિશે ઊંડો મનાદિ સ્થિર ત્યાં રહે છે,
રસવવાને મનાદિને રીતે તેવું મથાયું છે.

કૃપાથી બુદ્ધિ વપરાઈ જીવનના ઊર્ધ્વ ક્ષેત્રે ને
-થતાં ઉપયોગ ભાવેથી થતી ગઈ સૂક્ષ્મ મતિ ત્યાં તે.

સતત એ રીત વપરાતાં ઊગમ મતિ ઉચ્ચ તે ક્ષેત્રે
-થતી કેવી ગઈ, અનુભવ થયા તેવો કરેલો છે !

પછી તો શાં મનાદિએ રસે ડૂલ્યાં કરેલાં તે,
પછી શાં કૂદકે ભૂસકે મનાદિ વિકસેલાં છે !

હરિ:ૐ

## હૃદય આકર્ષણે રસ છે

પરસ્પર પ્રેમ હૈયે જ્યાં પરસ્પરમાં ખીલેલો છે,
પરસ્પરથી ઝઘડવામાં મજા કેવી અનેરી છે !

હૃદયના પ્રેમની સાથે ઝઘડવાનું ગમે છે તે,
ઘડીકભર તો રિસાવાનું હૃદયથી પ્યારું લાગે છે.

કદીક શું વેગળું ખસતાં સતત  પ્રેમીતણા સ્મરણે
-તણાવાનો, રસાવાનો, હૃદય આકર્ષણે રસ છે.

જીવનમાં એકલો માત્ર **हरि** રસથી જ  ભરપૂર છે,
અમારે તો હૃદયમાં શું **हरि**ની સાથ સગપણ છે.

હરિઃૐ

## હવે બસ માત્ર રસજીવન

જીવનમાં તુજ સંગાથે ભળી રસબસ થવાનું છે,
હૃદય એવી તલપથી શું હૃદય ખેંચાણ લાગ્યું છે !

જીવનમાં ભાવની ઉષ્મા ખીલી ઊઠી કળા સોળે,
જીવન ઉષા શી પુરબહારે ખીલી કેવી ઊઠેલી છે !

ચરણમાં શું લપાઈને સૂવા આનંદ કેવો છે !
અનુભવવા ચરણ રસને જીવન લાગી પડેલું છે.

હવે બસ માત્ર રસજીવન, બધે રેલાયેલો રસ છે,
બધાંમાં રસ અનુભવતાં ઝર્યા કરતો જ લાગે છે.

હરિ:ૐ

## हरि રસ કેંદ્ર બિંદુએ

બધાંએ પ્રકૃતિ પાસાં વિશે પ્રત્યેક પાસું જે,
જુદાં જુદાં પરસ્પરથી છતાં શાં સંકળાયાં છે !

જગત જુદું જુદું લાગે કશો સંબંધ જાણે ના,
પરસ્પરથી જ સંબંધે છતાં તે એકરસથી ત્યાં.

મહા મોંઘામૂલું રસનું જીવનનું કેંદ્ર બિંદુ તે,
પરત્વે લક્ષ ચોંટાડી શી દૃષ્ટિ ત્યાં ધરાવી છે !

વળી વળી દિલ આકર્ષણ **हरि** રસ કેંદ્ર બિંદુએ,
સતત કેવું ઊભું રહી ત્યાં મનાદિને હસાવે છે.

હરિઃૐ

## જીવન સર્વોપરી રસ છે

હૃદય રસ મોજ જીવન છે, જીવનથી રસ ન જુદો છે,
જુદો પાછો છતાં ભેળો અનોખો સર્વથી શો તે !

જીવનમાં રસનું ભોજન છે, શી રસનીયે તડાતડી છે !
જીવન સંસારમાં જ્યાં ત્યાં શી ખેંચાખેંચ રસની છે !

શું રસ લેવા બધાં દોડે ! શું રસ માટે પડાપડી છે !
બધાંને રસ શું ભાવે છે ! બધાંને તે જ તાવે છે.

બધી દુનિયા જ રસની છે, બધું રસથી જ ભરપૂર છે,
બધાં રસથી જ ડોલે છે, જીવન સર્વોપરી રસ છે.

હરિ:ૐ

# બધું રસથી જ જે તે છે

જીવનનો સર્વ વ્યવહાર બધો રસથી જ ચાલે છે,
વિના રસ એક ડગલુંયે ન કોઈથી ભરાયે છે.

ગતિનું મૂળ કારણ તો ખરે, રસ કેંદ્ર બિંદુ છે,
બધું રસથી જ જે તે છે, રસે તે ઉદ્‌ભવેલું છે.

બધું પોષાતું રસથી ને રસે નભતું જ સૌ જે તે,
રસે લય પામતું જે તે, બધે રસની જ લીલા છે.

જીવનનું મૂળ કારણ જે અમે બહુ પેર નીરખ્યું છે,
અમોને રસ વિના ક્યાંયે બીજું કારણ મળ્યું ના છે.

હરિઃૐ

## હરિનો રસ અનુભવશે

જીવનના સત અસત વિશે **હરિ** પોતે રહેલો છે,
**હરિ** ના વેગળો પોતે કશાથી ક્યાંય અળગો છે !

જીવન સમજાય એવું ના, જીવનમાં તે અનુભવવા,
કરી યાહોમ જે ઝૂકે હૃદય થનગનતી તત્પરતા.

ફના થાવાની કેવીયે શી તાલાવેલી ઉત્કટ છે !
વિરલ કો વીરલા એવા **હરિ**ને શા અનુભવશે !

જીવનની સત અસતની જે પ્રકૃતિ દ્વંદ્વની રમતે,
જીવન પામેલ રંગીલા **હરિ**નો રસ અનુભવશે.

હરિઃૐ

## જીવન રસ તે પ્રભુકેરો

સ્મરણ ભક્તિતણી કેવી જીવન સરવાણી ફૂટી છે !
સ્મરણથી બી મુકાયેલાં ભિનાશે તે ઊગેલાં છે.

ભૂમિકા શી જુદી જુદી સ્મરણનીયે જીવનમાં છે !
જુદી જુદીતણો રંગ જુદો કેવો અનેરો છે !

બધા તે રંગ ભાળ્યા છે, બધા તે રંગના રસથી,
જીવન રસ તે પ્રભુકેરો અનોખો સાવ ન્યારો છે.

જીવનમાં સર્વતોમુખી થઈ પ્રસર્યો બધે શો તે !
જહીં જહીં સ્પર્શ લાગ્યો છે, નવા રંગો ખીલેલા છે.

હરિ:ૐ

## જીવન રસ ભક્તિથી કેવો

સ્મરણથી તો જીવન ભૂખ ખરેખર કેવી ઊઘડી છે !
અને અંતર ભભૂકીને બધે જ્વાળા જ પ્રસરી છે.

અભીપ્સા કેવી જીવનની હૃદય ભડભડતી સળગીને,
મને જીવતાં જ ધગધગતા પ્રયત્ને સંકળાવ્યો છે.

મતિ, મન, પ્રાણ, અહમ્, ચિત્‌ને પરોવાયેલ રાખીને,
જીવન રસ ભક્તિથી કેવો ચરણકમળે ચખાડ્યો છે !

પ્રભુના દિવ્ય જીવનનો હૃદય આનંદ કેવો તે,
ઝલક મસ્તીભર્યો ભાવ જીવનમાં સંપડાવ્યો છે.

હરિઃૐ

## જીવન ન્યારું, જીવન રસથી

જીવનનું એકનું એક મળ્યું જુદી રીતે અમને,
જુદા જુદા તબક્કામાં જુદો કેવો અનુભવ છે !

હૃદયનો ભાવ જે કાળે જીવંતો જેમ છે જીવને,
જીવનનું સત્ય ત્યારે તે પ્રમાણે કેવું લાગે તે !

પરંતુ સત્ય તો નોખું બધાંથીયે અલગ પોતે,
ભળેલું સર્વ સંગાથે છતાં પોતે શું જુદું છે !

ભળી સંપૂર્ણ તે જાય શું રગદોળાય દિલ રસથી,
છતાં સાક્ષી અનુભવમાં જીવન ન્યારું, જીવન રસથી !

હરિઃૐ

# બધી રચનાનું તે કારણ

હૃદય રસની રમત રમઝટ વિશે ક્યાંયે સમય ના છે,
સમય સ્થળનું જ રસ વિશે બધું અસ્તિત્વ પીગળે છે.

ખરેખર રસ લીધે જે તે રસાયેલું જણાયે છે,
**લીલા** રસ કારણે જે તે પરસ્પર સંકળાયું છે.

પરસ્પર જીવને રસ શો પરસ્પરની જ સાંકળ છે !
જગત જે તે બધું કેવું રસે ભરપૂર રસાયું છે.

બધે જે તે બધાંનાથી થતું જે જે બધું રહે છે,
બધી રચનાનું કારણ તે ખરેખર મૂળમાં રસ છે.

હરિઃૐ

## જીવનનો યજ્ઞ કેવો છે !

**हरि** રસ કેંદ્ર બિંદુના મહાસાગર વિશે તરીને,
અમારો જીવવાકેરો જીવનનો યજ્ઞ કેવો છે !

બધે જેમાં અને તેમાં અમે હોમાઈ શા જઈએ !
તહીં હોમાઈ સંપૂર્ણ રસે તરબોળ થઈ જઈએ.

છતાં નોખા રહીએ શા અને તે કારણે રસને,
સ્તરે સ્તરમાં જ મહાલીને પરખી લઈએ શી વૃત્તિને !

વલણ પ્રત્યેક વૃત્તિનું જુદું જુદું ભલે લાગે,
શું એકાકાર જીવનમાં વણાયેલું સળંગે છે.

હરિઃૐ

## મહાઅવસર મળેલો છે

જીવનના કેંદ્ર બિંદુનું વલણ તે એકધારું છે,
સતત આકર્ષણે કેવું **हरि** રસમાં વળેલું તે !

જીવનમાં રસ વિના કયાંયે મહત્ત્વ ના કશાનું છે,
વળી રસ છે જીવન તો જ જીવન ટકતું રસાધારે.

**हरि** રસ શો રસેશ્વર છે ! રસે આકર્ષી લીધો છે,
સતત રસની પરત્વે શો મને ખેંચ્યા કરેલો છે.

હવે રસના મહાસાગર વિશે તરવાતણો લહાવો,
અમારે નિત્ય લેવાનો મહાઅવસર મળેલો છે.

હરિઃૐ

# બધા અસ્તિત્વનું મૂળ

અમે રાજા ખરેખર શા જીવન પ્રત્યેક રસના તે !
અમારા દિલમાંથી શો બધો રસ તે વહેતો છે !

ટપકતાં રસતણાં બિંદુ થકી શાં વિશ્વ સર્જાયે,
અને એ વિશ્વ લીલામાં પહેલો કેંદ્રમાં રસ છે.

બધે બ્રહ્માંડમાં રસ તે રમી કેવો રહેલો છે !
જીવનમાં કેંદ્રના રસની બધી લીલા ખરેખર છે.

અનેકે રૂપમાં કેવો રમી પોતે રહેલો છે,
બધા અસ્તિત્વનું મૂળ ખરેખર રસ શું પોતે છે !

હરિઃૐ

## हरिએ શો મથાવ્યો છે !

**हरि** રસથી જ રંગાવા જીવન કેવું મળેલું છે !
પરંતુ **જીવ**દશા જીવનતણો રસ નિમ્ન રીતનો છે.

પ્રકૃતિનાં જુદાં જુદાં સ્તરોયે શાં અનેકો છે,
સ્તરો એક્કેકના રસ શા જુદા જુદા નિરાળા છે !

જીવનની સર્વ ભૂમિકામહીં રસ તો ભરેલો છે,
રસે પ્રત્યેક તેવાથી જીવનમાં **જીવ** જીવે છે.

સકળ બ્રહ્માંડમાં ક્યાંયે જીવન કોઈ ન રસ વિના,
અને રસ શોધવાને તે **हरि**એ શો મથાવ્યો છે !

હરિઃૐ

# જીવન વર્ષા થયેલી છે

હૃદયમાં ગોઠડી કેવી પ્રભુ તુજ સાથ બાંધી છે,
જીવનમાં સંગ તારો તે મને કેવો રખાવે છે !

સતત એ સંગથી કેવો જીવનમાં રંગ જામે છે !
હૃદય તે રંગની મહોબત શું દિલ આકર્ષનારી છે !

સતત આકર્ષણે તારે જીવનમાં રેલવ્યો રસ છે,
હૃદય તે રસની મસ્તીથી રસાયું કેવું જીવન તે !

હાવાં બસ માત્ર રસ રેલી જીવન વર્ષા થયેલી છે,
જીવનની માત્ર બલિહારી પ્રભુ વહાલાં ચરણમાં છે.

હરિઃૐ

## પથે મથતાં, સતત મથતાં

કરેલો વજ્ર સમ નિશ્ચય કદીક તૂટી પડેલો છે,
છતાં હિંમત ન હાર્યો છું, પથે વળગી, મથેલો છું.

પથે મથતાં, સતત મથતાં, હૃદય શ્રદ્ધા શી જાગી છે !
હૃદય શ્રદ્ધા બળે કેવો પડ્યો મથવા વિશે રસ તે !

હૃદય રસ લાગતાં કેવી ઊડી ગઈ શુષ્કતા ક્યાંયે,
હવે જીવવા વિશે રસ શો મને પડવા જ લાગ્યો છે !

હૃદય જે યત્નમાં રસ છે, સતત તેવું જ મથવામાં
-પરોવાયેલ રહેવાતું, ઝરે આનંદ મસ્તી શાં !

હરિઃૐ

## હૃદય ચસકો પ્રભુ તારો

જુદી જુદી જાતના કેવા જીવન ભસકા પડેલા તે !
અનુભવતાં જ શા ચોંટી હૃદય લાગેલ છે અમને !

બળાત્કારે પ્રભુ તેં શું સ્મરણ તારું કરાવ્યું છે !
હૃદય ચસકો પ્રભુ તારો મને કેવો લગાડ્યો છે !

પ્રભુ, હું ભૂતની પેઠે પડ્યો પાછળ નિરંતર શું !
હૃદય બસ ધૂન લાગી કે હવે બસ એકલો છે તું.

**हरि**, તુજમાં હૃદય હાવાં મળી, ભળી ને ગળી જવું છે,
પ્રભુ રસમાં પૂરેપૂરું અનંતાનંત રમવું છે.

હરિઃૐ

## તમારી સાથ જીવનમાં

તમારી સાથ જીવનમાં મહોબત કેવી લાગી છે !
સતત દિલ શાં મનાદિને તમોમાં સંકળાવે છે !

અમારાં પ્રાણ, મન, દિલ, સૌ અમારાંયે રહ્યાં ના છે,
અમારું બોલવા જેવું કશું એવું રહ્યું ના છે.

તમારામાં સમાઈને ચરણ સમરસ થયેલાં છે,
અમોને નિજના પૂરા તમે કેવા સ્વીકાર્યા છે !

ભળેલા ને ગળેલાયે ચરણ શાં એકરસ ભાવે !
થઈ દિલ **एक** પડે રસ શો તને સંબોધવાનોયે !

હરિઃૐ

# હૃદયનો પ્રેમ તો કેવો

હૃદયની પ્રેમની કેવી જીવન રંગત અનેરી છે !
ગણતરી કે બીજાં મૂલ્યોતણું અસ્તિત્વ ના ત્યાં છે .

હૃદયનો પ્રેમ તો કેવો મળી, ભળી ને ગળી રસમાં
-જવા ઉત્સુક શું તત્પર છે ! શું લક્ષણ પ્રેમનું  તે ત્યાં !

થવાને એકરસ પોતે હૃદયનો પ્રેમ ઝંખે છે,
છતાં ત્યાં પેસવા એને શું નડતર લાખ કોટિ છે !

પૂરેપૂરો હૃદય તત્પર ખરેખર એક બનવાને,
ગળેલો ત્યાં છતાં પોતે ન તેવો ક્યાંય વરતાયે.

હરિઃૐ

## મને ચેતાવી દીધો શો !

પથે શા મોહ, લોભાદિતણા ફંદે ફસાયો ને
-હું સપડાઈ ભરાયો છું, વળી કામાદિ તોફાને.

પ્રભુ તેમાં લીધો રસ શો ! અનેકે વાર લપસ્યો છું,
હતું ઠેકાણું ના મારું ગમે તેમ હું ચરેલો છું.

થયો ઉપરામ ના, ઊલટો ભરાઈ વારેવારે શો,
અનેકે ફંદ એવામાં, પથે ગબડ્યા કરેલો છું.

પડી રસમાં પથે જ્યારે શી અડચણ તે મહા ભારે,
રસે ખચકો મને પડતાં ત્યહીં વિચાર જાગ્યો છે.

હૃદે એવી રીતે ઊંડો મને ઊતરાવીને કેવો,
વિચારાવી ફરી ફરીને મને ચેતાવી દીધો શો !

હરિઃૐ

## સતત આનંદ, આનંદ

સતત આકર્ષણે ઘેલું હૃદય રસ કેંદ્ર બિંદુમાં,
પળેપળ શું રહ્યા કરીને નવાડ્યો શો રસામૃતમાં !

જીવનમાં રસ પડે તેવી રમત લીલા શી માંડી છે,
સતત આનંદ, આનંદ લહર મહાલ્યા કરેલી છે.

હૃદય આનંદ રસ રેલો સતત વહેતો રહેલો છે,
અખંડિત શો વહેંચાતો દિશામાં સર્વ રેલે છે.

શું પોતે રસ જુદાં જુદાં રૂપે કેવો અનેરો છે !
બધાંમાં **एकरस** વહે છે, છતાં પોતે નિરાળો છે.

હરિ:ૐ

# ખરેખર ભાગ્યશાળી તે

**हरि** ભક્તિરસે રંગે નશો જેને ચઢેલો છે,
સમર્પણ દિલ કરનારા જીવનમાં કોક ભાગ્યે છે.

ચરણમાં એકરસ થઈને જીવનમાં રોમરોમેયે,
**हरि** ભક્તિથી રંગાઈ જીવન જીવનાર કોક જ છે.


જીવનમાં યાહોમ કરી દઈને ઝૂકવનારા ચરણકમળે,
ચરણમાં ખાખ બનનારા જીવન રસિયા વિરલ વીર છે.

હૃદય સંતોષ દેવાને પૂરેપૂરો હૃદય પ્રિય જો,
જીવન જે હોડમાં મૂકે ખરેખર ભાગ્યશાળી તે.

હરિઃૐ

# ખંડ - ૫

## ખૂબી કેવી ગરજની છે !



ગરજને જાણવું જે છે સદા એકાગ્ર તેમાં તે,
બીજે ના લક્ષ એનું છે, ખૂબી કેવી ગરજની છે.

હરિઃૐ

## ખૂબી કેવી ગરજની છે !

ગરજથી કેવું જીવનમાં રહે દિલ તીવ્રતાવાળું,
વળી તે શારડી જેમ ઉતારે આરપારે શું !

ગરજ કેવી વિષય પ્રત્યે ધરાવે સાવચેતી ને
હૃદય જે જાણી લેવાનું ગરજ તે જાણી લે પોતે.

ગરજને જાણવું જે છે સદા એકાગ્ર તેમાં તે,
બીજે ના લક્ષ એનું છે, ખૂબી કેવી ગરજની છે.

પ્રભુની મહેરબાની કે જીવનની કેવી ઉત્કટ તે,
ગરજ અમને શી લાગેલી જીવન જેથી રળાયું છે.

હરિઃૐ

# ગરજ પોતે જ ગુરુ છે

ગરજ પોતે જ ગુરુ છે, ગરજ જાગેલ શીખવશે,
ગરજ પોતે ભણાવે છે, ગરજથી અર્થ સૌ સરશે.

ખરેખરી શી ગરજ પોતે જીવનમાં શી રખાવે છે,
ખબરદારી ગરજ પોતે જીવનમાં શી રખાવે છે.

ટટારી ને ખુમારી શી જીવનમાંની ગરજ પોતે,
જીવન પ્રત્યક્ષ પ્રગટાવી અનુભવમાં જગાડે છે.

ગરજના જે વિષયમાં તે ગરજ ના ભૂલવા દે છે,
ગરજ ચેતનવંતું કેવું સ્મરણ તેનું રખાવે છે !

હરિ:ૐ

## ગરજ દુનિયા અમારી છે

ગરજ દુનિયા અમારી છે, ગરજ જીવન અમારું છે,
ગરજના ભાનથી માર્યા અમે માર્યા જ શા ફરીએ !

સ્મરણના હાર્દમાં કેવા કર્યા ગરકાવ ગરજે છે !
જીવન ઘડવા વિશે ગરજે જીવન શો ભાગ ભજવ્યો છે !

ગરજના કેટલા કેવા હૃદય ગુણગાન ગાવું હું,
ગરજને મેં ગુરુ હૃદયે સ્વીકારીને નમેલો છું.

ગરજથી જીવનમાંહી મળેલું કેવું કેવું તે!
ગણતરી તે ગણાવાને હવે મુજ દિલ ન તત્પર છે.

હરિઃૐ

## હૃદય જેને ગરજ લાગે

જીવન જેવું મળેલું છે, જીવન તેમાંથી અનુભવવા,
હૃદય જેને ગરજ લાગે, સમર્થ તે જ મેળવવા.

જીવન જેની પડેલી છે, હૃદય તેને પ્રીછી લે છે,
પ્રીછી અપનાવી તે લે છે, હૃદય નિજનું બનાવે છે.

નરકમાંહે સુવાડીને અનુભવ જે કરાવ્યો છે,
નરક હોવા છતાં તોયે સ્મરણને ના ભુલાયું છે.

પ્રતિષ્ઠા જે જીવન પામે હૃદય રંગાય અનુભવ જે,
ભૂંસાયું તે ન ભૂંસાયે, જીવન શું ઓતપ્રોત જ છે !

હરિઃૐ

# ગરજથી જાગતું દિલ

સ્મરણ અભ્યાસથી મેં શી ગરજનેયે જગાડી છે !
ગરજથી તે પથે કામ થયા કેવું કરેલું છે !

ગરજ જીવતી થયા કેડે થતાં યત્ને મજા જે છે,
ગરજથી જાગતું દિલ અનુભવી તે શકે પોતે.

મીઠું મીઠું બધું લાગે ગરજથી જે મળે તે તે,
ગરજથી તે પ્રયત્ને જ જીવન કેવું રળાયું છે !

ગરજ પાકી સ્મરણથી તે હૃદય કેવી થયેલી તે,
બલિહારી સ્મરણની શી હૃદય ગાવું ફરી ફરીને !

હરિઃૐ

# ગરજ જાગ્યા વિના પાકી

ગરજ જાગ્યા વિના પાકી ન સોબતનો ચઢે રંગ,
મળેલાંના અનુભવથી નીરખિયા રંગ ને ઢંગ !

હૃદય ચાનક ચઢ્યા વિના લીધો વેશ ભજવવાનો,
પછી પાછા પડ્યા તેમાં કહો ત્યાં દોષ છે કોનો ?

મરી ફીટ્યાતણું પાકું શૂરાતન દિલ પ્રગટ્યું હો,
વળી જો ધ્યેયને કાજે ફનાગીરી વહોરી લ્યો,-

-પછી જીવનતણા તેવા બધાએ રંગ ન્યારા છે,
હૃદયનું તીવ્રતમ ઊગ્યું બધું ત્યાં આપ બોલે છે !

હરિઃૐ

# ગરજના ભાનથી કેવું

ગરજના ભાનથી કેવું સ્મરણ દિલમાં થયેલું છે,
સ્મરણથી જે ચલાયું છે, જુદી પગથી જીવનની તે.

સ્મરણના ભાવથી કેવો જીવન પટ સાવ બદલાઈ
-નવો ચીલો પડાવ્યો છે, સ્મરણની ભાવ શક્તિ શી !

નવો પટ શો પડાવીને જીવન બદલાયું કેવું છે !
અનુભવથી જણાતાં શી પ્રતીતિ દિલ પ્રસારી છે.

હવે તો **આ** જીવનમાં ના મનવવું કૈં રહેલું છે,
અનુભવથી જ સાબિતી મળી રહે જેની તેનીયે.

હરિઃૐ

## ગરજ પ્રગટ્યાથી તે પ્રત્યે

જીવન વિકાસના કર્મે સ્મરણથી ખંત જાગ્યો છે,
સતત રહેવાયું ક્રિયાશીલ ખરેખર ખંતને લીધે.

ગુણો જે જે ખરા ખપના જીવન વિકાસના કર્મે,
ગરજ પ્રગટ્યાથી તે પ્રત્યે ગુણો શા કેળવાયા છે !

થવાનું કેવું મારે તે સ્મરણના લક્ષના લીધે,
હૃદય શી જાગૃતિ મુજને સતત એની રહ્યા કરી છે !

સ્મરણ શું એકનું એક છતાં એની પરત્વે તે,
જીવંતું લક્ષ ધરાયાથી થતું ઉન્નત રહે શું તે !

હરિઃૐ

## ગરજ ઉત્કટ ન જાગેલી

અનુભવવા જીવન જેઓ નિમિત્તે શાં મળેલાં છે !
ગરજ ઉત્કટ હૃદયમાં કૈં ન જાગેલી જ વરતાયે.

કશો પુરુષાર્થ જાતે તે ન કરવા દિલ જાગ્યું છે,
વળી જે કોઈક કરતા તે તમન્ના તેમને ના છે.

કશું કરવા ન તત્પરતા ન તાલાવેલી જાગી છે,
ફના સંપૂર્ણ થઈ જાવા ન એવી લહે લાગી છે.

પછી બૂમો નકામી કાં તમે માર્યા કરો અમથા ?
અમારા દોષ કાં જુઓ ? શું પાણી નિજ જુઓ કાં ના ?

હરિ:ૐ

## ગરજ ઉત્કટનું લક્ષણ કે

કશીક તૈયારી તત્પરતા કશા વિશે હૃદય જાગ્યે,
ગરજ શી આપમેળેયે હૃદય તે વેળ જાગે છે !

શરીરના રોગથી મુજને સ્મરણ લેવાની હૃદયે તે,
ગરજ કેવી ખરેખરની હતી લાગી જીવનમાં તે !

ગરજ ઉત્કટનું લક્ષણ કે વિષયની આરપારે તે,
તમોને લઈ જવા કેવી ગરજ તત્પર સદા તે છે !

ગરજને કારણે કેવો શક્યો રહી ચેતતો હૃદયે,
જીવનમાં સાવધાની શી મને ગરજે રખાવી છે.

હરિઃૐ

## ગરજ જેમાં હૃદય લાગ્યે

ગરજ જાગ્યાથી દિલથી શા તમે ખુવાર થઈ જાઓ !
છતાં ના ભાન તેવું રહે, ખૂબી એવી ગરજની છે.

ગરજ જેમાં હૃદય લાગ્યે સતત વળગેલ ત્યાં હો છો,
ગરજને કારણે મશગૂલ વિષય પ્રત્યે તમે રહો છો.

ગરજ શો લાભ લઈ લેવા હૃદય ચેતેલ રાખે છે,
ગરજથી ભાન એકાગ્ર વિષય પ્રત્યે ધરાવે છે.

ગરજ પાછળ પડાવે છે, ગરજ પાછળ દડાવે છે,
ગરજ પાછળ પડ્યા વિના કશું ના મેળવાયે છે.

હરિઃૐ

# ગરજ જ્યાં તીવ્રતમ જાગી

સ્મરણથી શી ગરજ હૃદયે જીવન તે વેળ જાગી છે !
જીવનને વાળવા ચરણે સમર્થ શી થયેલી છે !

જીવન જ્યાં એક વેળા દિલ વળીને તે થતાં **एक**,
ગરજ જ્યાં તીવ્રતમ જાગી ઉછાળા મારતી શી દિલ !

વિષયના હાર્દને ત્યારે હૃદય નજદીક ખેંચે છે,
ગરજ ત્યારે અનુભવ શા જીવનમાં ઑર બક્ષે છે.

ગરજ તે વેળ જીવનમાં નવાં શાં રૂપ બદલે છે !
અભીપ્સા શી જીવન મૂળ અનુભવવા બનેલી તે.

હરિઃૐ

# ગરજ જ્યાં દિલ જાગે છે

ગરજ જ્યાં દિલ જાગે છે, ગરજના તે વિષય પ્રત્યે,
હૃદયમાં ભાન સંપૂર્ણ વિષયનું તે પૂરું રહે છે.

કશુંક કૈં પામવાની જો હૃદયમાં છે ગરજ તમને,
ગરજનું ભાન કેવું તે તપાસી લો, રહેલું જે.

'કશુંક જો કોઈની પાસે હૃદય મેળવવું' ઇચ્છા છે,
ગરજ તેની હૃદય તમને કહો ! કેવીક લાગી છે ?

ગરજ સમ કોઈએ ચીજ મીઠી ના ક્યાંય લાગે છે,
ગરજ છે લાગી, તો તેને હૃદયથી વળગી સૌ રહે છે.

હરિઃૐ

## ગરજ પરખાય પ્રત્યક્ષે

ગરજ તમને અમારી જો હ્રદય લાગેલ પૂરી છે,
તમારું દિલ પછીથી તો ન અમમાં કાં વળેલું છે ?

અમારાથી હ્રદય રળવા તમારી નેમ દિલની છે,
ગરજ એવી તમારી કાં ન વરતાયે હ્રદયથી તે ?

ગરજ ઉત્કટ હ્રદય જાગી જીવન પ્રત્યક્ષ લક્ષણ છે,
ગરજની સાન પરખાયા વિના કદી કાળ ના રહે છે.

ગરજ ના કોઈનું રાખે, ગરજ શી આપબોલી છે !
ગરજ પરખાય પ્રત્યક્ષે, ગરજ નાણું જ રોકડ છે.

હરિ:ૐ

## ગરજ પોતે જ ખપની છે

પ્રભુ રળવાની જીવનમાં તમન્ના જો તમોને છે,
હૃદય તેવા જ યત્ને શા પરોવાઈ રહેવાશે !

જીવનમાં કોઈ બીજાની તમોને જો પડી ના છે,
પછીથી કેમ બીજાને પડી હોયે તમારી તે ?

અવરની જો ગરજ હૃદયે પૂરી લાગેલ હો તમને,
હૃદય સંપૂર્ણ વળગેલા રહી શકશો તમે તેને.

ગરજથી કામ પાકે છે, ગરજથી કર્મ સરતું છે,
ફળવવા કર્મને કેવી ગરજ પોતે જ ખપની છે !

હરિઃૐ

# ગરજની તે નિશાની છે.

ગરજ જાગેલ ઢાંકેલી કદી તે તો રહે છે ના,
વિના યત્ને જ બોલી દે, થયા વિણ વ્યક્ત તે રહે ના.

ગરજ જાગેલ છે જેની, હૃદયથી વળગીને તેને
-પૂરેપૂરું રહેવાતું, ગરજની તે નિશાની છે.

ગરજ જાગેલ છે જેની, ન આડુંતેડુંયે તેનું
-કશું જોવાપણું રહે છે, ગરજની તે નિશાની છે.

ગરજ જાગેલ હો ત્યારે પૂરું નિજ સાધી લેવાને
-હૃદય તત્પર રહો કેવા ! ગરજની તે નિશાની છે !

હરિઃૐ

## ગરજ શી બહુરૂપી જેવી

ગરજ કેવી વિષયમાંથી નજર ના ચૂકવા દે છે,
વિચારાતાં બીજું, પાછી ગરજ પથમાં મૂકી દે છે.

ગરજ કેવા તદાકાર વિષયમાં તે કરાવે છે !
ગરજ કેવા ચમત્કાર જીવનમાં તે ફળાવે છે !

ગરજની કેવી બલિહારી જીવનમાં નીરખાવે છે
-જુદા જુદા તબક્કામાં જુદાં જુદાં સ્વરૂપોને.

ગરજ શી બહુરૂપી જેવી નવા શા વેશ બદલે છે !
ગરજ પોતે જ શક્તિ છે, જીવન પરખાવવાને તે.

હરિઃૐ

# ગરજ શી સદ્‌ગુરુરૂપ છે !

સ્મરણથી જે ગરજ જાગી ગરજથી તે જીવન મુજને
-અનુભવ શા થયા ન્યારા, ગરજ શી સદ્‌ગુરુરૂપ છે !

ગરજથી સર્વમાં કેવી ખરી મીઠાશ જાગે છે !
ગરજ જીવનની શક્તિ છે, ગરજ શી **प्राणदाता** છે !

જગજ્જનની ગરજ મુજને જીવનમાં શી થયેલી છે !
બધી રીતે જ પાળીને પથે પોષ્યા કરેલો છે.

ગરજ પોતે જ બ્રહ્મા છે, ગરજ શી વિષ્ણુ થઈને તે
- ગરજ શી શિવરૂપે થૈ, જીવન વર્તાવ્યું તેવું છે.

હરિઃૐ

## ગરજનો મર્મ ન્યારો છે

ગરજનું ભાન જ્યાં જાગે ગરજ દુનિયા નિરાળી છે,
ગરજને કારણે દિલ જતું કેવું મળી, ભળી તે !

ગરજ જે જોવરાવે છે, કશાથી તેવું ના બનશે,
ગરજની વાત જુદી છે, ગરજનો મર્મ ન્યારો છે.

ગરજથી દિલ તો કેવું ગરજના તે વિષય પ્રત્યે
–રહે શું એકધારું ને વિષયમાં મગ્ન પૂરું જે !

ગરજ માત્રા હૃદય ઉત્કટ વધારે જેમ જાગી છે,
હૃદય લીન થૈ પૂરેપૂરા રહો કેવા વિષય પ્રત્યે !

હરિઃૐ

## ગરજનું હાર્દ સમજાતાં

ગરજનું હાર્દ સમજાતાં,'ગરજ કેવી રીતે ઊગે ?'
મનન ચિંતવન કરી કરીને હૃદય તે ખોળી કાઢ્યું છે.

શરૂ શરૂમાં ગરજ એવી મને લાગી નહોતી કૈં,
સ્મરણ ઉપાય લીધાથી ગરજ થોડી મળેલી તે.

સ્મરણ અભ્યાસ પડતાં જ્યાં જીવનમાં લાભ જોયો છે,
ગરજ ત્યાં આપ વિશેષ ઊગ્યા કરી એની મેળેયે.

સ્મરણમાં દિલ પરોવીને સ્મરણ ગજવ્યા કરેલું છે,
સ્મરણનો શો જીવન ચસકો હૃદય અમને પડેલો છે.

હરિઃૐ

## ગરજ શો ભાગ ભજવે છે.

ગરજ જ્યારે ખરેખર દિલ ઝગારા મારતી બોલે,
હૃદય ત્યારે જ  તત્પર શું વિષયમાં એક બનવાને.

વિષયમાં લીન ને મગ્ન હૃદય ત્યારે ડૂબેલું રહે,
વિષયકેરા મનનમાં તે હૃદય એકાગ્ર રહે પોતે.

વિષયનું હાર્દ તો કેવું ગરજની સાનથી મળશે,
જીવનમાં સર્વથી મોટો ગરજ શો ભાગ ભજવે છે.

ગરજ લાગ્યા વિના પાકી કશું ના મેળવી શકશો,
જગાડીને ગરજ તેથી કૂદી પડીને અનુભવશો.

હરિઃૐ

# ગરજ શું શિખવાડે છે

ગરજથી તત્ત્વ વિષયનું જીવનમાં મેળવાયે છે,
જીવનનું હાર્દ મેળવવા ગરજ શું શિખવાડે છે !

જુદી જુદી ભૂમિકામાં ગરજ જુદી જુદી શી છે,
ગરજનાંયે સ્વરૂપ એવાં અમોથી નીરખાયાં છે.


અનુભવથી હૃદય જાણ્યો ગરજ મહિમા અનેરો તે,
અનુભવમાં કલેવર તે ગરજનું ન્યારું મહાલ્યું છે.

ગરજ કેવું વિષય પ્રત્યે જગાડીને મથાવે છે !
મથાવીને, સુઝાડીને વિષય હાર્દ બતાવે છે.

હરિઃૐ

# ખંડ - ૬

# સાધનાવિકાસના અનુભવો



મનન ચિંતવન ઊંડું ઊંડું થયા કરતાં જીવન વિશે,
કંઈક ભ્રમ શા ઉકેલાયા ! સમજ નૂતન ઊગ્યા કરી છે.

હરિઃૐ

## જીવન યજ્ઞ ચલાવ્યો છે.

જીવન સાચી પરિસ્થિતિ પૂરી ઉકેલવા કાજે,
હૃદયના ગુણ ભાવેથી થયું આચરવું જીવન તે.

જીવનનો યજ્ઞ પ્રીછીને, જીવનનો હેતુ ફળવાને,
સમર્પ્યાં આહુતિ કરીને, જીવન યજ્ઞ ચલાવ્યો છે.

પરમ સિદ્ધિ શી જીવનની હૃદય સાકાર કરવાને,
કઠિન કેવી સમસ્યાઓ જીવનમાં હલ થયેલી છે !

સમર્પણની જ્વાળા જીવન ગગને પહોંચીને
-જીવન આધારને કેવો કરેલો તપ્ત વર્ણો છે !

હરિઃૐ

# થતાં પદ આત્મનિવેદન

મનન ચિંતવન ઊંડું ઊંડું થયા કરતાં જીવન વિશે,
કંઈક ભ્રમ શા ઉકેલાયા ! સમજ નૂતન ઊગ્યા કરી છે.

મનન ચિંતવનતણા જાળે કદીક સપડાઈ જવાયું છે,
પૂરેપૂરું જ શું શુષ્ક જીવનમાં થઈ જવાયું છે.

બધું તે તે કહ્યાં કર્યું છે, નિવેદીને, નિવેદીને,
જીવન અભ્યાસથી તેવા હૃદય હળવાશ જન્મી છે.

જીવનપથ એમ અભ્યાસે થતાં પદ આત્મનિવેદન,
ઝરો દિલ ભાવકેરો શો અચાનક ફૂટી નીકળ્યો છે.

હરિઃૐ

# ભૂમિકા શી કરી **एणे**

હવે જ્યારે અને ત્યારે હૃદય તું યાદ આવે છે,
હૃદય એ યાદથી ત્યારે હૃદય શા ભાવ પ્રેરે છે !

રમંતાં સાથ તારી શી હૃદય મૈત્રી મળેલી છે,
પ્રસંગો કંઈક જીવનમાં ખરે તુજ સાથ ગાળ્યા છે.

તને ભૂલ્યો ન ભુલાયે, **हरि** વ્યાપેલ છે જીવને,
**हरि**ને તે **हरि** કેવો મળેલી ભેટરૂપે છે !

**हरि**ના દિલમાં ભાવ પ્રભુએ શો મુકાવ્યો છે !
**हरि**ને જન્મવા પાકી ભૂમિકા શી કરી **एणे** !

હરિઃૐ

## પળેપળ પ્રિયનું ચિંતવન

જીવનમાં પ્રેમની સોબત, બીજી સોબત નકામી છે,
પળેપળ પ્રિયનું ચિંતવન જીવન સાચું ખરેખર તે.

કરામત કેવી કરી મુજને હૃદય તેં મોહી લીધો છે,
મને પાછળ પ્રભુ તારી પથે દોડાવિયો શો છે !

મને તારું હૃદય ભાન પ્રણય આકર્ષણે તારે,
જીવાડીને મને તુજમાં જીવંતું શું રખાવ્યું છે !

સતત જીવવું પ્રભુ તુજમાં જીવન બલિહારી એવી તે,
ચરણમાં જીવવાની શી કૃપાથી તેં જ બક્ષી છે.

હરિઃૐ

# ખરેખર તેથી મારાથી

હૃદય ભજવા તને મારી સમગ્ર જિંદગાની છે,
રીઝવવા દિલ પ્રભુ તુજને પૂરો નિશ્ચય થયેલો છે.

હૃદયની તેવી સમજણથી બન્યું સક્રિય જીવન તે,
પથે તે રીત વર્તી શો તને પ્રત્યક્ષ ધાર્યો છે !

પળેપળ તું હૃદય મારે જીવંતો રહે હૃદય સાવધ,
હૃદય કેવો રખાવ્યો છે પૂરેપૂરો વળી જાગૃત !

ખરેખર તેથી મારાથી પ્રભુપથ તો ચલાયું છે,
હૃદય મુજ હોશિયારીને થયો ખુશ તું નિહાળીને !

હરિઃૐ

## શી જાગી જાગૃતિ દિલથી !

પથે વાંકોચૂકો ચાલ્યો નજર સીધી ન રાખી છે,
છતાં તેં મુજને કેવો બરાબર સાચવેલો છે !

હૃદય જ્યારે પડી સમજણ પ્રભુ વહાલો હૃદય મુજ જે,
અરેરે ! કેટલો શ્રમ લે મને સંભાળવા કાજે,

મને ના છાજતું યોગ્ય પ્રભુને તસ્દી દેવી તે,
હૃદય તેથી જ ચેતીને પૂરો સાવધ થયેલો તે.

છતાં ગરબડ કદીક પંથે ભૂલેચૂકે થતાં મુજથી,
તને પોકારવાની શી, શી જાગી જાગૃતિ દિલથી !

હરિઃૐ

# હૃદય લહાવો લીધેલો છે

તને સંભારવાનો તે હૃદય લહાવો લીધેલો છે.
કંઈક નખરાંથી હાજરી તુજ મને દર્શાવતો રહે છે.

વળી કરતૂક કરી કરીને નવા શા તું ઈશારાએ !
નજર તીરછી થકી મુજને પ્રભુ આકર્ષી શો લે છે !

જતાં પાસે તું આઘે શો કહીંયે દૂરનો દૂર !
પ્રભુ દેખાય ત્યાંથીયે મને લલચાવતો ક્રૂર !

હૃદયમાં કારમું ચક્કર ફરી ફરી કાપી નાખીને,
ભયંકર વેદના પ્યારી મને ઉપજાવતું રહે છે.

હરિઃૐ

## હૃદય તું યાદ આવે છે

તને પ્રભુ યાદ કરવાનો હૃદય શો સ્વાદ લાગ્યો છે !
કર્યાં વિના હૃદય યાદ રહેવાતું ન કેમે છે.

કંઈ કંઈ રીતથી તારી હૃદય તું યાદ આવે છે !
અને તે યાદ તારી શી હૃદય કેવી સતાવે છે !

ખૂબી તારી પ્રભુ કેવી હૃદયને પ્રાણપ્યારી છે !
ગમે તેવું કરે તોયે શી દિલને તે રિઝાવે છે !

શું મુશ્કેટાટ બંધાયા છૂટી શકીએ ન કો' રીતે !
ફસાયેલા પૂરી રીતે પદે ફંદે પડેલા તે.

હરિઃૐ

## અનુભવની અવસ્થા તે

ગતિશીલ ને ક્રિયાશીલ શો શું સર્જનશીલ વળી રસ છે,
ત્રણેયે પ્રક્રિયા વિશે રમે છે એકીસંગાથે.

ગતિમાંયે ક્રિયા ઊપજે, ક્રિયા શી આપ મૌલિક તે !
નવું સર્જાતું પોષાતું બધુંએ, થઈ જતું લય જે.

ગતિ, ક્રિયા વળી સર્જન સતત ચાલ્યા કરે છે તે,
છતાં તે મધ્ય નીરવતા પૂરી સંપૂર્ણ જીવતી છે.

અનુભવની અવસ્થા તે જીવનનું લક્ષ્ય બિંદુ તે,
નિરંતરતા અનુભવમાં જીવંતાં તે શી ઊગે છે !

હરિઃૐ

## જીવન ઘડતર વિશે ભાવ

પ્રભુ તુજ મંદિરે પાસે હૃદય તુજ પેસવા કાજે,
સતત લાગી પડેલું દિલ બરાબર યોગ્ય સાધન છે.

શરૂ શરૂમાં પ્રભુ એવું હતું દિલ તે ન મુજ પાસે,
તમન્ના નિત્ય અભ્યાસે જીવંતી પ્રજ્વલે શી તે!

ઉપરછલ્લી હૃદય ઊર્મિ જીવન વિકાસના માર્ગે
-કદી પૂરતી ન તે યોગ્ય, ઊછળતી જાગવી જોશે.

જીવનના ભાવને મેં તો મહત્ત્વ ખાસ દીધું છે,
જીવન ઘડતર વિશે ભાવ ખરો શો કામ લાગ્યો છે !

હરિઃૐ

## જીવન તરબોળ કેવું છે !

**हरि**ને શો હૃદય ભાવે જીવન ગૂંથી લીધેલો છે !
વિશે વાણા અને તાણા વણાયેલ છે **हरि** પોતે.

**हरि**લીલા રમતને શી નિહાળીને, નિહાળીને !
બલિહારી અનુભવતાં નશો કેવો ચઢેલો છે !

નશીલી ભાવ મસ્તીની હકીકત સુરખી ન્યારી છે,
જીવન મસ્તીની છોળોની લહેરો પર લહેરો છે.

પ્રસાદીના જીવનકેરી મજા દિલ કેવી ચોંટી છે !
મજા, આનંદ ને ભાવે જીવન તરબોળ કેવું છે !

હરિઃૐ

## ન માથાકૂટ કશી રહી છે

પહેલાં તો જીવનમાં જે નિરર્થક દિલ લાગ્યું છે,
હવે શો મૂળમાં તેના લપાયેલો જણાયો **તે**.

જીવન તેથી હવે મિથ્યા કશું ના મેં ગણેલું છે,
જીવનમાં સર્વ જે તેયે પ્રભુ રસથી ભળેલું છે.

અમારે તેથી જીવનમાં બધાં તે સત અસત વિશે,
જીવન સમજણ અનોખી ત્યાં બધાંથી સાવ જુદી છે.

અમારે કોઈને ક્યાંયે કશું કથવા જણવવાની
-વળી સમજાવવાની તે ન માથાકૂટ કશી રહી છે.

હરિ:ૐ

## પ્રીછ્યા વિણ શું રહી શકશે ?

હૃદયના પ્રેમનું તત્ત્વ વિના અનુભવ ન સમજાશે,
ફના થઈને ભળે પૂર્ણ ખરે ! તે તત્ત્વ અનુભવશે.

અનુભવી શી જીવન મસ્તી થકી જીવન શું ગાળે છે !
નયનની સુરખી સુરભી શી તેવાની જણાયે છે !

જગતમાં લક્ષ્મીનો મદ શો ન છૂપો ક્યાંય તે રહે છે !
અનુભવીના અનુભવની હૃદય મસ્તી શું છૂપી રહે ?

જીવનમાં જે ઊગેલું છે વધ્યા કેવું કરે છે તે !
અનુભવની જીવન મસ્તી પ્રીછ્યા વિણ શું રહી શકશે ?

હરિઃૐ

# વળી ખત્તા ઘણા ખાધા

પથે ગોથાં ઘણી વાર બહુ ખાધાં કરેલાં છે,
વળી ખત્તા ઘણા ખાધા, છતાં સમજણ ન આવી છે.

પ્રભો ! બુડથલ પૂરેપૂરો કશી અક્કલ ન મુજમાં છે,
ફરેલો ગોળનો ગોળ નિરર્થક ચાલવું થયું છે.

પથે શા કાંકરા કાંટા શું વારંવાર વાગ્યા છે,
છતાં એના જ એ પંથે પ્રભુ ચાલ્યા કરેલું છે.

કઈ તરકીબથી મુજને ? પ્રભુ તેં શો જગાડ્યો છે !
જગાડીને મથાવ્યો છે, વળી રસ્તો બતાવ્યો છે.

હરિઃૐ

# સતત ઉપયોગશીલ થઈને

‘અમારું જે થવાનું હો જીવનમાં તે થવાનું છે,’
હૃદય નિશ્ચિતપણે તેવું ન માની બેસી રહેવુંયે.

થવાનું હો ભલે તેમ ફળવવા શ્રેષ્ઠ રીતિએ,
પરંતુ યોગ્ય મથવાનું જીવંતું રાખવું જીવને.

સકળના આપ નિર્માતા ચહ્યું ધાર્યું ફળવવાને,
સતત ઉપયોગશીલ થઈને પૂરું મંડ્યા રહેવુંયે.

ફળવવાને ચહ્યું ધાર્યું નડે અડચણ નિવારીને,
રહેવું ખંત, ઉત્સાહે, સતત મંડ્યા વિના થાક્યે.

હરિ:ૐ

# હૃદય નિશ્ચય પૂરેપૂરો

મરણિયો દિલનો પાકો હૃદય નિશ્ચય પૂરેપૂરો,
ફળવવા કર્મમાં કેવો ખરો ઉપયોગ આવે શો !

થતું જે જે બધું તે તે હૃદય ઉમંગ, ઉત્સાહે,
પૂરેપૂરા જ નિશ્ચયથી મથો ઉતારવા પારે.

છતાં નિષ્ફળ થતાં, ત્યારે નિરાશા ના થવી ઘટશે,
બનેલું સર્વ પોતાથી કર્યું, સંતોષ તેમાં છે.

હૃદયની આત્મશ્રદ્ધાને જીવનનો આત્મવિશ્વાસ,
ખરેખર ભાગ તે કેવો કરે ભજવ્યા જીવન ખાસ.

હરિઃૐ

# વિજય તે કોક દી પામે

ફળવવાને જીવન વિશે પ્રભુને એકધારું જે
-સતત મંડ્યા રહે ખંતે, જીવનમાં કોક ભાગ્યે છે.

હજારો વાર નિરાશા ભલેને તે વિશે જન્મે,
છતાં જે તંત ના મૂકે, વિજય તે કોક દી પામે.

ફળવવાને જીવન ધ્યેય ભલે ખુવારી નોતરશે,
છતાં, ત્યાં મૃત્યુ સ્વીકારે મરદ તે ધ્યેય ના ચૂકશે.

જીવનનું ધ્યેય સાકાર કરે ખંતીલ નિશ્ચયી જે,
જીવનમાં તે રસીલાને નમસ્કારો હજારો છે.

હરિઃૐ

## વરે એવા જ શા જયને !

જીવન ખરચી જ દેનારા  મથી મથીને પ્રભુ કાજે,
થતાં નિષ્ફળ, છતાં વળગી રહેનારા જવલ્લે છે.

ખુમારી તે જીવનકેરી જીવન જીવનાર મ્હાલે જે,
ખુવારીમાં ખુમારીથી ખરા ટકનાર દુર્લભ છે.

ચહેલું ધ્યેય જીવનનું પથે કરવા જ સાકાર,
મરણિયા, મરજીવા યત્ને ખરા શા મર્દ ટકનાર !

મરી મથીને મરી ચૂકે છતાં ના પંથ છોડે છે,
વરે એવા જ શા જયને ! ખરા તે ભાગ્યશાળી છે.

હરિઃૐ

# પૂરો શો હલમલાવ્યો છે

કંઈક લાલચ પથે આવી મને ભરમાવી માર્યો છે,
હૃદય એમાં ગૂંથાઈ હું પૂરેપૂરો ફસાયો તે.

છતાં એવી દશામાંયે થતી શી ગડમથલ રહી છે,
અને તે વેળ એનું તે કશું કારણ ન સમજ્યોયે.

હૃદય તે ગડમથલથી શો મને ઉત્પાત જાગીને,
હૃદય ઉકળાટ જન્માવી, પૂરો શો હલમલાવ્યો છે !

વળી અકળામણે વ્યગ્ર મને કેવો કરેલો છે !
ખરે એથી જ ધ્યેયે શો ! પથે પાછો વળેલો છે.

હરિઃૐ

## હૃદય સંગ્રામ શા શા તે

પ્રકૃતિ સ્થૂળ ને સૂક્ષ્મ વળી કારણ સ્વરૂપે છે,
પ્રકૃતિની પકડમાંથી નીકળવું કેવું દુષ્કર છે !

થવાવા મુક્ત એનાથી પ્રકૃતિથી ઈતર ઊંચું
-બીજું સાધન જરૂરી છે, મળ્યું શું પ્રેમથી બક્ષ્યું.

જીવનનો ધ્યેય આદર્શ હૃદયમાં ઉગ્ર ઝળહળતો,
સતત રમતાં જ અભ્યાસે પૂરો સળગેલ ધગધગતો.

પ્રભુને તો છતો કરવા હૃદય સંગ્રામ શા શા તે,
કદી ના કલ્પના જાગે પથે એવા જ ખેલ્યા છે.

હરિઃૐ

## શું ઝંઝાવાત જાગ્યા છે !

જીવન પથમાં મને ભારે શું ઝંઝાવાત જાગ્યા છે !
મને અકળાવીને કેવો પથે ગૂંગળાવી માર્યો છે.

પથે ત્યારે ન સૂઝ્યું છે, મહા મૂંઝવણ થયેલી છે,
પથે અથડામણે કેવો મને ગૂંચવાડી મેલ્યો છે.

બધે અંધેર વ્યાપ્યું છે, જીવનની ના ગતાગમ છે,
તને સંભારવાનુંયે મને ના ભાન જાગ્યું છે.

કંઈક અણધારી વેળાએ જહીં ઠોકર શી ખાધી છે !
અને તે કારણે કેવો મને દિલ ચેતવેલો છે !

હરિઃૐ

# દ્વિધા મનમાં કશા વિશે

દ્વિધા મનમાં કશા વિશે હૃદય ના જાગવા દેશો,
અશાંતિ જાગી નહિતર શી સતત પજવ્યા કરે દિલ તો.

જીવનને જીવવું કેવું હૃદય આદર્શ જીવતો તે
-જીવંતો જો ખડો હોય કશું ના પૂછવાનું છે.

જીવનના ધ્યેયની લગની હૃદય જેને જ જલતી છે,
સદા તે ચેતતો કેવો બધા વ્યવહારમાં રહે છે.

પળેપળ દિલ જેનું છે જીવંતું ધ્યેયમાં ભાવે,
રહે ચેતેલ શો ! કર્મ ફળવવા નિત્ય તત્પર છે.

હરિઃૐ

# ઉચ્છૃંખલ વૃત્તિઓ જ્યારે

ઉચ્છૃંખલ વૃત્તિઓ જ્યારે ચઢે છણકે જ ઓચિંતે,
દબાવાયે દબાતી ના, પડે પટ આપવો એને.

પ્રચંડ ભાવનું પૂર ચઢે આધારમાં જ્યારે,
નિમ્નમાં નિમ્ન સૌ વૃત્તિ પડે મોળી જ શી મેળે !

અખંડ ભાવ ઉત્કૃષ્ટ જીવન જીવતો રહે મૂળે,
પ્રકૃતિ સ્વાંગ ત્યારે શો અસલ બદલાય છે નૂરે !

હૃદય લગની પ્રભુ તારી મને કેવી લગાડી છે !
હૃદય જીવંત તુજ વિશે મને કેવો જીવાડે છે !

હરિઃૐ

## અનંતાનંત શો માર્ગ

જીવનમાં આગના જેવી તમન્ના તીવ્ર જલતી છે,
મથાવ્યા શું કરી **એણે** મને કેવો ધપાવ્યો છે.

તમન્નાએ જીવનકેરાં જુદાં જુદાં સ્વરૂપોને
-મને દર્શાવીને, આગળ જવા ધક્કો લગાવ્યો છે.

અનંતાનંત શો માર્ગ ! ન છેડો ક્યાંય એને છે !
થતો દેખાય જ્યાં પૂરો, વળી પાછો શો આગળ છે !

પછી ના યત્ન કરવાનો, સહજમેળે ચલાતું છે,
ચલાતાં એમ વિકાસ જીવનમાં શો થતો રહે છે !

હરિઃૐ

# નિરાશામાં ઘણી વાર

નિરાશામાં ઘણી વાર જીવનમાં શો ડૂબેલો છું.
છતાં તરવા જ તરફડિયાં બહુ માર્યાં કરેલાં શું !

પૂરો ના ફાવતાં, તુજને મદદ ચઢવા પુકાર્યો છે,
કદીક તો સાંભળેલું છે, કદીક કાને દીધા કર છે.

હૃદય પોકાર દેવાનું કદી મૂકી દીધું ના છે,
કદીક સાંભળશે એવી શી હૃદય શ્રદ્ધા જીવંતી છે !

કદીક અંધાર પુષ્કળ છે, કદીક શું તેજ ઝળકે છે !
'શો પથ ઉભય થકી પર તે !' અનુભવથી પ્રિછાયું છે.

હરિ:ૐ

# અભિનવ તત્ત્વ લાધ્યું છે

જીવનમાં તો ફરી ફરીને શું મથવાનું થયેલું છે !
વળી વળી એકડે એક શું ઘૂંટવાનો કરેલો છે !

જીવનમાં એકનું એક હૃદય મંડાણ તે બનવા,
મથામણ કેટલી વાર કર્યાં કીધી, ન ત્યાં ફાવ્યા.

છતાં તોયે અકળ રીતે હૃદય વળગી ફરી ફરીને
–અમે તે એકડે એક હૃદય ઘૂંટ્યા કરેલો છે.

જીવનની તે મથામણનું મનન ચિંતવન થયેલું જે,
મનન ચિંતવન થકી તેવા અભિનવ તત્ત્વ લાધ્યું છે.

હરિ:ૐ

# મહદ ઉપકાર કીધો છે !

શરીર આપી પ્રભુ કેવો મહદ ઉપકાર કીધો છે !
શરીરને કારણે હર્ષ ભૂમિકા સ્થૂળમાં ઊતરે.

જહીં જહીં સ્પર્શ આનંદતણો જેવો થતો રહે છે,
અને આનંદને લીધે તહીં તહીં ભાવ સ્પર્શે છે.

બધા આધારમાં ભાવતણો જ્યાં સ્પર્શ સ્પર્શે છે,
પ્રક્રિયા સ્થૂળમાં એને લીધે કેવી થતી રહે છે !

**हरि**ની અવતરણ લીલાતણો શો ખેલ અનુભવવા
-રચાયેલું જ સૌ સ્થૂળ શી જુદી પરંપરાયે ત્યાં !

હરિઃૐ

# રમત રમવાતણાં સાધન

જગત સઘળું રમકડું **આ** રમત રમવા અમારે છે,
કશોયે હાર કે જીતતણો ત્યાં ખ્યાલ ના રહે છે.

રમત રમવા વિશે સતત આનંદ શો રહે છે !
હૃદય આનંદની ધારે જીવંતી ધારણા ચાલે.

રમત રમવાતણાં સાધન જુદાં જુદાં જગત શાં છે !
હૃદયના લાડલા **હરિ**ની લીલા અદ્‌ભુત રસીલી છે.

બધે શો સૂક્ષ્મમાં સૂક્ષ્મ છુપાયેલો **હરિ** તે છે !
છતાં શો ભોમિયાને તે કરી નખરાં પ્રકાશે છે !

ગતકડાં શા હૃદય વહાલાતણાં તે તે નિહાળીને,
અમે કેવાં **હરિ**માં દિલ પૂરાં ગુલતાન થઈ જઈએ.

હરિઃૐ

# પ્રભુ ! તુજ નૃત્યના ઠેકા

પ્રભુ ! તુજ નૃત્યના ઠેકા લલિત લટકાં અનુપમથી,
મને શો મુગ્ધ કરી દઈ તેં નીરખવા નૃત્ય દીધું છે !

પળેપળનો અભિનય શો જુદો જુદો નિરાળો છે !
અભિનયની કળા લીલા થકી બ્રહ્માંડ મોહ્યું છે.

ભયંકર કારમો અભિનય પ્રભુ તુજ નૃત્યમાં શો તે !
સમસ્ત વિશ્વનું કેવું શરીર થરથર ધ્રૂજે છે તે !

છતાં તેવા અભિનયમાં કરુણા તારી વર્ષે છે !
બધાંને જીવવા વારો પ્રભુ સર્જાવતો રહે છે.

અભિનયની કળા લીલા મહા રોમાંચ શો રેલે !
નયન, દિલ, સર્વ કરણોમાં પ્રવેશી ખેલ તે ખેલે.

હરિ:ૐ

# નિરાળો ખેલ एनो છે.

**हरि** નિષ્ક્રિય, ક્રિયાશીલ ઉભય શો એકીસંગાથે,
ઉભયમાં નિરનિરાળો તે, ઉભયથીયે નિરાળો છે.

સકળ બ્રહ્માંડમાં વ્યાપી ભર્યો ભરપૂર શો તે છે !
છતાં પાછો બધાંથીયે અલગ ન્યારો જ પોતે છે.

**हरि** નિષ્ક્રિય ભૂમિકા ધરી શો રાસ માંડે છે,
રહી ન્યારો, પૂરો ન્યારો, પ્રભુ શું નૃત્ય ખેલે છે !

અરૂપી રૂપી શો પોતે ! કશો આધાર ના **एने,**
છતાં આધાર શો સહુનો ! નિરાળો ખેલ **एनो** છે.

હરિઃૐ

## બધાંનામાં हरि પોતે

બધાંનામાં **हरि** પોતે સમાયેલો પૂરો શો છે !
પછીથી અણગમો કોની પરે તે રાખવાનો છે ?

**हरि**ને જો હૃદયમાંહે તમે પ્રેમે સ્વીકાર્યો છે,
**हरि**નાં તે સ્વરૂપોમાં ન કાં દિલ ભાવ જાગે છે ?

જીવનમાં જો પ્રતિષ્ઠિત **हरि** સંપૂર્ણ ધરવો છે,
**हरि**ની વ્યક્ત લીલામાં શું ઊર્મિ કાં ન નીતરે છે ?

પ્રભુની ભાવના જીવન વિશે જો ઓતપ્રોતે છે,
પછીથી દેખીતો ક્યાંથી વિરોધાત્મક જીવનમાં છે !

હરિઃૐ

## તહીં તુજ હાથ ભાળ્યો છે !

જીવન જીવવા મથેલો છું પ્રભુને મોખરે રાખી,
જીવન છાયા પડેલી છે પ્રભુની મહેરબાનીની.

જીવનની કારમી વેળા ભયંકર કેવી આવી છે !
હૃદયમાં જાગૃતિ ત્યારે મને તેં કેવી પ્રેરી છે !

જીવનમાં હાર સંપૂર્ણ પૂરેપૂરી થયેલી તે,
છતાં તે વેળ મુજને તેં ઊભો કેવો રખાવ્યો છે !

છતાં કોઈ વાર શી હાર ખરેખર જીતવા ટાણે !
જીવનમાં શી મળેલી છે ! તહીં તુજ હાથ ભાળ્યો છે.

હરિઃૐ

## હરિના મસ્ત મસ્તાના

પૂરા ચેતેલ જે રહે છે જરા વિચારવાનીયે,
કશી ખટપટ કશા વિશે ન એવાને હૃદય રહે છે.

બધુંએ એની મેળે તે શું આપોઆપ ઊકલે છે,
વિચાર્યા વિણ શો એને બધો ઉકેલ આવે છે !

કદી ગાફેલ ના રહે તે સતત દિલભાવ ચેતંતો
-જીવંતો જાગતો પૂરો અખંડ ભવ્ય જીવતો છે.

બધાં જે તે વિશે શો નિમિત્તે જે મળે જીવને !
-રમંતો દીસતો, પાછો પ્રભુમાં શો ભળેલો છે.

મજા એવી જીવનની શી અનુભવ મહાલવાની તે,
**હરિ**ના મસ્ત મસ્તાના અમે કથીએ કઈ રીતે ?

હરિઃૐ

## જીવન મસ્તી ખરેખર છે !

બધું પરવારીને પૂરું નિરાંતે બેસવાની જે,
અમે ચાખેલી છે કેવી મજા દિલમાં અનુપમ તે !

બધું પરવારીને પૂર્ણ નિરાંતે બેસવા તેને,
હૃદય નિશ્ચિંતતા, શાતા, અનુભવ ઑર જાગે છે.

પછી ફિકર કશી ચિંતા ન એવાને કશા વિશે,
કદીયે ઊભળે છે ના, ફકીરી એની જુદી છે.

ફકીરી જે જીવનકેરી જીવનમાં મહાલવાની છે,
અનુભવમાં શી ઊગ્યાની જીવન મસ્તી ખરેખર છે !

હરિઃૐ

# પથે ભૂલું પડાયું છે

અરેરે ! મેં જીવન કેવા અનોખા વેશ કાઢ્યા છે !
વળી ગુલતાન એમાં શો પૂરેપૂરો રમે તો તે !

ડૂબેલો શો પૂરા રસથી હતું ના ભાન એનુંયે,
અકળ તુજ રીત ગેબીથી મને ચેતાવી દીધો તેં,

હૃદય ચેતાવીને ખાલી ન બેસી રહેવા દીધો છે,
વળી ગોદાટીને કેવો મને પથ તેં ચલાવ્યો છે !

છતાંયે કેટલી વારે પથે ભૂલું પડાયું છે,
પથે છક્કડ શી ખાધી છે ! છતાં ત્યાં સાચવેલો છે,

હરિઃૐ

## મને તેં શિખવાડ્યું છે

જીવન મારે હતો કેવો પૂરો સંતાયેલો ગૂઢ તે,
ખબર નહોતી કશી મુજને જીવનને વેડફેલું છે.

શરીરે રોગ પ્રેરાવી સ્મરણ તારું કરાવીને,
જીવનમાં ગેબી રીતિથી ખબર તારી પડાવી છે.

જીવનનો ને જીવનમાંનો **हरि** શો માત્ર સાચો તે,
કંઈક કડવા અનુભવથી મને તેં શિખવાડ્યું છે,

હવે તો એકલો તુજને જીવનમાં વળગી રહેવાને,
નિરંતર શો મથાવ્યો છે, પળોમાં કારમી મુજને !

હરિઃૐ

# પ્રભુ વિના ખરું સગપણ

જીવન ઊડઝૂડિયું કેવું જીવ્યા મેં તો કરેલું છે,
વ્યવસ્થા, પૂર્ણ ચોકસાઈ કશી ના કંઈ કશા વિશે,

શું જીવ્યો યદ્વાતદ્વા હું, કશું ના ઠામઠેકાણું,
બહુ ખત્તા જ ખાધાથી હૃદય ચેતી જવાયું છે.

મને ખત્તા મળ્યા ખાવા, મહીં સમજણ પડેલી છે.
પ્રભુ વિના ખરું સગપણ જગતમાં કોઈનું ના છે.

પ્રભુ સ્વીકારવા કાજે મનવવાં શાં પડ્યાં કરણો !
તપશ્ચર્યા જીવન ભારે મને કેવી કરાવી છે !

હરિઃૐ

# ઈશારે એકલા તારે

જીવનમાં આશરે તારે અમારે જીવવાનું છે,
પતિતનો તું જીવનમાં શો ખરેખર માત્ર બેલી છે.

હવે મરશું ઊગરશું કે કશા વિચાર એવા ના,
પનારે તુજ પડેલાની જીવન કથની શી ગાવી ત્યાં !

અમારે તો હવે તારાં નયન લટકાં જ નીરખીને,
ઈશારે એકલા તારે અમારે ખેલવાનું છે.

જીવનનો બાજીગર કેવો અમારો તો પ્રભુ તું છે !
પ્રભુ ! તુજ વહાલ શું મીઠું જીવન અમૃત મળેલું છે !

હરિ:ૐ

## બધો ઈતિહાસ તે ગૂઢ

જીવનમાં આંચકા કેવા ભયંકરમાં ભયંકર તે,
મને પ્રગટાવીને કેવો જૂના ચીલેથી ફેંક્યો છે !

મળેલા આંચકાને મેં પ્રસાદીના ગણેલા છે,
જીવનનો હેતુ પ્રીછીને હૃદયથી તે સ્વીકાર્યા છે.

ખરેખર આંચકાઓએ મને કેવો ઘડેલો છે !
બધો ઈતિહાસ તે ગૂઢ ઘડામણનો જીવનની તે.

પ્રચંડ દિલ બળતો જ્યાં જીવન આદર્શ ઝળહળતો,
જીવનના તે જૂના પાયા બધા ખોદાવી નાખે છે.

હરિઃૐ

## ‘સૂકરી વિષ્ટા પ્રતિષ્ઠા છે’

‘સૂકરી વિષ્ટા* પ્રતિષ્ઠા છે’, ગળે તેં ઊતરાવ્યું છે,
જીવનમાં તેથી તો મુજને પડી રહેવું ગમેલું છે.

પ્રતિષ્ઠાયે મળે જો તે પ્રભુ ઉપયોગ લેવાને,
હૃદયમાં જાગૃતિ હેતુ પૂરાં તેં શાં રખાવ્યાં છે !

વિના ઉપયોગ જીવનમાં જગે ક્યાંયે કશું ના છે.
પ્રભુમય જે જીવન તેમાં સદા ઉપયોગ જીવતો છે.

જીવન ઉપયોગનું ગૂઢ રહસ્ય તેં ઉગાડ્યું છે,
બધું ઉપયોગ લેવાની હૃદય સમજણ સ્ફુરાવી છે.

* ભૂંડણની વિષ્ટા

હરિઃૐ

# અને એ સ્પર્શતાં ભાવ

હૃદય લાગી પડેલું છે સતત આકર્ષણે ભાવે !
સદા ખેંચાયેલું કેવું ! નજર એકીટશે પદ છે.

હૃદયમાં ભક્તિનું જોમ પ્રગટતાં ભાવ ફોરે છે,
અને એ ભાવથી મેળે હૃદય એકાગ્રતા રહે છે.

શરીરના રોમરોમેયે અનેકાનેક કરણોને,
હૃદયનો ભાવ એકાગ્ર સહજ રીતે જ સ્પર્શે છે.

અને એ સ્પર્શતાં **ભાવ** કરણનો રંગ બદલે છે,
અખંડ **ભાવ**નો ગુણ કરણ સ્વીકારીને લે છે.

હરિઃૐ

## તપશ્ચર્યા ભગીરથ શી !

શરીરનું ઊંઘમાં સહેજે જરીયે ભાન ના રહે છે,
છતાં તેમાં **हरि**કેરું સ્મરણ જીવંત શું રહે છે !

પ્રક્રિયામાં પ્રકૃતિની અખંડિત શો **हरि** પોતે !
**हरि**ની ધારણા તેને અસ્ખલિત શી વહેતી છે !

અખંડ સાધના કેવી **हरि** રસને નીપજવાને !
જરૂરી તે જીવનમાં છે, કૃપાથી શી કરાવી છે !

તપશ્ચર્યા ભગીરથ શી જીવનમાં તેં કરાવી છે !
બહુવિધ તેં તપાવીને મને નોખો તરાવ્યો છે.

હરિઃૐ

## વ્યથા કેવી થયેલી છે !

હું પાડી પાડી થાક્યો છું, બરાડા કંઈક વેળાયે,
છતાં તેં લક્ષમાં મારું જરા સરખું ન લીધું છે.

સતત તુજ સામું નીરખવા હૃદય મંડ્યો રહેલોયે,
છતાં તેં મીટ મુજ સામે, જરા સરખી ન માંડી છે.

મને અટવાવી દીધો ને વળી ગોથાં ખવાડ્યાં છે,
હૃદય તે ભાન જાગંતાં, વ્યથા કેવી થયેલી છે !

હૃદય તે વેદના દર્દે તને ગાળો જ ભાંડીને,
તને સંભળાવ્યું કંઈ કંઈ છે, બધિર તોયે રહ્યો તું છે.

હરિઃૐ

# તને વશ લઈ જ લેવો છે

જીવન ન્યોછાવરી કરીને, જીવન ચરણે ધરી દઈને,
તને નિજનો કરી લઈને તને વશ લઈ જ લેવો છે.

હૃદયથી પાથરી **પ્રાણ** દક્ષિણાભાવ દૈ દૈને,
દક્ષિણા શી સમર્પણની દઈ તુજને નિમંત્ર્યો છે.

સજી શણગાર સોળેયે નવીનતાથી જ જીવનને,
હૃદય અદ્ભુત રંગીને તને પરણ્યા અમે છીએ.

કળા ચોસઠ જીવનકેરી પ્રસન્ન તુજને કરવા,
અમે વાપરવી ધારીને તને પૂરો ધરવવો છે.

હરિઃૐ

# પ્રભુ કેવું બતાવ્યું છે !

તબક્કા આખરીમાં શો મને ગાતો કરાવ્યો છે,
જીવનના શા જુદા જુદા અનુભવ તેં લખાવ્યા છે !

મને નિમિત્ત પ્રેરાવી જુદા જુદા તબક્કાના,
જીવનના તે પ્રસંગોને હૃદય જીવતા કરેલા શા !

જીવનની તે જુદી જુદી જીવનગાથા હૃદય મુજને,
જીવનના **આજ**ના મુક્ત અનુભવમાં જણાવી છે.

કર્યાં ખેડાણ જીવનમાં કઈ કઈ રીત કેવાંયે,
બધું તે સ્પષ્ટ તેં મુજને પ્રભુ કેવું બતાવ્યું છે !

હરિઃૐ

## શું યજ્ઞે જોતરાવે છે

જરીય વળવા ન કળ દમ દે શરીરને દમ સતાવે છે,
છતાં તોયે પ્રભુ પ્રીત્યર્થ શું યજ્ઞે જોતરાવે છે !

અમારે તો પ્રભુ અર્થે બધું સ્વીકાર્ય દિલ હર્ષે,
પ્રસાદી ધારી **હરિ**ની તે કરવાનું જીવનમાં છે.


મને ના ઠામ પડવા દે શરીરનો દમ પ્રસંગે તે,
શરીરને કર્મ કરવાને ન લાયક તે રહેવા દે.

કૃપા બળથી પ્રભુ તારા નભાવાનું બને જે તે,
સદા શિરછત્ર રહી માથે મને તુજ હાથ ફેરવજે.

હરિ:ૐ

# ખંડ - ૭

# સ્વજનને પ્રાર્થના દિલની



અમારે રાખવા ભેદ કશું કારણ ન કોઈ છે,
સ્વજનને પ્રાર્થના દિલની હવે અંતર શમાવોને,

હરિઃૐ

## સ્વજનને પ્રાર્થના દિલની

અમારે ચાહવું પ્રેમે બીજી ખટખટ કશી ના છે,
જીવનના ચાહવાકેરો અમારો મર્મ જુદો છે.

હૃદયથી ચાહી ચાહીને અમારે પેસવું અંતર,
છતાં ત્યાં ના જગા ખાલી જરા ના ભાગતું અંતર.

કદીક તો કો' સ્વજનનાથી કરોડો ગાઉનું અંતર,
હૃદય કોરીને ભીંસે ખરેખર કારમું અંતર !

અમારે રાખવા ભેદ કશું કારણ ન કોઈ છે,
સ્વજનને પ્રાર્થના દિલની હવે અંતર શમાવોને,

હરિઃૐ

# હૃદય પ્રત્યક્ષ વેદી છે

હૃદયની વેદીમાં અગ્નિ શી જિજ્ઞાસાતણો જલતો,
પૂરેપૂરો જ ચેતાવા દીધાં આહુતિ કીધી છે.

સ્મરણ અભ્યાસથી સૂઝ્યું, 'હૃદય પ્રત્યક્ષ વેદી છે,
જીવનની નિમ્નમાં નિમ્ન વૃત્તિ આહુતિ પોતે છે,'

જીવનનો યજ્ઞ કેવો આ અનંતાનંત પોતે છે,
થતો વિકાસ શો રહે છે, સતત આગળ પથે તે તે !

દીધાં આહુતિ કરવાનું સતત તે યજ્ઞનું કર્મ,
ફળે જે રીત, તે સમજણ ધરી, ચલવ્યો જ છે યજ્ઞ.

હરિઃૐ

# हरि કાજે જ જે જીવે

સહજભાવે ભર્યા દિલથી **हरि**ને આપમેળેયે,
સ્મરણ કરનાર હૃદય ભાવે જવલ્લે કોક એવા છે.

ઊછળતા આર્દ્ર ભાવે ને હૃદયના આર્ત નાદેથી,
**हरि** સંભારનારામાં વિરલ કોઈ ભક્ત જ્ઞાની છે.

સહજ ગદ્ગદ હૃદય ભાવ **हरि** સંભારતામાં છે,
**हरि** કાજે જ જે જીવે, વિરલ કો ભક્ત એવો છે.

પ્રભુ કાજે મરી જાણે, પ્રભુ કાજે જીવે હર્ષે,
પ્રભુ વિના જીવન ના છે, ભગત વીરલા વિરલ તે છે.

હરિઃૐ

# પ્રભુ પ્રીત્યર્થ વાપરવા

મળેલું સૌ પ્રભુનું છે પ્રભુ પ્રીત્યર્થ વાપરવા,
મતિ ને ભક્તિથી પ્રેરી સમર્પાતાં ચરણ સેવા.

મળ્યું લાખેકનું ધન તે બધું પરમાર્થમાં ખર્ચ્યું,
કશું અંગત ન રાખ્યું છે, ચરણનો દાસ એવો હું.

મનાદિના કરણમાં જે શરણની ભક્તિ પ્રગટી છે,
થતું જે શ્રેય **हरि** કાજે બધી સુવાસ **एनी** છે.

હું તો શો યંત્ર જેવો છું, ન પોતાનું કશું કંઈ છે,
ઘડાયેલું **हरि**થી તે **हरि**ને ખેલવા કાજે.

હરિઃૐ

## અમર્યાદ બધું માગે

**हरि** અમ પાંસરો ના છે, જરીકથી ના રિઝાયે છે,
પૂરેપૂરું બધું માગે, છતાં ના તે ધરાતો છે.

અદેખોયે **हरि** શો છે ! અજીઠો પ્રેમ ના ખપશે,
બધાંને ચાહતાં જે હો વધુ તેથી ચહો **हरि**ને.

તલસતા દિલથી ચાહો શી તાલાવેલીથી **हरि**ને,
પ્રભુને તેય ના પૂરતું, અમર્યાદ બધું માગે.

પ્રભુ કાજે જીવનમાં હો ઉમળકો ત્યાગ કરવાને
-ઊછળતા ધોધના જેવો પ્રભુ ત્યાં પાસ ઊભો છે.

હરિઃૐ

# સમર્પી દો બધું તેને

તમારું માલિકીનું સૌ જીવનમાં જે તમારું છે,
કશું બાકી ન રાખીને સમર્પી દો બધું તેને.

સહેલું સ્થૂળ સમર્પણ છે, તમારા સર્વ જીવનને,
મનાદિ સાથ સમર્પાતાં, ખરી શરણાગતિ તે છે.

બધુંએ આપતાંયે તો તમારો તે બની જાશે,
હૃદય આશા કદી કાળે ભૂલેચૂકે ન સેવો તે.

ફનાગીરી સમર્પણની પ્રભુ તો સર્વ માગે છે,
બધું દેતાંય શો પાછો કશાથી ના ધરાતો છે.

હરિઃૐ

# પ્રભુના ત્રાજવામાં છે

જીવન સંસાર વ્યવહારે અમે કો' રીત ખપના ના,
છતાં  સંસાર વ્યવહાર અમારે છે જ ખપનો ત્યાં.

પ્રસાદીથી પ્રભુની તે અમોને જે મળેલું છે,
પ્રભુ પ્રીત્યર્થ વપરાતાં જીવનને કેવું વહાલું છે !

જીવનના ન્યાય અન્યાય અમારા જીવવામાં છે,
કદીક અન્યાય દેખીતો જરૂર વર્તાય પ્રત્યક્ષે.

જીવન વહાલો અમારો જે અમારું સર્વ દેખે છે,
જીવન અમ સર્વ હિસાબ પ્રભુના ત્રાજવામાં છે.

હરિઃૐ

## બધો બકવાટ મિથ્યા છે

અમારું બહારનું જીવન વળી અંતરનું જીવન તે,
પરસ્પર શું વિરોધાત્મક અવરને લાગતું તે છે.

અમારું જે જીવન સાચું બધું અંતરનું જીવન તે,
શકે જાણી ન કોઈએ, અવરને ના ગતાગમ છે.

રહ્યું ચેતન બધાં વિશે પૂરેપૂરું ભળેલું છે,
છતાં તેને ન કોઈએ જરા સરખુંય ભાળે છે.

પછી એવા કરે વાતો શી અંતરના જીવનની તે,
બધો બકવાટ મિથ્યા છે, જીવનની ના પડી જેને.

હરિઃૐ

# જીવનની એકધારામાં

મળેલાં જે છીએ તેમાં જરૂર નિમિત્ત હેતુ છે,
નિમિત્ત હેતુ ફળાવાને જીવન બક્ષિસ મળેલું છે.

હૃદય સમજણ ખરેખર તે કૃપાથી શી ઊગી ગઈ છે !
અને એ સમજણે કેવી કળા વર્તનની પ્રગટે છે !

જીવન **આ** તેની પછવાડે કયા સંબંધ કારણ છે,
પ્રકૃતિનાં પડોમાંહી સ્તરો શાં શાથી નીતર્યાં તે.

સળંગ એકધારું છે, નથી તૂટક તૂટક કહીં તે,
જીવનની એકધારામાં અમે **હરિ**ને જ શોધ્યો છે.

હરિ:ૐ

# પરસ્પરમાં ભળી પૂર્ણ

જીવનમાં ક્યાં તમે ને હું, થયો ભેટો કઈ રીતે ?
ફળવવા કર્મ પ્રભુકેરું મદદ પ્રેર્યા કરી શી છે !

તમારાથી દીધી પ્રભુએ મને શી છત્રછાયા તે,
કયા શબ્દોથી વર્ણવું તે ! પ્રભુની મહેરબાની છે.

મને જો ઓથ આપી છે, જરૂરથી યોગ્ય સમજીને,
પ્રીતે તે જાણજો આપી, હૃદય સહકાર પ્રેરીને.

પ્રભુ પ્રીત્યર્થ જે તે સૌ અમારે જીવવાનું છે,
પરસ્પરમાં ભળી પૂર્ણ ચલો **હરિ**ને અનુભવીએ.

હરિઃૐ

## હૃદય સહકાર ખપનો છે

અમારે ને તમારે તે કયા સગપણનો નાતો છે,
તમારી ગણતરી જુદી, અમારો ખ્યાલ ન્યારો છે.

છતાં ભેટો જીવનમાં જ્યાં નિમિત્તે શો થયેલો છે !
સફળ પૂરેપૂરા બનવા હૃદય સહકાર ખપનો છે.

જીવનમાં ના જરૂરી છે હૃદય સંસારી લોકોને,
મહત્ત્વ શી રીતે આપી શકે જીવન વિશે તેને ?

અમારે તોય હૈયામાં મળેલાં સર્વ પ્યારાં છે,
અમારે તેમને હૈયે સતત ચાહ્યાં જ કરવાં છે.

હરિઃૐ

# ચલો, સૌ સાથમાં જીવી

જીવનમાં શી રીતે આવી મળ્યાં છીએ પરસ્પરને !
પ્રભુ શો એકલો સાંકળરૂપે છે, આપણી વચ્ચે !

ગણું પ્રારબ્ધને ના હું, ગણું નિમિત્તને ના હું,
પ્રભુ છે સર્વની સાથે પરસ્પર સંકળાયેલો.

સહુથી મોખરે શ્રેષ્ઠ જીવન ધારી **હરિ**ને શો !
જીવંતા દિલ જો રસને અનુભવવા પડ્યો ચસકો.

જીવનમાં તો પ્રભુને શો છતો કરવા જીવન **આ** છે,
ચલો, સૌ સાથમાં જીવી સ્મર્યા કરીયે **હરિ** દિલ તે.

હરિઃૐ

# ઉમળકો દિલ ઊગે તો

અમારે જીવવું કેમ બીજાં શાને સુઝાડી દો !
અમારે વર્તવું કેમ બીજાં અમને શું સૂચવો છો ?

ક્યાં પરમાર્થનાં કર્મ અમારે જોઈએ કરવાં,
બધાં તે તે તમે સૂચવો, બલિહારી શી એવી ત્યાં !

હૃદયની સહાનુભૂતિ હો અમારાં કર્મ પ્રત્યે જો,
કૃપાથી આપજો પ્રીતે ઉમળકો દિલ ઊગે તો.

અમોને તોળવા શાને નિરર્થક બેસી જાઓ કાં !
તમોને યોગ્ય જો લાગે અમોને તેય મંજૂર ત્યાં.

હરિ:ૐ

# તમે પંચાતમાં અમથા

તમે પંચાતમાં અમથા પડો શાને સમજવાની ?
ન સમજી પૂર્ણ કોઈને શકાશે કોઈ રીતેથી.

સમજવું હોય જો પૂર્ણ સમજી લો દિલમાં નિજને,
જીવન પૂરેપૂરું કોઈ શકે સમજી ન પોતાને.

અવરને તો પછી કેવી રીતે સમજી હૃદય શકશો ?
કૃપાથી તો સમજવાનું અવરને સાવ મૂકી દો.

સમજવાનું મૂકી હૃદયે અવરને ચાહવાનું જે,
થતું હો તો કરી જો જો, ખરું તે કર્મ નક્કર છે.

હરિઃૐ

# સ્પૃહા ને નિસ્પૃહા ઉભય

જગતમાં તો અમે કેવા પૂરા રસથી જ જીવવાના,
બધાં સાથે અમારી શી રીતે ભાવે જ ભળવાના.

સ્પૃહા ને નિસ્પૃહા ઉભય જીવનમાં આચરેલી છે,
બધાં સાથે શી ભળવાની, અમારી રીત ન્યારી છે !

સ્પૃહાની ભાવનાથી તે બધાં સાથે અમે જીવીયે,
અને નિસ્પૃહ પાસું તો કદીક દર્શાવીએ ભાગ્યે.

સ્પૃહા સૌને ગમે તેવી ! હૃદય નિસ્પૃહતા ડંખે,
અમારો ભેખ કિંતુ છે ખરે નિસ્પૃહતાનો તે !

હરિઃૐ

# અમોને માફ સૌ કરજો

જગત વ્યવહારની ભૂલો અમોને માફ સૌ કરજો,
હૃદયની પ્રાર્થના મારી મળેલાં સૌ સ્વજનને છે !

ખરાખોટાતણો ખ્યાલ થવા દેશો ન કો વિશે,
સ્વજનના દિલની આગળ કબૂલ કરી હું દઉં પ્રીતે,

જગત રીતનાં જ નરસાંને, વળી સારાપણું જે જે,
અમારા તે જીવનમાં છે અમેયે માનવી છીએ.

પરંતુ માનવી સાથે ચરણભક્ત અમે શા તે !
અમારું તે જીવનપાસું ખરેખર કોણ નીરખે છે ?

અમારે જીવવાનું છે જગત વ્યવહારમાં ભાવે,
અમારે વર્તવાનું છે ફળે જે રીત પ્રભુ ભાવે.

હરિઃૐ

# હૃદયના ભાવની સંપત

મળેલાં સાથ દિલ પ્રેમે અમારે જીવવાનું છે,
હૃદયના ભાવની સંપત અમારું તે ખરું ધન છે.

મળેલાં કેટલાંકેયે કંઈક સંકોચથી અમને,
ભલે આપેલું હો, કિંતુ અમારે તે ન ખપનું છે.

જીવન સંસ્કાર સિંચનથી હૃદયના ભાવની ખેતી,
કર્યાં કરવાની છે જેની હૃદયની નેમ, ત્યાં પ્રીતિ,

મળેલાંને પ્રભુભાવે કંઈક તલ જેટલાંયે જો,
લવાયે જો ઊંચે તો તે જીવ્યાનું સર્વ સાર્થક છે.

હરિઃૐ

# પ્રકૃતિ ગુણ ને દ્વંદ્વ

અમારે જીવવું ભાવે, તમારે જીવવું અર્થે,
જીવનમાં ભાવ ને અર્થતણો પછી મેળ શેં જામે !

પ્રભુમયના જીવનમાં તો સુમેળ શો બધાંનો છે!
પ્રકૃતિ ગુણ ને દ્વંદ્વ **हरि** પોતે જીવંતો છે.

**हरि** તે વ્યક્ત પામે છે જીવનમાં જ્યાં હૃદય ભાવે,
જીવનનાં સર્વ પાસાંમાં છતો પોતે થયા કરશે.

છતાંયે કેટલાંકેયે જીવન અણજાણ બીજાંથી
-વિતાવ્યાં શું કરેલું છે, કશી પરવા ન એવાને.

હરિઃૐ

## પડો કૂદી જ રળવાને

બધું કરી સદ્‌ગુરુ દેશે હૃદય જો એમ ઇચ્છો છો,
મળી, ભળી ને ગળી જાઓ હૃદયથી સદ્‌ગુરુમાં તો.

મનન ચિંતવન હૃદયમાં તો થતું રહેશે જ સદ્‌ગુરુનું,
સતત દિલ સદ્‌ગુરુમાં શું પરોવાઈ રહેવાનું !

તમારું જો થતું એવું તમે નીરખી શકો પૂરું,
સધાતું કાર્ય પછી જો ના અમારો દોષ કબૂલું હું.

તમે મેદાન જો આવ્યા શહૂર સંપૂર્ણ દાખવીને,
કરી યાહોમ ઝુકાવી પડો કૂદી જ રળવાને.

હરિઃૐ

# તમે નિજનું તપાસી લો.

અવરના દોષ નીરખાતાં હૃદય શાંતિ ન જળવાશે,
અવર વિશે જ મનમાં તે નકારાત્મકપણું જગવે.

ગમે તેવો ભલે દોષ અવરના જીવને છો હો,
પડંતાં કામ તે સાથે તમે નિજનું તપાસી લો.

સંબંધિત કર્મની સાથે ન અંગત તેનું વિચારો,
મહત્ત્વ કર્મને આપી તમારું કર્મ પતવી લ્યો.

હશે જે સંકળાયેલ મળેલાં કર્મ સંગાથે
-ફળવવા કર્મ તે સાથે પૂરી નિસ્બત ધરાવોને.

હરિઃૐ

## મહા સદ્‌ભાગ્ય લક્ષણ તે

અમારે ને તમો વચ્ચે જીભાજોડી નકામી છે,
હવે પાલવવું પડવાનું અમારે સૌ તમારું તે.

તમારું સર્વ જે તે કંઈ અમોને જે મળે તે તે,
ઉમળકાયે જ દિલ હર્ષે હૃદય સત્કારવાનું છે.

કશાની ના અમારે છે, પ્રસાદી પ્રેમની તે તે,
કૃપાથી શી મળેલી છે ! મહા સદ્‌ભાગ્ય લક્ષણ તે !

તમારાથી અમારે તો કમીના કંઈ ન બાકી છે,
ભર્યા ભરપૂર જીવનમાં તમારાથી અમે છીએ.

હરિઃૐ

## અમારું ખુલ્લું છે દ્વાર

મને કોઈ કહે છે કે ફલાણો આવો તેવો છે,
તમે કાં સંગ રાખીને પ્રતિષ્ઠા શેં ગુમાવો છો ?

જીવન ચારિત્ર્ય જેનું ના, બધું કથળેલ જેનું છે,
તમે તેને નવાજો છો, શું બુદ્ધિ ખોઈ નાખી છે ?

અમે બોલાવીયે મેળે ન કોઈને દઈ સાદ,
છતાં જે આવતાં મેળે અમારું ખુલ્લું છે દ્વાર.

અમારો ચાહવાકેરો જીવનનો માત્ર ધંધો તે,
ન સારા કે નઠારાનું અમોને ભાન છે સહેજે.

હરિઃૐ

# જીવનના હેતુને પ્રીછવા

સ્વજન કોઈકને મેં શાં વચન કડવાં કહેલાં છે !
પરંતુ વાસ્તવિકતામાં પૂરેપૂરાં જ સાચાં તે.

સ્વજન સ્વભાવને કેવા નસીબ સંજોગથી મારે,
કદીક કોઈક વેળાયે ટકોર કરવી પડેલી છે.

કહું છું 'દોડકાં કે શું તમારે છોલવાનાં છે ! '
નકામો વેડફી મારો સમય અમથો જીવન શાને ?

જીવનમાં સ્વાર્થમાં માત્ર તમે સબડ્યાં કરો શાને ?
જીવનના હેતુને પ્રીછવા કંઈ તો દિલ પરોવોને ?

હરિઃૐ

# મળે તે સર્વને ચાહવાં

જીવનને ચાહવાનો શો અમે તો ભેખ લીધો છે !
વફાદારી પરત્વે તે બજવવાની અમારે છે.

મળે તે સર્વને ચાહવાં જીવન ધંધો અમારો છે,
સ્વજન દિલનાં અમારાં તે વખા તોયે પડાવે છે.

અમારા દોષ લાખો છો નજરમાં રાખતાં તે તે,
કણાની જેમ આંખોમાં અરે ! કેવા ખૂંચ્યા કરશે !

સ્વજનને તેથી જે સાલે, અમારું દિલ ડંખે છે,
હજારો વાર હું માગું સ્વજનની માફી દિલથી તે.

હરિઃૐ

# અજીઠું ના ખપે તેને

શું વિકસિત તાજગીયુક્ત ખીલેલાં પુષ્પ જીવનને
-ધરી દેતાં, હૃદય જેને ઉમળકો ધોધ ઊછળે છે.

સમર્પણ ભાવ એવાથી જીવન ખીલતું જ શું રહે છે !
કશું સહેજે અજીઠું જે પ્રભુને ના ખપે છે તે.

જગે માલિક તમે જેના ખરી રીતે જ તે સઘળું
-થવું છે જો **હરિ**ભક્ત સમર્પી દો પૂરેપૂરું.

સમર્પણ યજ્ઞમાં ભક્તિ હૃદયભાવેથી આહુતિ,
રજેરજની, પળેપળની, સતત રહેતી શી હોમાતી !

**હરિ**થી કંઈ જ પણ ન્યારું **હરિ**ના ભક્તથી કદીયે
-જીવનમાં ના કશું રહે છે, રસે તરબોળ **હરિ**ના તે.

હરિઃૐ

# હુકમ રાજા અમારો છે

હુકમ રાજા અમારો છે, હુકમને સર્વ અધિકાર
-ઊછળતા દિલના ભાવે અમે બક્ષિસ અર્પી છે.

હુકમ તાબે ભલે, તોયે હુકમ વર્તન વિશે હૃદયે,
-**हरि** રસના સભાનેથી અમે શા રાચતા છીએ !

હુકમ દિલના જ સોદાગરતણી શી ભેટ અમને છે !
હુકમ દિલદારનાં દર્શનતણી છડી શી બજાવે છે !

હુકમથી પ્રેમ સામ્રાજ્ય જીવનમાં પાંગરેલું છે,
હુકમ એ શી અમારે દિલ **हरि** રસની પછેડી છે !

**॥ હરિઃૐ ॥**

(અનુષ્ટુપ)

જીવને પામવાનું જે, તેનું ચિંતવન પ્રેમથી,
ઊંડું કર્યાં કરો હૈયે, વારંવાર સ્મરી સ્મરી.

પ્રભુને સંભારીને ભજે જે પ્રભુને હૃદે,
પ્રભુને આજ કે કાલ, પામવાનો જ નિશ્ચયે.

મહત્ત્વ જીવને પૂરું, હૈયે જીવનને ઊંડું,
જાગજો, જાગજો સાચું, સત્ત્વ જગાડવા ખરું.

પ્રભુનાં કામની પ્રેમે, ધૂંસરી જે વહે ખરે,
પ્રભુ તેને નવાજે છે, સ્વીકારી નિજનો હૃદે.

મળેલાં કર્મ સંસારે, પ્રભુને મોખરે રાખી,
નિરંતર જે પ્રભુ ભજતાં,પ્રસાદી પામતા પ્રભુની.

જીવન ધ્યેયનું **ભાન**, રે'જો જીવંત નિશ્ચલ,
એ પરત્વે ઊંડો ખ્યાલ, રખાજો મુજથી દિલ.

બુદ્ધિ જો હોય કૈં સ્હેજ, એને વાપરવી પદે,
આડીતેડી કશી વાતે એને ના જોડવી ઘટે.

**– શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, ‘હરિઃૐ’ જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** ‘તુજ ચરણે’ તથા ‘મનને’ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે ‘હરિઃૐ’ જપ અખંડ થયો.

**૧૯૨૮ :** ‘તુજ ચરણે’ ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી ’૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-‘જીવનગીતા’

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.



થવા તમને હૃદય દેજો પ્રભુભક્તિ સ્મરણ પ્રભુનું,
પ્રભુ દેજો ખરેખર બળ સ્મરણ પુરુષાર્થ કરવાનું.

સ્મરણ કરીને, સ્મરણ કરીને, સ્મરણ ધન સાચું તે રળજો,
સ્મરણ કેરી કમાણીથી જીવન શું ધન્ય તમ બનજો.

નગદ નાણું સ્મરણ કેવું જીવનમાં કામ આવેલું !
જગત વ્યવહારનું સઘળું સ્મરણથી સૌ પતેલું છે !

જીવનમાં જે કમાયો હું સ્મરણ કેરું નગદ નાણું,
કમાઈને બધું જે તે પ્રભુપદમાં જ મૂક્યું છે.

-શ્રીમોટા

'જીવનસ્મરણ', બીજી આ., પૃ. ૧૧

જીવનસ્મરણ